# આત્મધર્મ

## વર્ષ ૨૩

## સળંગ અંક ૨૭૨

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૭૨

## યાદ આવે છે–ચાર શ્રુતધામ

**જેઠ સુદ પાંચમઃ શ્રુતપંચમીનું મહાન પર્વ.**
**એ પ્રસંગે ચાર પવિત્ર શ્રુતધામનું સ્મરણ થાય છે–**

૧. પહેલું પવિત્ર શ્રુતતીર્થ રાજગૃહીનું વિપુલાચલ...કે જ્યાં વીરપ્રભુએ શ્રુતના ધોધ વહાવ્યા....ને ગણધરદેવે તે ઝીલીને બારઅંગ રૂપે ગૂંથ્યા.

૨. બીજું પવિત્ર શ્રુતતીર્થ ગીરનારની ચંદ્રગૂફા....કે જ્યાં ધરસેનસ્વામીએ પુષ્પદંત-ભૂતબલિ મુનિવરોને અમૂલ્ય શ્રુતવારસો સોંપ્યો


૩. ત્રીજું શ્રુતતીર્થ અંકલેશ્વર....જ્યાં એ જીનવાણી પુસ્તકારૂઢ થઈ; ને ચતુર્વિધસંઘે શ્રુતનો મહોત્સવ કર્યો.

૪. ચોથું શ્રુતતીર્થ મૂડબિદ્રિ....જ્યાં એ જિનવાણી તાડપત્ર ઉપર સુરક્ષિતપણે બિરાજમાન રહી, અને આજે આપણને પ્રાપ્ત થઈ. નમસ્કાર હો એ શ્રુતદાતા સંતોને અને એ જિનવાણી માતાને.

વર્ષ ૨૩ઃ અંક ૮ઃ વાર્ષિક લવાજમ રૂા. ચાર વીર સંવત ૨૪૯૨ જેઠ

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# વૈશાખ સુદ બીજ



વૈશાખ સુદ બીજે સોનગઢમાં આમ્રફળથી ઝૂલતી ૭૭ સુસજ્જિત કમાનો વચ્ચેથી ગુરુદેવ પધારી રહ્યા છે. તેનું દૃશ્ય. ઉપર આમ્રફળ દેખાય છે. નીચે રંગોળી છે. ચિત્રમાં ગુરુદેવ એકલા જ દેખાય છે ને ? પરંતુ બંને બાજુ આપ જરા ઝીણવટથી જોશો તો ભક્તોનાં ટોળેટોળાં હાથ જોડીને ગુરુદેવનાં દર્શન કરી રહેલા દેખાશે.–કદાચ તમે પણ તેમાં હો !

વાર્ષિક લવાજમ
રૂા. ૪

વર્ષ ૨૩
અંક ૭
વીર સં. ૨૪૯૨
જેઠ
( શ્રુતપંચમી )

# કેવળજ્ઞાનને બોલાવીએ છીએ

હે પ્રભો વર્દ્ધમાન જિનેન્દ્ર !

ઋજુવાલિકાનદીના તીરે વૈશાખ સુદ દશમે ક્ષપકશ્રેણી દ્વારા સર્વજ્ઞતાને સાધીને, અષાડ વદ એકમે વિપુલાચલ ઉપર સમવસરણમાં તેનો જે બોધ આપે આપ્યો, ગૌતમસ્વામી-સુધર્મ સ્વામી-જંબુસ્વામી-ભદ્રબાહુસ્વામી-ધરસેનસ્વામી-કુંદકુંદસ્વામી જેવા વીતરાગ સન્તોએ જે બોધ ઝીલીને ભવ્ય જીવોને માટે સંગૃહીત કર્યો, અતુટ પરંપરાદ્વારા સંતોએ સંઘરેલા ને કહાનગુરુ દ્વારા મળેલા તે પવિત્ર બોધદ્વારા આજે અમે પણ આપનાઅતીન્દ્રિય અમૃતની પ્રસાદી પામીએ છીએ. એ અમૃત આપની સર્વજ્ઞતાની પ્રતીત ઉપજાવે છે. પ્રભો ! આપના પ્રત્યે ભક્તિ અને વિનયથી એ સર્વજ્ઞતાની પ્રતીતદ્વારા અમારા આત્મામાં કેવળજ્ઞાનને બોલાવીએ છીએ, અંશદ્વારા અંશીને બોલાવીએ છીએ.

‘पट्‌खंडागम’ ના નવમા પુસ્તકમાં કહ્યું છે કે વિનયવાન શિષ્ય મતિજ્ઞાનના બળે કેવળજ્ઞાનને બોલાવે છે; તેમ વિનયથી આપની સર્વજ્ઞતાના બહુમાન વડે અમે અમારા કેવળજ્ઞાનને બોલાવીએ છીએ.

# જ્ઞાનમહિમાનું ધારી સ્વદ્રવ્ય; તેના સંબધે જ સુખ; પરનાં સંબંધે દુઃખ

[ પરમાત્મપ્રકાશ-પ્રવચન ]

અસંખ્યસમયના ઉપયોગવાળું શ્રુતજ્ઞાન–જે હજી રાગવાળું છે છતાં પણ–અનંત આકાશને લક્ષમાં લઈ લ્યે છે, એટલે એક સમયમાં પણ તે જ્ઞાનમાં અનંત જાણવાની તાકાત છે, રાગવાળા જ્ઞાનમાં પણ જેની આટલી તાકાત તો તે જ્ઞાન રાગ વગરનું થઈને. અપ્રતિબંધપણે પરિણમે ત્યારે તેના અચિંત્ય સામર્થ્યની શી વાત? એ જ્ઞાન ત્રણકાળ ત્રણલોકને જાણી લ્યે એમાં શું આશ્ચર્ય!!

આવું મહાન કેવળજ્ઞાન, તેનો સ્વામી આત્મા તે મહાન પદાર્થ છે. જેના એક જ્ઞાનગુણની એક સમયની આટલી તાકાત, તેનામાં આવા તો અનંતા ગુણો ભરેલા છે. આવા આત્મતત્ત્વનો મહિમા આવતાં પરિણતિ સ્વસન્મુખ થઈને આનંદનો અનુભવ કરે છે.

હવે સ્વસન્મુખ થઈને જે આત્મા આનંદનો અનુભવ કરે છે તેને તેમાં પરદ્રવ્યનું લક્ષ નથી; તેને દુઃખ નથી એટલે પરપદાર્થો તેને દુઃખનાં નિમિત્ત પણ થતાં નથી, તેને તો પર સાથે જ્ઞેય–જ્ઞાયકસંબંધ જ છે. જે જીવ નિજસ્વરૂપથી ભ્રષ્ટ થઈને, પરદ્રવ્યના આશ્રયે રાગદ્વેષમોહથી દુઃખરૂપે પરિણમે છે તેને જ પરદ્રવ્ય દુઃખનું નિમિત્ત છે. દુઃખનો સંબંધ પર સાથે છે, સુખનો સંબંધ પોતાના આત્મા સાથે છે. પરમાં ઉપયોગ જોડતાં દુઃખ થાય છે, ને આત્મામાં ઉપયોગ જોડતાં સુખ થાય છે.

અરે જીવ! પરદ્રવ્યનો સંબંધ તને દુઃખનું કારણ થાય છે ને સુખ તો સ્વદ્રવ્યમાં એકાગ્રતાથી જ થાય છે,–આમ જાણીને તું પરનો સંબંધ છોડીને નિજશુદ્ધાત્મામાં એકાગ્ર થઈને મોક્ષમાર્ગમાં સ્થિત થા.

દુઃખનું કારણ શું?

કે સુખસ્વરૂપ સ્વદ્રવ્યને ભૂલીને પરનો સંબંધ તે જ દુઃખનું કારણ.

સુખનું કારણ શું? સુખનો ઉપાય શું?

કે સુખ જેમા ભર્યું છે એવું જે સ્વદ્રવ્ય, તેમાં અંતર્મુખ થઈને પરનો સંબંધ તોડવો તે જ સુખનું કારણ ને સુખનો ઉપાય છે.

સ્વદ્રવ્યાશ્રિત સુખ કહો કે સ્વદ્રવ્યાશ્રિત મોક્ષમાર્ગ કહો; ને પરદ્રવ્યાશ્રિત દુઃખ કહો કે પરદ્રવ્યાશ્રિત બંધમાર્ગ કહો. લ્યો, આ ટૂંકમાં બંધ–મોક્ષનો સિદ્ધાંત. જેટલો સ્વસ્વભાવનો આશ્રય તેટલો મોક્ષમાર્ગ; જેટલો પરદ્રવ્યનો આશ્રય તેટલું બંધન; જેટલો સ્વાશ્રયભાવ તેટલું સુખ; જેટલો પરાશ્રયભાવ તેટલું દુઃખ જેટલો સ્વાશ્રયભાવ તેટલી શુદ્ધતા; જેટલો પરાશ્રિતભાવ તેટલી અશુદ્ધતા.

વાહ, કેટલી ચોકખી અને સીધી વાત છે!

આ સમજીને હે જીવ! મોક્ષને અર્થે તું અંતરમાં તારા શુદ્ધાત્મસ્વભાવનો સંબંધ કર.....અંતર્મુખ પરિણતિ વડે એની ભાવના કર.....રત્નત્રયની ભાવના વડે મોક્ષમાર્ગમાં લાગ. અંતરદ્રષ્ટિ વડે તારા ઉત્કૃષ્ટ પરમ સ્વરૂપમાં તું સંબંધ જોડ તો તારું પરિણમન પણ તે તરફ વધી વધીને ઉત્કૃષ્ટ આનંદરૂપ થઈ જશે.

અરે જીવ! તું પરમેષ્ઠી પદને પામ એવી વાત અમે તને સંભળાવીએ છીએ, તું તે સાંભળ! જગતના છએ દ્રવ્યોને જાણનારો તારો ઉત્કૃષ્ટ જ્ઞાનસ્વભાવ છે, તેના શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્રરૂપ પરિણમન કરતાં હું પરમ–ઇષ્ટ એવા સિદ્ધપદને પામીશ.

* હે વત્સ! તારે આત્માને સાધવો છે?

હા.

* તો કોની પાસે જઈને આત્માને સાધીશ?

મારા સ્વભાવની સન્મુખ થઈને આત્માને સાધીશ.

* સ્વભાવની સન્મુખ કઈ રીતે થઈશ?

સ્વભાવને પરથી અત્યંત જુદો જાણીને અને નિજ સામર્થ્યનો અચિંત્ય મહિમા લાવી લાવીને વારંવાર અંતરપ્રયત્ન કરીને સ્વભાવસન્મુખ થઈશ. જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરીને જ્ઞાનને અંતરમાં વાળીશ. જગતની રુચિ છોડીને અને સ્વભાવની પરમ રુચિ કરીને સ્વસન્મુખપરિણતિ કરીશ.

* મુખ્ય કામ કયું છે?

સ્વભાવનો સાધવો એ એક જ મારું મુખ્ય કામ છે

# આત્માનું જોર

**કર્મનું જોર છે-એમ કહીને ઘણા જીવો અટકી જાય છે; સંતો તેને કહે છે કે ભાઈ! કર્મનું જોર આવ્યું ક્યાંથી? તારા ઊંધા પરિણામમાંથી; માટે ખરેખર તારા પરિણામનું જોર છે, કર્મનું નહીં; એમ પરિણામની સ્વાધીનતા જાણીને, સ્વસન્મુખ પરિણામથી શુદ્ધાત્માને ઉપાદેય કરતાં મોક્ષમાર્ગ પ્રગટે છે.**

શાસ્ત્રમાં કર્મનું જોર કહ્યું હોય તે એમ સૂચવે છે કે જીવના ભાવમાં મિથ્યાઅભિપ્રાયનું તીવ્ર સેવન છે ને તે જ તેની શક્તિને રોકે છે. શુદ્ધઆત્મતત્ત્વ ઉપાદેય કરવાનો સન્તોનો ઉપદેશ છે, એટલે સ્વપુરુષાર્થથી સ્વસન્મુખ પરિણામવડે જેણે શુદ્ધાત્માને દ્રષ્ટિમાં ને અનુભવમાં લીધો તેને નિમિત્તપણે કર્મનું જોર રહેતું નથી. ને વિકારભાવો પણ છૂટી જાય છે; આ રીતે શુદ્ધાત્માને ઉપાદેય કરવો તે જ મોક્ષમાર્ગ છે.

卐

(પરમાત્મપ્રકાશ ગા. ૭૮ ના પ્રવચનમાંથી)

જે પરિણામ અંતર્મુખ થઈને પોતાના આત્મસ્વભાવને જાણે-પ્રતીતમાં લ્યે ને અનુભવ કરે તે પરિણામની જ ધર્મીને ખરી કિંમત છે. એ સિવાય શુભરાગની કે બહારના જાણપણાની કિંમત જ્ઞાનીને નથી. જેનાથી મોક્ષમાર્ગ ન સધાય ને જેમાં આત્માનાં આનંદનો અનુભવ ન થાય તેની શી કિંમત? સમ્યગ્દર્શનાદિ તે પરિણામ જ ખરેખર કિંમતી છે કે જેનાથી મોક્ષમાર્ગ સધાય છે-ને જેમાં આત્માના આનંદનો અનુભવ છે. આ સિવાય બહારના સંયોગની, વાણીના વિલાસની, વિકલ્પોની કે બીજા જાણપણાની મહત્તા જેને લાગે તેને ચૈતન્યસ્વભાવની મહત્તાની ખબર નથી, તે બહારના મહિમામાં

રોકાઈ રહે છે પણ પરિણામને અંતરમાં વાળીને આત્માનો અનુભવ કરતો નથી. સ્વભાવની મહત્તા આવ્યા વગર પરિણામ એમાં વળે ક્યાંથી? જેને જેની ખરી મહત્તા લાગે તેના પરિણામ તેમાં વળે.

કોઈને પૂર્વ ભવની કંઈક સાધારણ વાત યાદ આવે ત્યાં તો સામાન્ય લોકોને બહુ આશ્ચર્ય થઈ જાય છે. પણ ભાઈ, ચૈતન્યના જ્ઞાનની કોઈ અગાધ તાકાત છે, અસંખ્ય વર્ષોનું તો શું પણ અનંતકાળનું જાણી લ્યે એવી તાકાત આત્મામાં ભરી છે. આત્માની ચૈતન્યજાતને જાણે તે ખરા વિચક્ષણ છે ને તેની ખરી મહત્તા છે. પણ એ અંતરની વાત જીવોને લક્ષમાં આવતી નથી.

આત્માને ભૂલીને મિથ્યાત્વના તીવ્ર સેવનથી અજ્ઞાની તીવ્ર કર્મો બાંધે છે; જીવ તો જ્ઞાનવિચક્ષણ છે એટલે વિશિષ્ટ જ્ઞાનશક્તિનો ધારક છે, પણ પોતે પોતાનું સ્વરૂપ ભૂલીને, દેહ તે હું ને રાગ તે હું–એમ જોરપૂર્વક ઊંધા અભિપ્રાયને સેવે છે તેથી બળવાન ચીકણાં દ્રઢ કર્મ તેને બંધાય છે. જુઓ, જેટલું ઊંધા અભિપ્રાયનું જોર હતું તેટલા જોરદાર કર્મો બંધાયા; એટલે ખરેખર કર્મનું જોર ન આવ્યું પણ જીવના ઊંધા અભિપ્રાયનું જોર આવ્યું. ત્યારે નિમિત્તપણે કર્મ બંધાયા તે જીવની શક્તિને રોકવામાં નિમિત્ત થાય છે. પણ ઊંધા અભિપ્રાયના જોરથી બંધાયેલાં દ્રઢ–ચીકણાં કર્મોને સમ્યક્ત્વ પરિણામના બળે જીવ ક્ષણમાં તોડી નાંખે છે. સમ્યક્ત્વના પરિણમનથી જીવ આઠે દુષ્ટ કર્મોનો ક્ષય કરી નાંખે છે–એ વાત તો પહેલાં જ બતાવી છે.

અજ્ઞાનીને દ્રઢ–ચીકણાં–બળવાન–વજ્રજેવાં જે કર્મો બંધાયા તે શાથી બંધાયા? કે ઊંધા–મિથ્યાઅભિપ્રાયના તીવ્ર સેવનથી એવાં કર્મો બંધાયા. તીવ્ર વિરુદ્ધ ભાવ વગર તીવ્ર કર્મો બંધાય નહિ. કર્મો જીવના ભાવઅનુસાર બંધાય છે. અહો, અનંત ચૈતન્યશક્તિનો ધારક આ વિલક્ષણ આત્મા, તેણે પોતે પોતાની વિરાધનાથી બાંધેલા કર્મોએ તેનું આચ્છાદન કર્યું છે; પણ જો અંતર્મુખ થઈને પોતે શુદ્ધાત્માને ઉપાદેય કરે તો કર્મો પણ નષ્ટ થઈ જાય છે. કર્મનું જોર ક્યારે કહ્યું? કે જીવે વિપરીતભાવનું તીવ્ર સેવન કર્યું ત્યારે તેનાથી જે કર્મો બંધાયા તેનું જોર કહ્યું, ને કર્મે જીવને પાડયો એમ નિમિત્તથી કહ્યું, પણ જીવના ઊંધા પરિણામ વગર કોઈ તેને પાડી શકે નહિ. શુદ્ધ–અભેદ રત્નત્રયરૂપ જે મોક્ષમાર્ગ તેનાથી જીવ પોતે ભ્રષ્ટ થયો ને ઊંધા ભાવને સેવ્યા ત્યારે જ કર્મને જોર મળ્યું. કર્મમાં જોર આવ્યું ક્યાંથી? કે જીવે ઊંધા ભાવથી મિથ્યાત્વાદિનું સેવન કર્યું. તેમાંથી કર્મમાં જોર આવ્યું. એટલે જીવના ઊંધા ભાવનું જોર અને કર્મ એ બંનેને એક ગણીને કહ્યું કે કર્મે જીવને નિજશક્તિથી ચ્યુત કર્યો ને

રખડાવ્યો. જીવ કાંઈ પોતે પોતાના સ્વભાવથી ન રખડે, એટલે તે સ્વભાવને જાુદો રાખીને, જે ઊંધાભાવ છે તેને કર્મમાં નાંખી દીધા ને કર્મનું જોર કહ્યું. પણ કર્મને બળવાન થવામાં ભૂલ તો જીવની પોતાની છે. પોતે પોતાના સ્વભાવની કિંમત ન જાણતાં, બહારના અલ્પ જાણપણામાં કે શુભરાગમાં અટકીને તેની જ મહત્તા માની, તે મિથ્યાઅભિપ્રાયને લીધે કર્મમાં તીવ્ર રસ પડયો; અને તે કેવળજ્ઞાનાદિને રોકવામાં નિમિત્ત થયું. પણ જો પોતે પોતાના સ્વભાવને ઉપાદેય કરીને પોતાનું જોર પ્રગટ કરે તો કર્મનું જોર તૂટી જાય છે ને જીવના કેવળજ્ઞાનાદિ અનંતગુણો પ્રગટે છે.

કર્મનું જોર ક્યારે? કે તેં ઊંધા ભાવથી તેને નિમિત્ત બનાવ્યું ત્યારે; પણ જો તું પોતે તારા સ્વભાવને ઉપાદેય કરીને અનુભવમાં લે ને કર્મને ભિન્ન જાણ, તો નિશ્ચયમોક્ષમાર્ગ પ્રગટે, ને અશુદ્ધતાનો તથા કર્મનો સંબંધ નાશ થાય.

આ રીતે શુદ્ધતામાં ને અશુદ્ધતામાં બંનેમાં જીવનો પોતાનો અધિકાર છે. તેં પરભાવને અને કર્મને ઉપાદેય માન્યા ત્યારે તે તરફ તારું જોર વળ્યું એટલે તેને જોરદાર કહ્યા; તું તારા સ્વભાવને ઉપાદેય કર તો તારું જોર સ્વભાવ તરફ વળે; એટલે સ્વભાવના પુરુષાર્થરૂપ મોક્ષમાર્ગ પ્રગટે, ને કર્મનું કે વિકારનું જોર તૂટી જાય. આ રીતે બંધમાર્ગમાં કે મોક્ષમાર્ગમાં આત્માનું જ જોર છે. બંધમાર્ગમાં જીવના ઊંધા પરિણામનું જોર છે, ને મોક્ષમાર્ગમાં જીવના સમ્યગ્દર્શનાદિ સવળા પરિણામનું જોર છે.

અહા, ચૈતન્યતત્ત્વની અચિંત્ય તાકાત!! તેના અનુભવ પાસે શાસ્ત્રોનાં ભણતરનીયે કાંઈ કિંમત નથી. વ્યવહારનાં જાણપણાં કે વ્યવહારના શુભઆચરણ, એનાથી પર ચૈતન્યનો માર્ગ છે. આવા ચૈતન્યતત્ત્વને અંતરની અભેદદ્રષ્ટિમાં ને અનુભવમાં લેવું તે જ મોક્ષમાર્ગ છે.

**લોભીયા માણસ પાસે જવું લક્ષ્મીને ગમતું નથી,-કેમકે તે તેને જેલમાં પૂરી રાખે છે, ક્યાંય જવા દેતો નથી.**

**ઉદાર માણસ પાસે જવું લક્ષ્મીને ગમે છે,-કેમકે તે તેને છૂટથી હરવાફરવા દે છે, જેલમાં પૂરી રાખતો નથી.**

卐

પરમ શાંતિદાતારી

# અધ્યાત્મભાવના

આત્મધર્મની સહેલી લેખમાળા

[ લેખ નં. ૩૬ અંક ૨૭૧ થી ચાલુ ]

卐

**ભગવાન શ્રી પૂજ્યપાદસ્વામીરચિત 'સમાધિશતક' ઉપર પૂ. ગુરુદેવના અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.**

## વીર સં. ૨૪૮૨ અષાડ વદ પાંચમ

( ગાથા ૬૬ ચાલુ )

ધર્મી અંતરાત્મા જાણે છે કે હું જ્ઞાન ને આનંદ સ્વરૂપ છું, આ જડ શરીર હું નથી. દેહના નાશથી મારો નાશ નથી. જેમ શરીરને વસ્ત્રની સાથે એકતાનો સંબંધ નથી તેમ આત્માને દેહની સાથે એકતાનો સંબંધ નથી. જેમ વસ્ત્ર જેમ વસ્ત્રના ફાટવાથી શરીર ફાટતું નથી, વસ્ત્ર નવું આવતાં શરીર નવું થતું નથી, વસ્ત્રનો નાશ થતાં શરીરનો નાશ થતો નથી કે વસ્ત્રના રંગથી શરીર રંગાતું નથી; તેમ ચૈતન્યમૂર્તિ આત્માને આ શરીર તો ઉપરના વસ્ત્ર જેવું છે; તે શરીરની જીર્ણતા થતાં આત્મા જીર્ણ થતો નથી, શરીર નવું થતાં આત્મા નવો થતો નથી, શરીરના નાશથી આત્માનો નાશ થતો નથી, કે શરીરના રંગથી આત્મા કાંઈ કાળો-રાતો રંગરૂપ થતો નથી; આત્મા તો શરીરથી જુદો જ રહે છે. શરીર છૂટી જાય છે પણ જ્ઞાન કદી આત્માથી છૂટું પડતું નથી, માટે જે જુદું પડે તે આત્માનું શરીર નહિ; આ જડ શરીર આત્માનું નથી. આત્મા ચૈતન્યશરીરી છે, તે ચૈતન્યશરીર આત્માથી કદી જુદું પડતું નથી. આવી ભિન્નતાના ભાનમાં ધર્મીને શરીરના વિયોગમાં દુઃખ થતું નથી, અર્થાત્ મરણનો પ્રસંગ આવતાં 'હું મરી જઈશ' એવો મરણનો ભય તેને થતો નથી. તે જાણે છે કે મારું ચૈતન્યશરીર અવિનાશી છે, વજ્રપાત થવા છતાં મારા ચૈતન્ય-શરીરનો વિનાશ થતો નથી, મારૂં ચૈતન્ય-શરીર અવધ્ય છે. તે કોઈથી હણી શકાતું નથી. આવી દ્રષ્ટિમાં ધર્માત્માને મરણની બીક નથી. જગતને મરણની બીક છે, પણ જ્ઞાનીને તો ચૈતન્યલક્ષે સમાધિ જ છે......એને તો આનંદના મહોત્સવ મંડાય છે. જીવનમાં જેણે જુદા ચૈતન્યની ભાવના ભાવી હશે તેને મરણ ટાણે

તેનું ફળ આવીને ઊભું રહેશે. પણ જીવનમાં જેણે ચૈતન્યની દરકાર કરી નથી, દેહને જ આત્મા માનીને વિષયકષાયો પોષ્યાં છે તે દેહ છૂટવા ટાણે કોના જોરે સમાધિ રાખશે? અજ્ઞાની તો અસમાધિપણે દેહ છોડે છે. જ્ઞાનીએ તો પહેલેથી જ દેહને પોતાથી જુદો જાણ્યો છે, એટલે તેને ચૈતન્યલક્ષે સમાધિમરણે દેહ છૂટે છે. એકવાર પણ આ રીતે ચૈતન્યલક્ષે દેહ છોડે તો ફરીને દેહ ધારણ કરવો ન પડે, એક બે ભવમાં જ મુક્તિ થઈ જાય.

જુઓ, જ્ઞાનીને કે અજ્ઞાનીને બંનેને દેહ તો છૂટે જ છે, પણ જ્ઞાનીએ દેહને જુદો જાણ્યો છે એટલે તેને ચૈતન્યલક્ષે દેહ છૂટી જાય છે, તેને મરણનો ભય નથી. અને અજ્ઞાનીએ તો આત્માને દેહરૂપે જ માન્યો છે એટલે તેને શરીરના લક્ષે શરીર છૂટી જાય છે, ત્યાં 'મારું મરણ થયું' એવો ભય તેને છે. આત્મસ્વભાવના અનુભવ વગર મરણનો ભય કદી ટળે નહિ.

લોકો નીતિ વગેરે ખાતર પણ શરીર જતું કરે છે. જેને માંસભક્ષણ વગેરેનો ત્યાગ છે એવો આર્યમાણસ દેહ જાય તોપણ માંસભક્ષણ કરે નહિ. કોઈ વાર એવો પ્રસંગ આવી પડે કે કોઈ દુષ્ટ માણસ તેને પકડીને કહે કે તું મારી સાથે માંસભક્ષણ કર, નહિ તો હું તારા શરીરના કટકા કરી નાંખીશ.–તો ત્યાં તે આર્યમાણસ શું કરશે? શરીર જતું કરશે પણ માંસભક્ષણના પરિણામ નહિ જ કરે. એ જ પ્રમાણે જે બ્રહ્મચારી છે તે શરીર જતાં પણ અબ્રહ્મચર્ય નહિ સેવે.–આ રીતે હિંસા અબ્રહ્મ વગેરે અનીતિને છોડવા માટે દેહ પણ જતો કરે છે, અને ત્યાં દેહ જતો કરવા છતાં ખેદ થતો નથી. જો ખેદ થાય તો તેણે ખરેખર હિંસાદિને છોડયા નથી. હવે શરીર જતાં પણ ખેદ ન થાય–એમ ક્યારે બને? કે શરીરથી ભિન્ન ચૈતન્યતત્ત્વને લક્ષમાં લીધું હોય તો જ શરીરને જતું કરી શકે. શરીરને જ જે પોતાનું માને છે તે શરીરને ખેદ વગર જતું કરી શકે જ નહિ. આ રીતે દેહ અને આત્માની ભિન્નતાના ભેદજ્ઞાનપૂર્વક જ દેહની મમતા છૂટી શકે છે ને વીતરાગભાવરૂપ સમાધિ થાય છે. સમાધિ એટલે વીતરાગી આત્મશાંતિ–તેનું મૂળ ભેદ–જ્ઞાન છે. પર સાથે એકત્વબુદ્ધિરૂપ મમતા હોય ત્યાં સ્વમાં એકાગ્રતારૂપ સમાધિ હોતી નથી. તેથી આચાર્યદેવે ભેદજ્ઞાનની ભાવના વારંવાર ઘૂંટાવી છે.

પોતે જેમાં ઉપયોગ જોડે તેમાં એકાગ્રતા કરી શકે છે.

જુઓ, રાજા રાવણ જૈનધર્મી હતા; રામ લક્ષ્મણ સાથેની લડાઈ વખતે જ્યારે બહુરૂપિણી વિદ્યા સાધે છે ત્યારે કોઈ આવીને તેને ડગાવવા માંગે છે; ત્યાં માયાજાળથી એવો દેખાવ ઊભો કરે છે કે રાવણની સામે તેના પિતાને મારી નાંખે છે, ને રાવણની માતા રૂદન કરે છે કે અરે બેટા રાવણ! આ તારા જેવો પુત્ર બેઠા છતાં આ દેવ તારા પિતાને મારી નાંખે!! વળી રાવણના શરીર ઉપર મોટા સર્પો અને વીછી ચડે છે....છતાં રાવણ ધ્યાનથી

ડગતો નથી......ને અંતે વિદ્યાને સાધે છે. વિદ્યા સાધવા માટે ધ્યાનની આવી એકાગ્રતા છે. જુઓ, સાધારણ લૌકિક વિદ્યા સાધવા માટે પણ આટલી દ્રઢતા, તો આત્માને સાધવા માટે કેટલી દ્રઢતા હોય!! શાસ્ત્રકાર તો કહે છે કે અહો! જેવી ધ્યાનની દ્રઢતા આ વિદ્યા સાધવા માટે કરી તેવી દ્રઢતા જો મોક્ષને માટે આત્મધ્યાનમાં કરી હોત તો ક્ષણમાં તે આઠે કર્મો ભસ્મ કરીને કેવળજ્ઞાન અને મોક્ષદશાને પામી જાત. આ રીતે આત્મામાં એકાગ્રતાના અભ્યાસવડે પરમ સમાધિ થાય છે.

અહા, મુનિઓ સંસારની મમતા છોડીને આત્મામાં એકાગ્રતાવડે નિજપદમાં ઝુલે છે, તેમને પરમ સમાધિ વર્તે છે. સિંહ ભલે શરીરને ફાડી ખાતો હોય કે શાંત થઈને ભક્તિથી જોતો હોય–પણ મુનિને સમભાવરૂપ સમાધિ છે. સમ્યગ્દ્રષ્ટિને ચૈતન્ય સ્વભાવની વીતરાગીદ્રષ્ટિ થઈ છે તેટલી સમ્યગ્દર્શનરૂપ સમાધિ છે, પણ જેટલા રાગદ્વેષ છે તેટલી અસમાધિ છે, તેટલી શાંતિ લૂંટાય છે. અજ્ઞાનીને તો વીતરાગી સમભાવના પરમ સુખની ખબર જ નથી, તેણે સમાધિ સુખ ચાખ્યું નથી.

અહા, મોક્ષને સાધનારા મુનિઓની સમાધિની શી વાત! મોટા મોટા રાજકુમારો પણ મુનિઓની એવી ભક્તિ કરે કે અહા! ધન્ય! ધન્ય! તારા અવતાર! આપ મોક્ષને સાધી રહ્યા છો. તિષ્ઠ તિષ્ઠ કહીને આમંત્રણ કરે અને પગ લૂછવા માટે બીજું વસ્ત્ર ન હોય ત્યાં તે રાજકુમાર પોતાના ઉત્તમ વસ્ત્રથી તે મુનિના ચરણ લૂછે છે. આવી તો ભક્તિ! તે રાજકુમાર પણ સમકિતી હોય. હજી તો પચીસ વર્ષની ઊગતી જુવાની હોય છતાં ગુણના ભંડાર હોય ને વૈરાગ્યના રંગે રંગાયેલા હોય.....અહો! અમે આવા મુનિ થઈએ એ દશાને ધન્ય છે!! દેહને સ્વપ્નેય પોતાનો માનતા નથી.

શ્રેણીકરાજા ક્ષાયિક સમકિતી હતા....તેઓ પોતાના રાજભંડારના રત્નોને તો પત્થર સમાન માનતા હતા, ને મુનિઓના રત્નત્રયને મહા પૂજ્ય રત્ન માનીને તેમનો આદર કરતા હતા. યોગી–મુનિઓના અતીન્દ્રિય આનંદ પાસે વિષયભોગોને વિષ જેવા માનતા હતા. "ભગવાન પધાર્યા" એવી વધામણી જ્યાં માળીએ આપી ત્યાં એક રાજચિહ્ન સિવાય શરીર ઉપરના કરોડોની કિંમતના બધા દાગીના તેને વધાઈમાં આપી દીધા....ને સિંહાસન ઉપરથી તરત ઊભા થઈને ભગવાનની સન્મુખ સાત પગલાં જઈને નમસ્કાર કર્યા; આવી તો સર્વજ્ઞપરમાત્મા પ્રત્યે ભક્તિ અને બહુમાન! તે શ્રેણીકરાજા ભવિષ્યમાં તીર્થંકર થવાના છે. પહેલાં મુનિની વિરાધના કરેલી તેથી નરકનું આયુષ્ય બંધાઈ ગયું, ને તેથી અત્યારે નરકમાં છે. છતાં ત્યાંપણ સમ્યગ્દર્શનના પ્રતાપે દેહથી ભિન્ન ચૈતન્ય તત્ત્વનું ભાન વર્તે છે. આ દેહ હું નહિ, હું તો ચૈતન્યસ્વરૂપ આત્મા છું–એવું ભેદ–

જ્ઞાન ત્યાં પણ તેમને વર્તે છે; ને તેટલી સમાધિ ત્યાં નરકમાં પણ તેને છે.

આ રીતે અંતરાત્મા પોતાના આત્માને દેહાદિથી ભિન્ન જાણીને આત્માની જ ભાવના ભાવે છે; તેથી મૃત્યુ પ્રસંગે પણ આત્મભાવનાપૂર્વક તેમને સમાધિ રહે છે.

॥ ૬૩–૬૬ ॥

## જગતમાં સૌથી સુન્દર નગરી

લંકાવિજય પછી જ્યારે અયોધ્યામાં રામ–લક્ષ્મણનો રાજ્યાભિષેક થયો ત્યારે સૌને ઈચ્છિત પુરસ્કાર આપ્યો; ભરતને પણ પૂછયું કે બંધુ! તારે કઈ નગરી જોઈએ છે?

ત્યારે વૈરાગી ભરત કહે છે: બંધુવર! મારે મોક્ષનગરી જોઈએ છે; હું મોક્ષનગરીને મારી સ્થાયી રાજધાની બનાવવા માંગું છું.

રામ કહે છે–બંધુ! ત્યાં તો પછી આપણે બંને સાથે જઈશું; પરંતુ અત્યારે હું તને કોઈ સુંદર નગરી આપવા ઈચ્છું છું.

ભરત કહે છે–ભાઈ! મોક્ષનગરીએ જવામાં વળી બીજાની સોબત કેવી? ત્યાં તો જીવ એકલો જ જાય છે, બીજાનો સંગ હોતો નથી. અને એ મોક્ષનગરી કરતાં સુંદર બીજી કોઈ નગરી નથી કે જેની મને ઈચ્છા હોય! મોક્ષનગરી એ જ સાચું શાશ્વતધામ છે, એના સિવાય મૃત્યુલોકની બધી નગરી તો નાશવંત અને ભાડુતી ઘર સમાન છે.–હું તો મોક્ષનગરીના જ રાહે જવા ઈચ્છું છું. મોક્ષનગરી એ જ જગતમાં સૌથી સુન્દર નગરી છે.

( ‘सम्मति’ મરાઠીના આધારે )

# મોક્ષમંદિરનું ઉદ્‌ઘાટન કરીને તેમાં ધર્માત્મા શુદ્ધાત્મારૂપ સમયસારને સ્થાપે છે

卐 ( વૈશાખ વદ આઠમના પ્રવચનમાંથી ) 卐

* આત્માનું હિત થાય એવો ઈષ્ટ ઉપદેશ શ્રી ગુરુ આપે છે.

* જે જીવ પોતે આત્માના સત્ સુખનો ખરો અભિલાષી ન થાય, ને અંતર્ આત્મશોધમાં પોતે ન વર્તે, તો ગુરુનો ઉપદેશ તેને શું કરે ?

* અરે, પરમાં સુખ કલ્પીને ત્યાં ફાંફાં મારવામાં અનંતકાળ ગુમાવ્યો, પણ સુખ ન મળ્યું; મારું સુખ તો મારામાં છે, માટે મારા સ્વરૂપમાં વળીને સુખ શોધું–આમ જેને સ્વના સત્‌સુખની અભિલાષા થઈ છે ને પરસુખની કલ્પના છૂટી ગઈ છે– એવો જીવ વૈરાગી થઈને સ્વભાવસુખને વારંવાર ભાવે છે. ને એ રીતે પોતે ભાવનાવડે આત્માનું પરમ ઈષ્ટ–સુખ પ્રાપ્ત કરે છે. એટલે પરમાર્થે તે પોતે પોતાનો માર્ગદર્શક ગુરુ છે.

* પહેલાં તો જીવ પોતે મોક્ષસુખનો અભિલાષી થાય, તેનો સાચો ઉપાય જાણે, ને અંતરની ભાવનાવડે તે ઉપાયના પ્રયત્નમાં વર્તે, ત્યારે આત્મા પોતે પોતાને મોક્ષના માર્ગે દોરી જનાર ગુરુ છે. પોતે માર્ગ ન જાણે ને સુખના માર્ગે પોતાના આત્માને પોતે ન લઈ જાય તો બીજા ગુરુ તેને શું કરવાના છે ?

* ગુરુએ તો માર્ગનો ઉપદેશ આપ્યો, પણ તે માર્ગને અનુસરશે કોણ ? જીવ પોતે તે પ્રયત્નથી તે માર્ગને અનુસરશે ત્યારે તે સુખ પામશે; ને ત્યારે બીજા ગુરુ તેના નિમિત્ત કહેવાશે. આ રીતે પરમાર્થથી તો આત્મા પોતે જ પોતાને સુખમાર્ગે દોરી જનારો ગુરુ છે. બીજા ગુરુ આને મોક્ષમાર્ગે લઈ જાય–એમ કહેવું તે તો વ્યવહાર છે, નિમિત્તમાત્ર છે–કેવું ? કે ગતિમાં ધર્માસ્તિકાય જેવું.

* આત્માના સત્‌સુખનો જે અભિલાષી થાય તેને જગતસંબંધી બીજી અભિલાષા

અંતરમાં ન હોય. જગતના માનની સ્પૃહા એને ન હોય. એક ધર્માત્માને કહ્યું “તમને આવું અનેક ભવનું જ્ઞાન આવી પવિત્રતા, તે લોકમાં જરાક પ્રસિદ્ધ થાય....તો.....” ત્યાં તો સહજ ભાવે તે ધર્માત્મા બોલ્યા– “જગતમાં બહાર પડીને શું કામ છે!” આહા! જુઓ, વૈરાગ્ય! અરે, અમારાં સુખ તો અમારી પાસે છે ને અમારા ઉપાયથી જ તે મળે છે. બહારમાં સુખ નથી ને બહારના ઉપાયથી પણ સુખ નથી. અંતરમાં અમારા સુખનો ઉપાય વર્તી રહ્યો છે, ત્યાં જગતને દેખાડવાનું શુ કામ છે! પોતાનું કામ પોતામાં થઈ જ રહ્યું છે. જુઓ, તો ખરા! કેટલી નિસ્પૃહતા! પોતાને પોતામાં સમાવાની ભાવના છે.

* અહા, પોતાના આત્માના મોક્ષસુખની જ જેને તાલાવેલી છે, તે તેના ઉપાયને જાણીને તેના પ્રયત્નમાં પ્રવર્તે છે, ને તેને મોક્ષમંદિરનું ઉદ્ઘાટન થાય છે, તેના આત્મામાં શુદ્ધઆત્મારૂપ સમયસારની સ્થાપના થાય છે. જુઓ, આજે સ્વાધ્યાયમંદિરનું ઉદ્ઘાટન ને સમયસારની પ્રતિષ્ઠાનો દિવસ છે. તેમાં અહીં ધર્માત્મા મોક્ષમાર્ગના મંદિરનું ઉદ્ઘાટન કરીને, આત્મામાં શુદ્ધ સમયસારની સ્થાપના કરે છે–તેની આ વાત છે.

* સુખનો અભિલાષી થઈને તેનો માર્ગ આત્મા પોતે શોધે છે, ને ત્યારે બીજા ધર્માત્મા–ગુરુ તો ગતિમાં ધર્માસ્તિકાયવત્ નિમિત્તમાત્ર છે. જે સ્વયં અજ્ઞાની છે તેને બીજાવડે જ્ઞાની કરી શકાતો નથી. તે સ્વયં જાગીને મોક્ષમાર્ગમાં ગમન કરે તો ધર્માત્મા ધર્માસ્તિકાયની માફક તેને ઉદાસીન નિમિત્ત છે. પણ જે જીવ સ્વયં પોતે મોક્ષમાર્ગમાં ગમન કરતો નથી તેને કાંઈ પરાણે ગુરુ જ્ઞાન કરાવી શકતા નથી,–જેમ સ્થિર રહેલા પદાર્થને ધર્માસ્તિકાય કાંઈ પરાણે ગતિ કરાવતું નથી તેમ.

* જે જીવ જગતની સ્પૃહા છોડી, આત્મસુખનો અભિલાષી થઈ સ્વભાવસન્મુખ ઉદ્યમ વડે મોક્ષસુખ સાધવા નીકળ્યો તેને ગુરુનો ઇષ્ટ ઉપદેશ નિમિત્ત છે. તેવા ગુરુ–ધર્માત્માઓ પ્રત્યે તેને ભક્તિ બહુમાન–વિનય વગેરે ભાવો હોય છે. પણ કાર્યની ઉત્પત્તિ તો પોતાના ઉપાદાનના સ્વાભાવિક ગુણવડે પોતાના પ્રયત્નથી જ થઈ છે; યોગ્યતા વગરના જીવને લાખ ગુરુઓનો ઉપદેશ વડે પણ જ્ઞાનની ઉત્પત્તિ કરાવી શકાતી નથી. યોગ્યતાવાળો જીવ સ્વત; પ્રેરણાથી જ્યારે જ્ઞાનાદિમાં પ્રવર્તે છે ત્યારે ગુરુનો ઉપદેશ તો માત્ર નિમિત્ત (ધર્માસ્તિકાયવત્) છે.

* ગતિમાં જેવું ધર્માસ્તિકાય નિમિત્ત, તેવું જ સમ્યગ્જ્ઞાનમાં ગુરુ નિમિત્ત,–આમ કહીને ઉપાદાન–નિમિત્તની સ્વતંત્રતા બતાવી છે. ભાઈ, સ્વતઃ અજ્ઞાની જીવને બીજા કોઈ વડે જ્ઞાની કરી શકતો નથી, ને સ્વત; જ્ઞાની જીવને જગતમાં બીજો કોઈ અજ્ઞાની કરી શકતો નથી, જીવ પોતે પોતાની યોગ્યતાનાબળથી જ જ્ઞાની કે અજ્ઞાની થાય છે. તેમાં બીજા તો માત્ર તટસ્થ નિમિત્ત છે.

* પણ, જેમ ગતિવાન વસ્તુને ધર્માસ્તિકાય જ નિમિત્ત હોય, વિરુદ્ધ ન હોય, તેમ મોક્ષસુખરૂપ પરિણમનારે જ્ઞાનીધર્માત્માગુરુ પ્રત્યે વિનય–ભક્તિ–બહુમાન હોય, તેવું જ નિમિત્ત તેને હોય, વિરુદ્ધ નિમિત્ત ન હોય. છતાં નિમિત્તની આધીનતા નથી. જેમ ગતિ વખતે નિમિત્તરૂપે ધર્માસ્તિકાય હોય જ છે, કાંઈ તેને બોલાવવા જવું નથી પડતું કે 'મારે ગતિ કરવી છે માટે તું નિમિત્ત થવા આવ.' તેમ મોક્ષસુખનો અભિલાષી જીવ પોતાની યોગ્યતાવડે પ્રયત્નપૂર્વક જ્યારે મોક્ષમાર્ગમાં ગમન કરે છે ત્યારે ધર્માત્માગુરુઓનો ઇષ્ટ ઉપદેશ તેને નિમિત્તરૂપે હોય છે. પણ તેને શોધવા માટે રોકાવું નથી પડતું. ઉપાદાન–નિમિત્તની સંધિ સહજપણે મળી જ જાય છે. માટે હે જીવ! તું જાગીને તારા સુખનો ઉદ્યમ કર,– એવો ઇષ્ટ ઉપદેશ છે.

* પ્રશ્નઃ– યોગ્યતાથી જ કાર્ય થાય છે ને બીજો તેમાં કાંઈ કરતો નથી તો શું નિમિત્તનું નિરાકરણ થઈ ગયું? નિષેધ થઈ ગયો?

તેના ઉત્તરમાં કહે છે કે પ્રકૃત કાર્ય થવામાં વસ્તુની યોગ્યતા જ કાર્યકારી છે, ત્યાં બીજા ગુરુ કે શત્રુ–તે તો બાહ્ય નિમિત્તમાત્ર છે; ધર્માસ્તિકાય જેમ ગતિમાં ઉદાસીન નિમિત્ત છે, તેમ બીજા પદાર્થો માત્ર નિમિત્ત છે. આથી નિમિત્તનો નિષેધ નથી થઈ જતો, પણ વસ્તુસ્થિતિ જેમ છે તેમ રહે છે. નિમિત્તપણે નિમિત્ત હોવા છતાં પ્રકૃત કાર્યમાં (–હિત, અહિત વગેરેમાં) તે ધર્માસ્તિકાયવત્ અકિંચિત્કર છે. જેમ ગતિમાં ધર્માસ્તિકાય નિમિત્ત હોવા છતાં તે અકિંચિત્કર છે, તેમ બધાય નિમિત્તો અકિંચિત્કર છે. હિતમાં ગુરુ નિમિત્ત, કે અહિતમાં શત્રુ નિમિત્ત, તે બંને નિમિત્તો અકિંચિત્કર છે, જીવોને હિત–અહિતરૂપ પ્રવૃત્તિ પોતાની જ યોગ્યતાના બળે થાય છે. આવી સ્વતંત્રતાનો ઉપદેશ તે જ ઇષ્ટ ઉપદેશ છે; હિત અહિતમાં જીવની પરાધીનતા બતાવે તો તે ઉપદેશ ઇષ્ટ નથી, સત્ય નથી, હિતકર નથી.

(ઇષ્ટોપદેશ ગા. ૩૪–૩૫)

# જન્મજયંતિ સમાચાર

આત્મિક–આરાધનાના હેતુભૂત પૂ. ગુરુદેવનું જીવન મુમુક્ષુઓને આદરણીય છે. હજારો મુમુક્ષુઓના જીવનમાં ગુરુદેવનો ઉપકાર છે. દરવર્ષે ભક્તિ અને ઉલ્લાસપૂર્વક હજારો મુમુક્ષુઓ ગુરુદેવની જન્મજયંતિનો ઉત્સવ ઊજવે છે. આ વર્ષે પણ વૈશાખ સુદ બીજે ગુરુદેવની ૭૭મી જન્મજયંતિ ઠેરઠેર આનંદોલ્લાસપૂર્વક ઉજવાઈ હતી. સોનગઢમાં ગુરુદેવની જન્મજયંતિનો આ ઉત્સવ ગુરુદેવની છત્રછાયામાં પાંચ વર્ષે ઉજવાતો હોવાથી વિશેષ આનંદોલ્લાસપૂર્વક ઉજવાયો હતો.

એક તરફ જન્મોત્સવની વિવિધ તૈયારીઓ ચાલી રહી હતી; બીજી તરફ સિદ્ધચક્રવિધાન–મહાપૂજા ઘણા આનંદોલ્લાસથી ચાલતું હતું. ચૈત્ર વદ અમાસે ૧૦૨૪ અર્ઘના મહાપૂજનમાં પૂ. ગુરુદેવ પધાર્યા હતા; સિદ્ધચક્રવિધાનની પૂર્ણતા અત્યંત હર્ષ–ભક્તિપૂર્વક થઈ હતી.

૭૭મા જન્મોત્સવનો સૂચક એક સૂસજ્જિત મંગલમંડપ સ્વાધ્યાય મંદિરના પ્રાંગણમાં રચાયો હતો. આ મંગલમંડપની રચના અષ્ટમંગલ તથા અષ્ટપ્રાતિહાર્ય સંબંધી ૭૭ વસ્તુઓ (ચામર–છત્ર–ભાવમંડલ–સિંહાસન–દિવ્યધ્વનિ–દેવદુન્દુભી–પુષ્પવૃષ્ટિ–અશોકવૃક્ષ–કલશ–ઝારી–દર્પણ–સ્વસ્તિક–ધજા–વીંઝણા) વડે થઈ હતી. મંડપમાં ધર્મચક્ર ફરતું હતું. બીજી તરફ ૭૭ સ્વસ્તિકની મંગળમાળા ઝુલતી હતી, ૭૭ પૂર્ણકળશ શોભતા હતા ને ૭૭ દીપકોની દીપમાળા લટકતી હતી. મોટા દરવાજે સ્ટીલના વાસણોનું મોટું પ્રવેશદ્વાર ઝગઝગાટ કરતું હતું. દરવાજાથી સ્વાધ્યાય મંદિર સુધીનો રસ્તો આમ્રફળથી ઝુલતી ૭૭ કમાનો વડે અતિશય સુસજ્જિત કરવામાં આવ્યો હતો. એ સુસજ્જિત કમાનો વચ્ચે થઈને પૂ. ગુરુદેવ ‘મંગલમંડપ’ માં પધાર્યા હતા.

આઠ દિવસ અગાઉથી જ ભક્તિમાં હર્ષોલ્લાસ અને નવીનતાનો પ્રારંભ થઈ ગયો હતો....જેમાં વૈશાખ સુદ એકમ બીજના દિવસોની ભક્તિ તો બહુ જ આનંદકારી હતી. અજમેરની ભજનમંડળી આવી હોવાથી રાત્રે પણ ભક્તિનો પ્રોગ્રામ રહેતો હતો. વૈશાખ સુદ એકમે આખો દિવસ તૈયારી ચાલી હતી. રાત્રે જિનમંદિરમાં જન્મોત્સવ સંબંધી ભક્તિ બાદ ઉત્સવની જે ઉમંગભરી તૈયારીઓ ચાલતી હતી તે દર્શનીય હતી.

વૈશાખ સુદ બીજનો સૂર્ય ઉગ્યા પહેલાં તો ચૈતન્યસૂર્યના જન્મની વધાઈ ચારેકોર પ્રસરી રહી હતી. ક્યાંય ઘંટનાદ ને ક્યાંય

વાજિંત્રનાદ; ક્યાંય વધાઈ ને કયાંક દીપમાળા.....ભક્તોનાં ટોળેટોળાં મંગલ વધાઈ લેવા સ્વાધ્યાયમંદિર તરફ ઉમટયા. મંગલપ્રભાતમાં ગુરુદેવે જિનમંદિરમાં આવી સીમંધરનાથ પ્રભુના દર્શન કર્યા, અર્ઘ ચડાવી પૂજન કર્યું. ને આશીર્વાદ લીધા.....પછી મંગલમાર્ગમાં આમ્રફળથી ઝુમતી ૭૭ સુસજ્જિત કમાનો વચ્ચે થઈને હજારો ભક્તોના જયજયનાદપૂર્વક મંગલમંડપમાં પધાર્યા. અષ્ટપ્રાતિહાર્ય તથા અષ્ટમંગલ સંબંધી ૭૭ વસ્તુઓવડે રચાયેલ મંગલમંડપ અનેરો શોભતો હતો; એ મંડપ વચ્ચે ગુરુદેવ બિરાજતા હતા; ધર્મચક્ર ફરી રહ્યું હતું; ૭૭ દીપકોની માળા ઝગઝગતી હતી; ૭૭ સ્વસ્તિક ને ૭૭ કળશ શોભતા હતા. મંડપની શોભા અનેરી હતી,–ભામંડળ ને સિંહાસન, છત્ર ને ચામર, દર્પણ ને કળશ, ધજા ને દુંદુભી, સ્વસ્તિક ને ૐકાર વગેરેથી મંડપ ઘણો શોભતો હતો ને તેનાથીય વધુ મંડપ વચ્ચે ગુરુદેવ શોભતા હતા. ચારેકોર ભક્તોની ભીડ જયજયકારથી સુવર્ણધામને ગજાવી રહી હતી. આવા ઉમંગભર્યા વાતાવરણમાં જન્મવધાઈ શરૂ થઈ; હજારો ભક્તોએ શ્રીફળ વગેરે ભેટ ધરીને વધાઈ લીધી...

ત્યારપછી જિનમંદિરમાં મહાપૂજન થયું. પૂજન પછી જિનવાણીમાતાની ભવ્ય રથયાત્રા નીકળી હતી. રજતના રથની બધી પીઠિકાઓમાં જિનવાણીને બિરાજમાન કર્યા હતા. રથયાત્રાની આ એક નવીનતા હતી. જિનવાણીનો રથ ઘણો શોભતો હતો. અને રથયાત્રામાં વચ્ચે જિનવાણીરથના સારથિ તરીકે ગુરુદેવ રથમાં બેઠા હતા. સેંકડો ભક્તો હોંશથી રથને દોરતા હતા, ને મહા આનંદથી રથયાત્રા નીકળી હતી. રથયાત્રા પછી પ્રવચનમાં ગુરુદેવે કહ્યું–આ ભગવાન આત્મા સમ્યક્સ્વભાવી સૂર્ય છે, તેને દેહ નથી, તેને જન્મ–મરણ નથી, તો જ્ઞાનીને મરણનો ભય કેવો ? જન્મ કે મરણ મારાં નથી, હું તો અવિનાશી જ્ઞાનસૂર્ય છું. ભાવ મારા સ્વરૂપમાં નથી; ભવ અને ભવનો ભાવ મારા ચૈતન્યસ્વરૂપમાં નથી. જેમ સૂર્યને મરણ નથી તેમ ચૈતન્યસૂર્યને મરણ નથી. એ તો સહજ સ્વયંસિદ્ધ શાશ્વત વસ્તુ છે. આવા જન્મ–મરણરહિત જ્ઞાનસ્વરૂપની આરાધના કરવા માટે આ અવતાર છે; ભવના અભાવ માટે આ ભવ છે. ભવનું કારણ ભ્રાંતિ, તે જ્યાં છૂટી ગઈ ત્યાં હવે ભવ કેવા ?

અબ હમ અમર ભયે ન મરેંગે.
યા કારન મિથ્યાત્વ દીયો તજ,
ફિર કયોં દેહ ધરેંગે ? ......અબ૦

આમ સભાને ભવના અભાવની ભાવનામાં ઝુલાવતાં ઝુલાવતાં ગુરુદેવે કહ્યું કે–સ્વભાવનો સંગ કરવાથી નિરાકૂળ આનંદ મળે છે, જેટલું પરસંગનું લક્ષ થાય તેટલી આકુળતા છે. આત્મા જ આનંદનું ધામ છે; તેના વેદનમાં કોઈ પીડા નથી, જન્મ–મરણ નથી, રોગ નથી. દેહને હું ધારણ ધરતો નથી ને મરણ પણ મારૂં નથી; દેહથી પાર–જન્મમરણથી પાર હું તો સ્વસંવેદનમાં આવતો અમૂર્ત–અવિનાશી–ચિદાનંદ સ્વરૂપ આત્મા છું.–

મારા અંતરમાં સ્વસંવેદનથી,
ચૈતન્યસૂર્ય ઊગીયોજી....
ચેતનના અંતરમાં સ્વસંવેદનથી
સમકિત સૂરજ ઊગીયોજી.....

આમ ધર્મીને અપૂર્વ સુપ્રભાત ખીલ્યું છે. જ્ઞાની પોતાને ચૈતન્યલક્ષી જાણતા થકા નિઃશંક છે; તેને મરણાદિનો ભય હોતો નથી કેમકે આત્માનું મરણ કદી થતું નથી.

પ્રવચન પછી માનનીય પ્રમુખશ્રી વગેરેએ સભા તરફથી ગુરુદેવ પ્રત્યે અભિનંદન તથા શ્રદ્ધાંજલિ વ્યક્ત કરતા ભાષણો કર્યા હતી, તથા જન્મોત્સવની ખુશાલીમાં ૭૭ રૂા. ની અનેક રકમો જાહેર થઈ હતી. બપોરે સોનગઢની બાલિકાઓએ જન્મોત્સવનો મહિમા વ્યક્ત કરતું આનંદ–નાટક કર્યું હતું; તેમાં વિદેહનું વર્ણન અને ગુરુદેવનો મહિમા વગેરે સાંભળતા સૌને હર્ષ થતો હતો બપોરે પ્રવચન પછી બહારગામથી આવેલા સન્દેશાઓનું વાંચન થયું હતું. (ઘણા સન્દેશાઓ હોવાથી માત્ર નામ અને ગામ જ વંચાયા હતા.) અશોકનગર, કલકત્તા, નારાયણનગર, ભરૂચ, દિલ્હી, ખંડવા, ઈન્દોર વડાલ, બોટાદ, વીંછીયા, મોરબી, સુરેન્દ્રનગર, ભોપાલ, મુંબઈ, મદ્રાસ, પાલેજ, જીનીવા, નાઈરોબી, સુરત, અમદાવાદ, જામનગર, પાલીતાણા, ઘાટકોપર, પોરબંદર, બડી સાદડી, અજમેર, વઢવાણ, વાંકાનેર, ઘોન્ડ, જયપુર, લશ્કર અશોકનગર, મોશી (આફ્રિકા), રાજકોટ, ધ્રાંગધ્રા, લાઠી, ભાવનગર, પુના, થાણા, ભીમન્ડી, મીયાંગામ, સોલાપુર, ખરગપુર, સાગર, ગુના, રાધૌગઢ, દેહગામ, જસદણ, ખૈરાગઢરાજ, રાણપુર, વલસાડ, લીંબડી, ચોટીલા, સનાવદ, જોરાવરનગર, ન્યુયોર્ક, કોચીન, ભીલાઈ, રંગુન, દેવલાલી, ગોધરા, સહારનપુર, થાનગઢ, ઉજ્જૈન, ગઢડા, ઓરીવાડ, ભીન્ડ, અંજડ, છાણી, ઉદેપુર, મલાડ, જલગાંવ, મલકાપુર, નાગપુર, એડન, રાંચી, ડુંગરગઢ, ઈલોરા, સાંગલી, પેટલાદ, જમશેદપુર, આકોલા, બેંગલોર–એ પ્રમાણે દેશ–વિદેશથી ૨૦૦ ઉપરાન્ત ભક્તિભર્યા તાર સન્દેશ આવ્યા હતા. સાંજે તેમજ રાત્રે જિનમંદિરમાં ઉલ્લાસભરી ભક્તિ થઈ હતી.–આમ આનંદપૂર્વક સોનગઢમાં વૈશાખ સુદ બીજ ઉજવાઈ હતી. વૈશાખ સુદ ત્રીજે પણ ઉત્સવ જેવું વાતાવરણ ચાલું હતું. એ દિવસે શેઠશ્રી મગનલાલ સુંદરજીના નવા મકાનના વાસ્તુ નિમિત્તે ગુરુદેવનું પ્રવચન તેમના ઘરે થયું હતું.

સોનગઢ સિવાય બીજા પણ અનેક સ્થળોએ ઉત્સાહપૂર્વક ગુરુદેવનો જન્મોત્સવ ઉજવાયો હતો. જેમાંથી ગુના, દિલ્હી, ભોપાલ, સહારનપુર, કલકત્તા, ઈન્દોર વગેરે સ્થળોએ ઉલ્લાસપૂર્વક જન્મજયંતિ ઉજવવાના સમાચાર આવેલ છે.

# વાંચકો સાથે વાતચીત

卐

સાધર્મી પાઠકોના વિચારોને વ્યક્ત કરતો આ વિભાગ જો કે બધા સાધર્મીઓ માટે ખુલ્લા છે, પરંતુ બાલવિભાગમાં ઉત્સાહથી ભાગ લઈને આ વિભાગનો મોટો ભાગ આપણા બાલ–સભ્યોએ જ રોકી લીધો છે. અને બાળકોના હૃદયમાં આ રીતે ધાર્મિક તરંગો વિકસે–તે બહુ સારી વાત છે.

* બગસરાથી એક ભાઈ લખે છે કે છોકરાવ ઉત્સાહથી બાલવિભાગ વાંચે છે, અને વેન કરે છે કે બાપુજી, પુસ્તક (દર્શનકથા) ક્યારે આવશે? ને ગુરુજીના દર્શન કરવા સોનગઢ જવું છે–તો અમને ક્યારે તેડી જશો?

* રંજનબેન વાડીલાલ (સ. નં. ૨૪૪) વઢવાણ–પૂછે છે–કે કોઈ પણ ધર્મી જીવ દેવલોકમાંથી અહીં આવી પ્રભાવનાના નિમિત્ત શા માટે નહીં બનતા હોય?

ઉત્તરઃ– અત્યારે પણ અનેક ધર્માત્માઓ ધર્મની પ્રભાવના કરી જ રહ્યા છે. અને જ્યારે તેવા પ્રકારનો વિશિષ્ટ પ્રભાવનાનો યોગ હોય ત્યારે દેવોનું આગમન વગેરે પણ થાય છે. ધર્માત્મા જીવ સ્વર્ગમાં પણ ધર્મની પ્રભાવના કરતા હોય છે, ને અનેક જીવોને સમ્યક્ત્વ પમાડતા હોય છે. બાકી તો પંચમકાળમાં જેમ મનઃપર્યયજ્ઞાન; ક્ષાયિક સમ્યક્ત્વ વગેરેનો અભાવ થયો તેમ દેવોનું આગમન વગેરે પણ ઘટતું ગયું. ભલે દેવોનું આગમન ન દેખાય તો પણ આપણે આપણું હિત સાધી લેવા પૂરતો મહાન પ્રભાવના યોગ ધર્માત્માઓના પ્રતાપે અત્યારે વર્તી જ રહ્યા છે. ધર્માત્મા જ્યાં બિરાજતા હોય ત્યાં તેમના અષ્ટાંગ–કિરણો વડે ધર્મની જાહોજલાલી વર્તે છે ને જીવો પોતાનું હિત સાધે છે. સોનગઢનું આવું વાતાવરણ એકવાર તો તમને દેવના આગમનની વાત પણ ભુલાવી દેશે.

* રાજકોટથી રજનીકાન્ત પારસરામ (સ. નં. ૬૦૮) લખે છે કે–આત્મધર્મ હું વારંવાર વાંચુ છું ને દરેક બાલમિત્રોને વાંચવા ખાસ ભલામણ કરું છું. શૈલિ ઘણી સુંદર છે. વાંચતાં જાણે એમ લાગે છે કે ગુરુદેવનું પ્રત્યક્ષ પ્રવચન સાંભળું છું, ને ગુરુદેવ મારા હૃદયમાં વસે છે. ‘દર્શનકથા’ પુસ્તક મેં વાચ્યું છે ને બીજા બાળકોને પણ વાંચવા આપું છું.

* બેંગલોરથી चंपालाल जैन (નવા સભ્ય) લખે છે કે–આત્મધર્મમેં બાલવિભાગ પઢકર બડી ખુશી હુઈ; બહુત અચ્છા લગા; મૈં દીનભર અંક પઢતા હું, હમારે બન્ધુઓકો ભી સુનાતા હું; મેરે લિયે યહ બહુત અચ્છા ખેલ હૈ! જીતની વાર પઢતા હું નઈ નઈ જાનકારી હોતી હૈ! જબતક નયા અંક નહીં આતા ઈસીકો પઢતા રહતા હું, બીના પઢે ચેન નહીં પડતા! યહ સબ પરમપૂજ્ય શ્રી કહાનગુરુકી કૃપા હૈ, જિસકો હમ કિસી જન્મમેં ભૂલ નહીં સકેંગે!

* बडी सादडी [राजस्थान] થી આપણા મોદીજી સાહેબ લખે છે કે–બાલવિભાગથી ભારતવર્ષમાં ધર્મપ્રેમી બાળકોને માટે એક નવીન સ્ફુરણાની લહેર જાગી છે. બાલ વિભાગની આ પેઢી ભવિષ્યમાં પણ ધર્મ ઉપર લક્ષિત થયા વગર રહેશે નહીં; અને તેને સાચા દેવ–ગુરુ–ધર્મની શ્રદ્ધાના સંસ્કાર જરૂર ઉત્પન્ન થશે. દર્શનકથા પુસ્તક જે કોઈ બાળક વાંચવા હાથમાં લ્યે છે તેને એવો રસ આવે છે કે પૂરી કર્યા વગર છોડતા નથી. ખાવા–પીવાનું પણ ભૂલી જાય છે. આવી કથા અમારા પ્રાન્તમાં પહેલાં સાંભળવામાં આવી ન હતી. (રાજસ્થાનના હિન્દીભાષી બાળકો–જેમને હજી ગુજરાતીભાષાનો પૂરો પરિચય પણ નથી તેઓ પણ ગુજરાતી બાલસાહિત્યમાં કેવી હોંશથી ભાગ લઈ રહ્યા છે! આ વાત 'બાલસાહિત્ય' ની તીવ્ર ઉપયોગિતા બતાવે છે. –સં)

* જેતપુરથી મુકેશ જૈન (નં. ૧૮૫) લખે છે કે વૈશાખ માસનું 'આત્મધર્મ' પુસ્તક વાંચ્યું અને ધર્મસંબંધી ઘણું ઘણું જ્ઞાન મેળવ્યું. વિનંતિ સાથ જણાવવાનું કે દરવખતે આવો સુંદર અંક બહાર પાડવો–જેથી મારા જેવા બાળકો પણ હોંશભેર વાંચવા લાગી જાય.

ભાઈશ્રી, આપની ભાવના બદલ ધન્યવાદ! વૈશાખ માસના ખાસ અંક જેવા બધા અંકો બહાર પાડીએ–પરંતુ આપણી પાસે એટલું બજેટ જોઈએ ને? આમ છતાં જિજ્ઞાસુઓ તરફથી આત્મધર્મના વિકાસ માટે જે ઉમંગભર્યો સહકાર મળી રહ્યો છે તેના પ્રમાણમાં 'આત્મધર્મ' ને વિકસાવવા પૂરતો પ્રયત્ન કરી રહ્યા છીએ....અને ધીમે ધીમે તમે લખો છો તેવી પરિસ્થિતિમાં પહોંચી જઈશું. અત્યારે તો જગ્યાના અભાવે કોઈ કોઈવાર જરૂર લેખો પણ મુલતવી રાખવા પડે છે.

* ચોટીલાથી રાજેન્દ્ર જૈન (સભ્ય નં. ૩૯૮) પૂછે છે:–

પ્રશ્ન:– બીજા ભવો કરતાં મનુષ્યભવને દુર્લભ કેમ કહ્યો?

ઉત્તરઃ– ચારે ગતિના જીવોમાં મનુષ્યોની સંખ્યા સૌથી ઓછી છે. જગતના સર્વ જીવોમાં મનુષ્યો અનંતમા ભાગે છે. તથા ક્ષાયિક સમ્યક્ત્વ, તેમજ પંચમ ગુણસ્થાન કરતાં ઉપરની બધી દશાઓ, (મુનિપણું, કેવળજ્ઞાન, તીર્થંકરપણું વગેરે) પણ મનુષ્યપણામાં જ હોય છે, આ કારણે મનુષ્યપણું ઉત્તમ છે. આવું દુર્લભ અને ઉત્તમ મનુષ્યપણું પામીને જો ધર્મસાધના કરવામાં આવે તો જ તેનું સફળપણું છે, ધર્મ સાધના વગરના મનુષ્યપણાની તો કોડી જેટલીયે કિંમત નથી. એટલે મનુષ્યભવને દુર્લભ કહીને શાસ્ત્રકારો એમ કહે છે કે હે જીવ! આવું મનુષ્યપણું તું પામ્યો તો હવે તું ધર્મની આરાધના કર. બાકી તો દેવ–નરક કે તીર્યંચોમાં પણ ઘણા જીવો ધર્મની અમુક આરાધના કરે છે. પરંતુ સાક્ષાત્ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ મનુષ્યપણા વિના સંભવતો નથી.

પ્રશ્નઃ– દરરોજ શાસ્ત્રનો અભ્યાસ કરવાથી સમ્યગ્દર્શન આવી જાય કે નહીં?

ઉત્તરઃ– શાસ્ત્રોમાં આત્માનું સ્વરૂપ જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે સત્સમાગમે લક્ષગત કરીને, પછી શાસ્ત્રમાં કહેલી અંતર્મુખ વિધિથી તેનો નિરંતર અભ્યાસ કરવાથી સમ્યગ્દર્શન થાય છે. અંતરંગ ભાવશ્રુતના લક્ષપૂર્વક દ્રવ્યશ્રુતનો અભ્યાસ કરવાનું કહ્યું છે. શાસ્ત્રોમાં જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે આત્મામાં જે અભ્યાસ કરે તેને સમ્યગ્દર્શનાદિ જરૂર થાય.

* અતુલ જૈન (સ. નં. ૩૮૫) સુરતથી પૂછે છે–

પ્રશ્નઃ– વિચાર કેટલી જાતના? સાચો વિચાર લાવવા માટે સહેલો ઉપાય શું?

ઉત્તરઃ– વિચારના બે પ્રકારઃ એક આત્મા સંબંધી ને બીજા પરસંબંધી; અથવા એક ધર્મસંબંધી વિચાર અને બીજા સંસાર સંબંધી વિચાર; અથવા ત્રીજી રીતે–શુભ ને અશુભ–એમ બે પ્રકારના વિચાર છે. ઉત્તમ વિચાર એટલે આત્માના હિત સંબંધી ધાર્મિક વિચાર; હવે વિચાર હંમેશા જ્ઞાનઅનુસાર હોય. જ્ઞાન સાચું હોય તો વિચાર સાચા આવે; જ્ઞાનમાં ભૂલ હોય તો વિચારમાંય ભૂલ આવે. કેમકે વિચાર એ એક પ્રકારે તો જ્ઞાનનું જ ઘોલન છે. સાચા અને ઉત્તમ વિચારો લાવવા માટે પ્રથમ સત્સંગે તથા શાસ્ત્રના અભ્યાસથી આત્માનું સાચું સ્વરૂપ તથા તેના સ્વભાવનો અપાર મહિમા લક્ષગત કરવો જોઈએ. મુમુક્ષુ જીવને આત્મ–વિચારની મુખ્યતા હોય. 'વિચાર' માટે શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ કહ્યું છે કે–

**શુદ્ધ બુદ્ધ ચૈતન્યઘન સ્વયં જ્યોતિ સુખધામ;**
**બીજું કહીએ કેટલું? 'કર વિચાર તો પામ.'**

* ઉલ્લાસ એમ. જૈન (સ. નં. ૧૨૦) પૂછે છે કે-તત્ત્વ સમજવા માટે કયા શાસ્ત્રોનો અભ્યાસ આવશ્યક છે?

ઉત્તરઃ– ભાઈશ્રી, જૈનસંતોએ રચેલા બધા જ શાસ્ત્રો તત્ત્વ સમજવા માટે જ રચાયેલાં છે. ગુરુગમે સાચા લક્ષપૂર્વક કોઈ પણ જૈનશાસ્ત્રનો અભ્યાસ કરવાથી વીતરાગી તત્ત્વજ્ઞાનનું પોષણ થાય છે. એટલે કોઈ અમુક જ શાસ્ત્રના અભ્યાસનો નિયમ નથી; આમ છતાં પ્રાથમિક તત્ત્વજ્ઞાનના અભ્યાસીની દ્રષ્ટિએ જૈન બાળપોથી; છહઢાળા, દ્રવ્યસંગ્રહ, સિદ્ધાંતપ્રવેશિકા, તત્ત્વાર્થસૂત્ર, મોક્ષશાસ્ત્ર, મોક્ષમાર્ગપ્રકાશક વગેરે શાસ્ત્રો ઉપયોગી છે. સમયસાર, પરમાત્મપ્રકાશ વગેરે અધ્યાત્મશાસ્ત્રોનું જ્ઞાન તત્ત્વ સમજવામાં બહુ ઉપયોગી છે. બીજા ઘણાય શાસ્ત્રો છે. કોઈ વાર આપણા જૈન સન્તો અને જૈનશાસ્ત્રોનો પરિચય કરાવીશું.

* વીછીંયાથી જયશ્રીબેન (સ. નં. ૩૪૬) પૂછે છે કે–મોક્ષમાં ખાવા–પીવાનું વગેરે નથી, તો ત્યાં સુખ કઈ રીતે હોઈ શકે?

ઉત્તરઃ– સુખ એ આત્મામાં છે, ખાવા–પીવામાં નથી, એટલે જ્યાં આત્મા હોય ત્યાં તેનું સુખ હોય. સિદ્ધભગવંતોને જે સુખ છે તે પોતાના આત્માથી જ થયેલું છે, તે કોઈ બીજી વસ્તુવડે ઉત્પન્ન થયેલું નથી. સુખ તે આત્માનો સ્વભાવ છે. અત્યારે આપણે પણ જો આત્માના સ્વભાવને અનુભવમાં લઈએ તો આપણને પણ સિદ્ધપ્રભુ જેવું સુખ અનુભવમાં આવે. એ સુખ એવું છે કે ખાવું–પીવું વગેરે કોઈ પણ બાહ્યવસ્તુમાં એની જરાય ઝાંખી પણ નથી, આત્માના આવા અતીન્દ્રિય સુખને ઓળખતાં સમ્યગ્દર્શન થાય છે એમ ભગવાન કુંદકુંદસ્વામીનું વચન છે.

* જ્યોતિબેન જૈન (સ. નં. ૧૫૭) પૂછે છે કેઃ–

આપણે સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર, અને સમ્યગ્દર્શન પ્રગટ કરવા માટે શું કરવું જોઈએ?

ઉત્તરઃ– આ રત્નત્રયની પ્રાપ્તિ કેમ થાય–તે બતાવવા માટે જ હજારો–લાખો શાસ્ત્રોની રચના સંતોએ કરી છે. કુંદકુંદસ્વામી રત્નત્રયની પ્રાપ્તિના ઉદ્યમનું સ્વરૂપ દર્શાવતાં (સમયસાર ગા. ૧૮માં) કહે છે કે મોક્ષાર્થી જીવે પ્રથમ તો પ્રયત્ન વડે જીવ–રાજાને જાણવો કે પરભાવોથી ભિન્ન જ્ઞાનની અનુભૂતિમાત્ર હું છું; એ જ્ઞાનની સાથે શ્રદ્ધા કરવી કે ‘આ જ હું છું;–પછી તે જાણેલા ને શ્રધ્ધેલા આત્મામાં લીન

થવું; આ રીતે સાધ્ય આત્માની સિદ્ધિ થાય છે એટલે કે આવા ઉદ્યમ વડે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય છે, બીજી રીતે થતા નથી. (પ્રશ્નમાં પહેલાં જ્ઞાન, પછી ચારિત્ર, ને પછી દર્શન લખેલ છે તેને બદલે સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન–સમ્યક્ચારિત્ર–એવો ક્રમ લખવાની ટેવ પાડજો.

* રોમેશ જૈન (સ. નં. ૨૧૮) અમદાવાદથી લખે છે કે "બાલવિભાગ હંમેશા જ રહે. તેમાંથી નવીન જાણવાનું ઘણું મળતું રહે અને પરિણામે સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય એવી શુભેચ્છા છે. બાલવિભાગ મને ખૂબ ગમે છે અને તેમાં જવાબ આપવાની પદ્ધત્તિ તો ખૂબ સરસ લાગી છે."

ભાઈ, તમને બાલવિભાગ ખૂબ ગમે છે, તો 'બાલવિભાગ' ને તમે બધા ખૂબ ગમો છો.–કેમ, અરસપરસ બરાબરને?

* ગોંડલના નવા સભ્ય દિલીપકુમાર જૈન લખે છે કે–"આજે હું અહીંની (ગોંડલની) લાઈબ્રેરીમાં પઠન કરવા ગયો હતો, ત્યાં અચાનક મારી નજર પૂ. ગુરુદેવની તસ્વીર પર પડી, અને આપનું માસિક 'આત્મધર્મ' ઊઠાવ્યું; વાંચતાં અજબ આનંદ થયો. તેમાંય બાલવિભાગ વાંચીને ઘણો જ પ્રસન્ન થયો છું. તેથી હું પણ તેમાં સભ્ય થવા ઈચ્છું છું. ઉગતા બાળ–લેખકોને પ્રોત્સાહન મળે તથા તેના હૃદયમાં રહેલા ધાર્મિક અંકુરો વિકસીત બને તેવી સજાવટ આત્મધર્મમાં કરવામાં આવી છે. તેથી હું સભ્ય થવા પ્રેરાયો છું.

* સભ્ય નં. ૩૮ (હિંમતનગર) પૂછે છે–

પ્રશ્નઃ– આજના વિજ્ઞાને મનુષ્યનું આખું શરીર તપાસ્યું પરંતુ આત્મા દેખાયો નહિ, –તો આત્મા છે ક્યાં?

ઉત્તરઃ– એક માણસને સોનું શોધવું હતું, તેણે કોલસાના ઢગલે ઢગલામાં તપાસ કરી, પણ ક્યાંય સોનું હાથ આવ્યું નહિ. ભાઈ–એના જેવી તમારી વાત છે. આત્માને શોધવો હોય તો તે જડના ઢગલામાંથી ક્યાંથી જડે? આત્મિક ગુણોમાં શોધે તો આત્મા જડે. હવે બીજી વાતઃ આજે જેને વિજ્ઞાન કહેવામાં આવે છે તેના શોધખોળના સાધનો એટલા સ્થૂળ છે (લોકોને ભલે સૂક્ષ્મ લાગે પણ જ્ઞાનદ્રષ્ટિએ તો તે ઘણા સ્થૂળ છે) કે અત્યંત સ્થૂળ એવા જડ પદાર્થોની શોધખોળમાં જ તે કામ કરી શકે છે; સૂક્ષ્મ અરૂપી પદાર્થોને તે શોધી શકે નહિ. આત્મા સૂક્ષ્મ અરૂપી

વસ્તુ છે, તે મનના વિકલ્પથી પણ પકડાતો નથી તો પછી સ્થૂળ જડ સાધનો વડે તો ક્યાંથી પકડાય? એ તો અતીન્દ્રિય જ્ઞાનવડે જ જાણી શકાય તેવો છે. ત્રીજું–આધુનિક વિજ્ઞાને વનસ્પતિ વગેરેમાં 'જીવન' સ્વીકાર્યું છે. એટલે કે શરીર સિવાયનું બીજું કોઈ વિજાતીય તત્ત્વ છે. જડથી ભિન્ન જ્ઞાનાદિ નિજસ્વરૂપમાં આત્મા છે; જિનદેવે કહેલા વીતરાગીવિજ્ઞાનવડે તેને સ્પષ્ટ જાણી શકાય છે, અનુભવી શકાય છે. શ્રીમદ્ રાજચંદ્ર કહે છે:–

**"આત્માની શંકા કરે.....આત્મા પોતે આપ;**
**શંકાનો કરનાર તે, અચરજ એહ અમાપ."**

દેહથી ભિન્ન ચૈતન્યસ્વરૂપ આત્માની સિદ્ધિ બીજા ઘણા પ્રકારે થઈ શકે છે. તે સત્સંગથી અને શાસ્ત્રના અભ્યાસથી સમજી શકાય તેવું છે.

દેહથી ભિન્ન આત્માનું સ્વરૂપ કયા પ્રકારે છે તેના વિચાર કરીને દરેક બાળકોએ (તેમજ મોટાઓએ પણ) બરાબર સમજવું અત્યંત જરૂરી છે. એ આપણા જૈનધર્મની મૂળ વિદ્યા છે.

મુંબઈથી અરૂલતાબેન જૈન (સ. નં. ૫૬) પૂછે છે–

પ્રશ્નઃ– 'ધર્મને ભૂલવાથી' જીવ સંસારમાં ઘણાં દુઃખ પામે છે,–શા માટે?

ઉત્તરઃ– બહેન, તમારા પ્રશ્નના પહેલા બે શબ્દોમાં જ તમે તમારા પ્રશ્નનો જવાબ લખેલો છે. છતાં બીજા શબ્દોમાં જવાબ જોઈતો હોય તો–

" જે સ્વરૂપ સમજ્યા વિના, પામ્યો દુઃખ અનંત"

અને હવે–"સમજી આત્મસ્વરૂપને, કરું એ દુઃખનો અંત."

પ્રશ્નઃ– સમ્યગ્દષ્ટિ જીવ જગતના વૈભવથી મોહિત થતા નથી, –શા માટે?

ઉત્તરઃ– કેમકે જગતના વૈભવમાં આત્માનું અંશમાત્ર સુખ તેમણે જોયું નથી; ને ચૈતન્યના અપાર નિજ વૈભવને જાણીને તેના પરમ સુખનો સ્વાદ માણ્યો છે!–તે હવે બીજે કેમ મોહાય!

પ્રશ્નઃ– મનુષ્યને જ્યારે દુઃખ પડે છે ત્યારે તેનામાં સમતા અને દ્રઢતા કેમ આવી જાય છે?

ઉત્તરઃ– જો કે બધાને માટે એમ નથી બનતું, પરંતુ જે જીવ વૈરાગ્યવંત હોય, જેના હૃદયમાં આત્માર્થ હોય તે જીવ તેવા પ્રસંગે જગતનું અસાર સ્વરૂપ વિચારીને

વૈરાગ્યના વેગથી આત્મા તરફ વળે છે એટલે તેનામાં સમતા અને દ્રઢતા સહેજે આવી જાય છે. જગતનો કોઈ પ્રસંગ તેના આત્માર્થને તોડી શકતો નથી.

અનિલકુમાર જૈન (નં. ૨૦૫) લખે છે કે– 'બાલવિભાગ' ખુલ્યા પછી હું આત્મધર્મ ખુબ રસપૂર્વક વાંચું છું 'દર્શનકથા' વાંચ્યા પછી રોજ જિનમંદિરે જવાની ભાવના થાય છે. (–બાલવિભાગના સભ્યોને કાર્ડ મોકલવાની આપની સૂચના મળી; ત્યાર પહેલાં જ અમે તે યોજના વિચારી રાખેલ છે. કાર્ડ તૈયાર થઈ રહ્યા છે. કાર્ડ જોઈને બધા બાળકો ખુશ–ખુશ થઈ જશે.)

પાલનપુરથી (સભ્ય નં. ૨૦૨) હર્ષિદાબેન લખે છે કે "આત્મધર્મનો બાલવિભાગ રસપૂર્વક વાંચું છું;" મેટ્રિકમાં પાસ થઈ હવે આગળ જવાને બદલે મેં પરમાર્થ માર્ગ આરાધવાનો નિશ્ચય કર્યો છે. મારા પૂ. પિતાજી પણ ધર્મમાં રસ લે છે ને મને સમજાવે છે..." દર્શનકથા' વાંચી; તે વાંચી ભગવાનના દર્શન કરી પછી બીજા કામ કરવાનો નિશ્ચય આજથી કરું છું."

બહેન, તમારી ભાવના માટે ધન્યવાદ! માતા–પિતા પોતાના બાળકોને ધાર્મિક સંસ્કારોનું સીંચન કરે એવું વાતાવરણ જૈનસમાજમાં ઘર–ઘરમાં પ્રસરે એમ ઈચ્છીએ. તમારા પ્રશ્નો તથા કાવ્ય પણ મળ્યું. કાવ્યમાં લખેલી ભાવના સારી છે; અવકાશ હશે તો 'આત્મધર્મ' માં ક્યારેક લઈશું.

પ્રશ્નઃ– સદ્ગુરુને ઓળખવા શું કરવું જોઈએ? (બીજાનો અભિપ્રાય માન્યા વિના પોતે શું કરવું?)

ઉત્તરઃ– વીતરાગ સ્વભાવની આરાધનારૂપ જેનું જીવન હોય અને જેમના ઉપદેશને અનુસરતાં પોતાના આત્માનું હિત થાય છે–એમ પોતાને લાગે એવા સંતને સદ્ગુરુ તરીકે ઓળખવા. (અહીં આપણે આત્મજ્ઞાની સંતને સદ્ગુરુ ગણીને વાત કરી છે. દેવ–ગુરુ–શાસ્ત્રમાં ગુરુ તરીકે રત્નત્રયધારી મુનિ ભગવંતોને સ્વીકારીએ છીએ.) જ્ઞાની સંતની ખરી ઓળખાણ તેમના સાક્ષાત્ પરિચય વડે થાય છે. શ્રીમદ્ રાજચંદ્રનું એક વચન છે કે "મુમુક્ષુનાં નેત્ર મહાત્માને ઓળખી લ્યે છે."

વળી બીજાનો અભિપ્રાય જેઓ માને છે તેઓ પણ પોતાને તે અભિપ્રાય બેઠો ત્યારે માને છે ને? આત્મહિતની સાચી જિજ્ઞાસા પોતામાં જાગે. એટલે આત્મહિતનો માર્ગ દેખાડનારા ગુરુને તે ઓળખી જ લ્યે; અને આત્માનું અહિત કરનારા કુગુરુની વાત તેને બેસે જ નહીં.

પ્રશ્નઃ– સદ્ગુરુનો યોગ શક્ય ન બને ત્યાં સુધી શું કરવું?

ઉત્તરઃ– સુપાત્ર જીવને પ્રથમ તો કોઈ ને કોઈ પ્રકારે સત્પુરુષનો યોગ મળી જ જાય છે. જુઓને, ભોગભૂમિમાં રહેલા ઋષભદેવ વગેરેના જીવોને સમ્યક્ત્વની પાત્રતા તૈયાર થઈ ત્યાં ઠેઠ વિદેહક્ષેત્રથી આકાશમાર્ગે બે વીતરાગી મુનિવરોએ આવીને તેમને પ્રતિબોધ્યા. (એક માસ પછી આત્મધર્મમાં તમે આ કથા વાંચશો.) આવા તો ઘણાય ઉદાહરણો છે. સદ્ગુરુની પ્રાપ્તિ પછી કાયમ તેમના યોગમાં રહેવાનું ન બની શકે તો તેમને પોતાના હૃદયમાં રાખીને, તેમણે પ્રતિબોધેલા ઉપદેશનું વૈરાગ્યપૂર્વક ચિંતન કરવું, આત્મહિતની પુષ્ટિ થાય એવા વિચાર તથા વાંચન કરવું, સાધર્મીનો સંગ તત્ત્વચર્ચા વગેરે કરવું. સાધર્મીનો સંગ એ મુખ્ય છે.

બાલવિભાગમાં ગુરુદેવના પ્રવચનમાંથી બાળકોને સમજાય તેવા લેખો આપવાનું આપે સુચવ્યું; તો આત્મધર્મમાં ગુરુદેવના પ્રવચનોનું દોહન અપાય જ છે, અને તે માટે જ 'આત્મધર્મ' છે. અનેક પ્રકારના લેખોમાં બાળકોને સમજાય તેવા લેખો પણ હોય છે, તે પસંદ કરીને વાંચી લેવા. બાકી તો બાળકો સિવાયનાં બીજા હજારો વાંચકો માટેની સામગ્રી પણ આપવી જોઈએ ને?

અમદાવાદથી નીલાબેન (સ. નં. ૧૧) લખે છે કે–"અમારી પરીક્ષા પૂર્ણ થઈ, પણ જીવનમાં તો ધર્મની પરીક્ષા જ કામમાં આવવાની છે. અત્યારથી જ મુક્તિની વાતો સાંભળી હૃદયમાં કંઈક ખળભળાટ થઈ જાય છે.....રજાઓમાં દર્શનપ્રતિજ્ઞા, બે સખી, બે રાજકુમારો–વગેરે પુસ્તકો વાંચ્યા; દર્શનપ્રતિજ્ઞાની ચોપડી વાંચ્યા પછી હું દરરોજ જિનેન્દ્ર ભગવાનના દર્શન–પૂજન કરું છું અને ગમે તેવી કસોટીમાં પણ દર્શન કરવાનું ન ભૂલવું–એવી પ્રતિજ્ઞા મેં લીધી છે."

–ધાર્મિક ઉત્સાહમાં ખુબ આગળ વધો એવી શુભેચ્છા સાથે તમને ધન્યવાદ!

નયનબાળા (સ. નં. ૧૧૫) ગઢડાથી પૂછે છે–ચાર તીર્થ કયા?

ઉત્તરઃ– મુનિ, અર્જિકા, શ્રાવક ને શ્રાવિકા એ ચાર તીર્થ છે; તેઓ રત્નત્રયરૂપી તીર્થવડે સંસારને તરવાનો ઉદ્યમ કરી રહ્યા છે તેથી તેઓ તીર્થ છે, પૂજ્ય છે. (આ ચારને ચતુર્વિધ સંઘ પણ કહેવાય છે.)

ભરતચક્રવર્તી છ ખંડના અધિપતિ હતા, તે છ ખંડ કયા? –તેની સમજણ આ અંકમાં જયશ્રીબેન ખારાના પ્રશ્નનો જે ઉત્તર અપાયેલ છે તેમાંના ચિત્રો જોવાથી ખ્યાલમાં આવશે.

# ભગવાન ઋષભદેવ

## તેમના છેલ્લા દશ અવતારની કથા

(મહાપુરાણના આધારે લે૦ બ્ર. હ. જૈનઃ લેખાંક બીજો)

[ આત્મધર્મમાં અંક ૨૭૧થી આપણે ભગવાન ઋષભદેવનું પવિત્ર જીવનચરિત્ર શરૂ કર્યું છે. પૂર્વે દશમા ભવે તે જીવ મહાબલરાજાના ભવમાં જૈનધર્મના સંસ્કાર પામ્યો, ત્યાંથી લલિતાંગદેવ થયો. હજી તે જીવ સમ્યગ્દર્શન નથી પામ્યો. સમ્યગ્દર્શન હજી એક ભવ પછી પામશે.....ને એની સમ્યગ્દર્શન પામવાની કથા વાંચતા આપણા રોમરોમ ઉલ્લસી જશે. ત્યાર પહેલાં સંતજનોની સેવા અને સત્સંગના પ્રતાપે તેના પરિણમનનો પ્રવાહ પલટવાની તૈયારી ચાલી રહી છે....એક લેખ પછીના લેખમાં તે મહાત્મા, સંતોના અપૂર્વ પ્રસાદવડે સમ્યગ્દર્શનથી અલંકૃત થશે.....ત્યાંસુધીમાં આપણે પણ તેમના જેવી તૈયારી કરીએ.....ને તેમના જીવનને અનુસરીએ..... સં. ]

[ ૩ ]

### ઋષભદેવનો આઠમો પૂર્વભવઃ વજ્રજંઘરાજા

આ જંબુદ્વીપના પૂર્વ વિદેહક્ષેત્રમાં પુષ્કલાવતી નામનો મનોહર દેશ છે; તેની ઉત્પલ ખેટકનગરીમાં વજ્રબાહુ નામનો રાજા હતો. ઋષભદેવનો જીવ સ્વર્ગમાંથી લલિતાંગદેવનો ભવ પૂરો કરીને આ વજ્રબાહુરાજાને ત્યાં અવતર્યો; તેનું નામ **‘વજ્રજંઘકુમાર’**.

લલિતાંગદેવની જે સ્વયંપ્રભા નામની મહાદેવી હતી તે પણ સ્વર્ગનું આયુષ્ય પૂરું થતાં છ મહિના સુધી જિનપૂજન કરતી થકી ત્યાંથી ચ્યુત થઈ, અને વિદેહક્ષેત્રની પુંડરીકિણીનગરીના રાજા વજ્રદંત ચક્રવર્તીની પુત્રી તરીકે જન્મી; એનું નામ **‘શ્રીમતી’**

એકવાર શ્રીમતી રાજભવનમાં હતી તે વખતે, તેના દાદા શ્રી યશોધર મુનિરાજને કેવળજ્ઞાન થયું અને તે કેવળજ્ઞાનની પૂજા કરવા માટે દેવોના વિમાનો ત્યાંથી પસાર થતા હતા, તે દેવવિમાનોને જોતાં જ તેને પોતાના પૂર્વ ભવનું સ્મરણ થઈ આવ્યું

અને વારંવાર લલિતાંગદેવનું સ્મરણ કરતી થકી તે મુર્છિત થઈ ગઈ. પંડિતા નામની ચતુર ધાવમાતાએ તેને સચેત કરીને મુર્છાનું કારણ પૂછયું. શ્રીમતીએ તેને પૂર્વભવનો બધો વૃત્તાંત કહ્યો; અને પોતાના પૂર્વભવ સંબંધી એક ચિત્રપટ બનાવીને તેને આપતાં કહ્યું કે હે સખી! આ ચિત્રના ગૂઢ વિષયોને પણ જે ઓળખી કાઢે તેને તું મારા (પૂર્વ ભવના) પતિ (–લલિતાંગદેવનો જીવ) સમજજે. ધાવમાતા એ ચિત્ર લઈને વિદાય થઈ અને જિનમંદિરની ચિત્રશાળામાં પ્રદર્શિત કર્યું.....

હવે આ દરમિયાન શ્રીમતીના પિતા વજ્રદન્તરાજાને બે વધામણી એક સાથે પ્રાપ્ત થઈ; એક તો તેમના પિતા યશોધર મુનિરાજને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ તે; અને બીજી આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું તે; ધર્મપ્રેમી વિવેકી મહારાજાએ પ્રથમ કેવળજ્ઞાનની પૂજા કરવાનો નિર્ણય કર્યો. જગતગુરુ યશોધર ભગવાનની મહાપૂજા કરીને, વજ્રદન્તરાજાએ તેમના ચરણોમાં પ્રણામ કર્યા કે તરત જ તેને અવધિજ્ઞાન પ્રાપ્ત થયું. તે યોગ્ય જ છે, કેમકે વિશુદ્ધ પરિણામોથી કરવામાં આવેલી ભક્તિ ફળીભૂત કેમ ન થાય?–અને તે શું શું ફળ ન આપે? તે અવધિજ્ઞાનથી રાજાએ જાણી લીધું કે પૂર્વેભવે હું અચ્યુતસ્વર્ગનો ઇન્દ્ર હતો, અને આ મારી પુત્રી શ્રીમતી લલિતાંગદેવની દેવી હતી. યશોધર ભગવાનની પૂજા કરીને પાછા આવ્યા બાદ રાજા ચક્રરત્ન લઈને દિગ્‌વિજય કરવા માટે નીકળ્યો. અને કેટલાક સમયમાં દિગ્‌વિજય કરીને પોતાની નગરીમાં પ્રવેશ કર્યા.

નગરમાં આવીને તે ચક્રવર્તીને પોતાની શોકમગ્ન પુત્રી–શ્રીમતીને બોલાવીને કહ્યું: હે પુત્રી! તું શોક ન કર, ને મૌન છોડ; સાંભળ! હું અવધિજ્ઞાનદ્વારા તારા પતિનો બધો વૃત્તાંત કહું છું. પૂર્વભવનો તારો પતિ (લલિતાંગદેવ) આ મનુષ્યલોકમાં જ અવતર્યો છે ને તે આપણો નજીકનો સંબંધી થાય છે, તથા થોડા જ વખતમાં તે તારો પતિ થશે. વળી સાંભળ! પૂર્વેભવે હું જ્યારે અચ્યુતેન્દ્ર હતો ત્યારે બે ઇન્દ્રો મારી પાસે આવેલા, તમે બન્ને (લલિતાંગ અને સ્વયંપ્રભા) પણ તેમની સાથે જ હતા, તે ઇન્દ્રોએ મને યુગંધરસ્વામીનું ચરિત્ર પૂછયું કે: **“હે દેવ! અમે બંનેએ યુગંધર તીર્થંકરના તીર્થમાં સમ્યગ્દર્શન પ્રાપ્ત કર્યું છે, તેથી તેમનું પૂરું ચરિત્ર જાણવાની અમને ઈચ્છા છે માટે તે કહો” તે વખતે મેં યુગંધર તીર્થંકરના પૂર્વ ભવોનું ચરિત્ર કહ્યું હતું; તે સાંભળીને અનેક જીવો સમ્યગ્દર્શન પામ્યા હતા, તથા તમે બંને પણ અતિશય ધર્મપ્રેમ પામ્યા હતા.** વળી ત્યાં આપણે બધા દેવો સ્વયંભૂરમણ સમુદ્ર ક્રીડા કરવા જતા હતા. –એ બધું પણ તને યાદ હશે! શ્રીમતીએ કહ્યું: હા પિતાજી; એ બધું મારા હૃદયમાં પ્રત્યક્ષની જેમ જ પ્રતિભાસીત થઈ રહ્યું છે, પરંતુ લલિતાંગ ક્યાં ઉત્પન્ન થયા છે –તે જાણવામાટે મારું

ચિત્ત ચંચળ છે. વજ્રદંતરાજાએ કહ્યું: હે પુત્રી ! તે લલિતાંગ, વજ્રજંઘ નામનો રાજકુમાર થયો છે, આજથી ત્રીજા દિવસે તને તેનો સમાગમ થશે, અને તે જ તારો પતિ થશે. આમ કહીને રાજા વિદાય થયો.

શ્રીમતીને એક તરફથી રાજએ ઉપરોક્ત સમાચાર આપ્યા. અને બીજી તરફથી તેની પંડિતા સખી પણ ચિત્રપટ સંબંધી સમાચાર લઈને આવી પહોંચી તેણે કહ્યું: હે સખી ! તારું આ ચિત્રપટ અનેક લોકોએ જોયું પણ કોઈ તેના ગૂઢાર્થ સમજી ન શક્યા; છેવટે વજ્રજંઘકુમાર ત્યાં આવ્યા અને આ ચિત્ર જોતાં જ તેને બધું પરિચિત લાગ્યું....પૂર્વ ભવના સ્મરણથી ક્ષણભર તે વિચારમાં પડી ગયા....તેની આંખોમાંથી આસું ઝરવા લાગ્યા...અને તે મૂર્છિત થઈ ગયા. ત્યારબાદ અનેક ઉપાયોથી સચેત થતાં તેણે બધી વિગત કહી, તથા પોતાનું બનાવેલું એક ચિત્રપટ પણ આપ્યું. આમ કહીને પંડિતાએ વજ્રજંઘે આપેલું ચિત્રપટ શ્રીમતીને આપ્યું; તે ચિત્રપટ જોતાં જ, **જેમ ભવ્ય જીવો અધ્યાત્મશાસ્ત્રને જોતાં જ પ્રમુદિત થાય તેમ,** શ્રીમતી પ્રમુદિત થઈ, અને તેની આકુળતા દૂર થઈ.

એવામાં રાજા વજ્રબાહુ પોતાના પુત્ર વજ્રજંઘ સહિત ત્યાં પહોંચ્યો; ત્યારે ચક્રવર્તીએ પોતાના બનેવી વજ્રબાહુને સન્માનપૂર્વક કહ્યું કે આજે આપ પુત્ર સહિત મારે ઘેર પધાર્યા તેથી મારું મન અતિશય પ્રસન્ન થયું છે; આપને મારા ઉપર અસાધારણ પ્રીતિ હોય તો મારા ઘરમાં જે કોઈ વસ્તુ આપને ઉત્તમ લાગતી હોય તે લઈ લો.

ત્યારે વજ્રબાહુએ કહ્યું: હે ચક્રેશ ! આપના પ્રસાદથી મારે ત્યાં બધું જ છે; છતાં આપનો પ્રેમભર્યો આગ્રહ છે તો એટલું માંગું છું કે આપની શ્રીમતી પુત્રી મારા પુત્ર વજ્રજંઘને આપો. –ચક્રવર્તીએ પ્રસન્નતાપૂર્વક એ વાતનો સ્વીકાર કરતાં કહ્યું –એ બંનેને જન્માંતરનો સ્નેહ ચાલ્યો આવે છે તેથી તેમનો વિવાહસંબંધ યોગ્ય છે.

આ રીતે ઉત્સવપૂર્વક વજ્રજંઘ અને શ્રીમતીના વિવાહ થયા, ત્યારબાદ પોતાનો ધાર્મિક ઉત્સાહ પ્રગટ કરવા માટે વજ્રજંઘકુમાર શ્રીમતિસહિત મહાપવિત્ર જિનમંદિરે ગયો, અને ત્યાં બિરાજમાન સુવર્ણમય પ્રતિમાઓનો અભિષેક કરીને અષ્ટદ્રવ્યથી પૂજન કર્યું, તથા મુનિવરોનાં દર્શન કર્યા. અને પછી પુંડરીકિણી નગરીમાં પાછા આવીને નિવાસ કર્યો. ત્યાં ઘણા કાળ સુધી ચક્રવર્તીના ભવનમાં રહ્યા બાદ વિદાય લઈને વજ્રજંઘકુમાર શ્રીમતી સહિત પોતાના ઉત્પલખેટકનગરમાં આવ્યો. ક્રમક્રમથી તેને ૯૮ પુત્રો થયા.

એક દિવસ વજ્રજંઘના પિતાને સંસારથી વૈરાગ્ય ઉત્પન્ન થતાં, પોતાના પુત્ર વજ્રજંઘનો રાજ્યાભિષેક કરીને પોતે જિનદીક્ષા અંગીકાર

કરી; તે વખતે શ્રીમતીના ૯૮ પુત્રોએ પણ તેની સાથે જ દીક્ષા લીધી.

આ તરફ પુંડરીકિણીનગરીમાં શ્રીમતીના પિતા વજ્રદન્ત ચક્રવર્તી પણ ક્રમળમાં મૃત ભ્રમરને દેખીને સંસારથી વિરક્ત થયા. અને અમિતતેજ વગેરે પુત્રને રાજ્ય સોંપવા માંડયું, પરંતુ તે પુત્રો પણ વૈરાગ્ય પામ્યા હોવાથી કોઈએ રાજ્યનો સ્વીકાર ન કર્યો; આથી છેવટે પુંડરીક નામના નાની ઉમરના પૌત્રને રાજ્યભાર સોંપીને, વજ્રદન્ત ચક્રવર્તીએ સાઠ હજાર રાણીઓ, વીસહજાર રાજાઓ તથા એક હજાર પુત્રો સહિત દીક્ષા ધારણ કરી, તે વખતે શ્રીમતીની સખી પંડિતાએ પણ આર્યિકાના વ્રતરૂપ દીક્ષા ધારણ કરી.

અહીં રાજમાતા લક્ષ્મીમતીને ચિંતા થઈ કે પુંડરીક તો હજી નાનો બાળક છે તે આવડા મોટા રાજ્યનો ભાર શી રીતે સંભાળી શકશે? તેથી તેણે ઉત્પલખેટકનગર સંદેશો મોકલીને રાજા વજ્રજંઘને સહાય માટે તેડાવ્યો. સંદેશ મળતાં જ રાજા વજ્રજંઘ પુંડરીકિણીનગરી જવાં માટે તૈયાર થયો. ( ૧ ) મતિવરમંત્રી, ( ૨ ) આનંદપુરોહિત ( ૩ ) ધનમિત્ર શેઠ અને ( ૪ ) અકંપન સેનાપતિ–એ ચારેએ પણ વજ્રજંઘરાજાની સાથે જ પ્રસ્થાન કર્યું. રાણીશ્રીમતી વગેરે પણ સાથે જ હતા.

ચાલતાં ચાલતાં આખી સેના શષ્પ નામના સરોવરને કિનારે આવી પહોંચી. ને ત્યાં પડાવ નાખ્યો. **ભવિષ્યમાં જેઓ તીર્થંકર અને ગણધર થવાના છે એવા વજ્રજંઘ અને શ્રીમતીનો મુકામ થવાથી આખું વન પણ જાણે કે પ્રફુલ્લિત થયું હોય તેમ શોભી ઊઠયું.** સ્નાનાદિ બાદ સૌએ ભોજનની તૈયારી કરી. એવામાં એક આનંદકારી ઘટના બની.....



‘શું બન્યું ? ’ તે માટે જાણવા આત્મધર્મનો આવતો અંક જુઓ.

# षटखंडागमરૂપ અમૃતનું ફળ

સર્વજ્ઞ પરંપરાથી આવેલા षटखंडागमની પ્રમાણીકતા બતાવીને, અને તે જિનવાણીરૂપ અમૃતના અભ્યાસનું ફળ મોક્ષ બતાવીને આચાર્યદેવે મોક્ષાભિલાષી ભવ્યજીવોને તેના અભ્યાસની ભલામણ કરી છે. આ સંબંધમાં પુસ્તક ૯ પૃષ્ઠ ૧૩૨–૧૩૩ માં શ્રી વીરસેનસ્વામી, વીરજિનેન્દ્રના મોક્ષગમન પછી લોહાચાર્ય સુધીની પરંપરા બતાવીને પછી કહે છે કે લોહાચાર્યનું સ્વર્ગગમન થતાં આચારંગરૂપી સૂર્ય અસ્ત થઈ ગયો. આ રીતે ભરતક્ષેત્રમાં બાર અંગરૂપ સૂર્યનો અસ્ત થઈ જતાં બાકીના આચાર્યો બધા અંગ–પૂર્વના એકદેશભૂત 'पेज्जदोष' અને 'महाकम्मपयडि पाहुड' વગેરેના ધારક થયા. આ રીતે પ્રમાણીભૂત મહર્ષિરૂપ પ્રણાલીદ્વારા આવીને મહાકર્મપ્રકૃતિ–પ્રાભૃતરૂપી–અમૃતજલ–પ્રવાહ ધરસેન ભટ્ટારકને પ્રાપ્ત થયો.

તેમણે પણ ગિરિનગરની ચન્દ્રગૂફામાં સમ્પૂર્ણ મહાકર્મપ્રકૃતિ–પ્રાભૃત ભૂતબલિ અને પુષ્પદન્ત મુનિઓને અર્પિત કર્યું. પછી, શ્રુતરૂપી નદીના પ્રવાહના વ્યુચ્છેદના ભયથી ભૂતબલિ ભટ્ટારકે ભવ્યજનોના અનુગ્રહ–અર્થે મહાકર્મપ્રકૃતિ–પ્રાભૃતનો ઉપસંહાર કરીને છહ ખંડ (षटखंडागम) ની રચના કરી. આથી ત્રિકાળવિષયક સમસ્ત પદાર્થોને વિષય કરનારા પ્રત્યક્ષ અનંત કેવળજ્ઞાનવડે પ્રભાવિત હોવાથી અને પ્રમાણીભૂત આચાર્યોની પરંપરાથી આવવાને કારણે, દ્રષ્ટ કે ઇષ્ટ વિરોધના અભાવ હોવાથી આ ગ્રંથ પ્રમાણરૂપ છે.

(આ પ્રમાણે षटखंडागम ની પ્રમાણીકતા સિદ્ધ કરીને તેના અભ્યાસની ભલામણ કરતાં શ્રી વીરસેનસ્વામી કહે છે કે–)

આ કારણે મોક્ષાભિલાષી ભવ્ય જીવોએ આનો અભ્યાસ કરવો જોઈએ. પરંતુ "આ ગ્રંથ તો અલ્પ છે (બાર અંગનો થોડોક જ ભાગ છે) તેથી તે મોક્ષરૂપ કાર્યને ઉત્પન્ન કરવામાં અસમર્થ છે" –એમ શંકા ન કરવી; કેમકે. અમૃતના સો ઘડા પીવાનું જે ફળ છે તે એક અંજલિપ્રમાણ અમૃત પીવામાં પણ પ્રાપ્ત થાય છે.

# પરમ શ્રુત षटखंडागम

જે શ્રુતના બહુમાનમાં શ્રુતપંચમી જેવું પર્વ પ્રવર્ત્યું, અને થોડા વર્ષો પહેલાં જે શ્રુતનાં દર્શન પણ દુર્લભ હતા તે પરમ પાવન જિનવાણી ષટ્ખંડાગમની તાડપત્ર ઉપર લખેલી મૂળ પ્રતિના અહીં (સામે પાને આપેલા ચિત્રમાં) દર્શન થાય છે. આ પ્રતો અત્યારે પણ મૂડબિદ્રિના મંદિરમાં બિરાજમાન છે, હજારો ભક્તો અત્યંત ભક્તિપૂર્વક એનાં દર્શન કરે છે; અને આપણને પણ ગુરુદેવ સાથે બે વખત એ જિનવાણીનાં દર્શન-સ્પર્શનનું મહાભાગ્ય મળ્યું છે. સામે પાને ચિત્રમાં સાત તાડપત્ર દેખાય છે. તેનો પરિચય-

૧. આ તાડપત્ર ષટ્ખંડાગમ-ધવલ ગ્રંથનુ છે. તેની મધ્યમાં પાંચ તીર્થંકરોનાં ચિત્રો છે. બંને છેડા પર પ્રવચન કરતા આચાર્ય અને શ્રોતા-શ્રાવકનું દ્રશ્ય છે.

૨. બીજાું તાડપત્ર પણ ધવલગ્રંથનું છે; વચ્ચે તીર્થંકર બિરાજમાન છે અને બંને તરફ ૭-૭ ભક્તજનો વંદના કરી રહ્યા છે.


૩. આ તાડપત્ર ઉપર કાનડી લિપિમાં હસ્તલિખિત ધવલ છે.

૪. આ તાડપત્ર ઉપર કાનડી લિપિમાં મહાધવલ લખેલ છે.


૫. આ તાડપત્ર जयधवल ગ્રંથનું છે. બંને બાજુ ચિત્રો છે. બીજા છેડાના ચિત્રમાં બાહુબલી ભગવાનનું દ્રશ્ય છે.

૬. આ महाधवल નું ૨૭મું પાનું છે. વચ્ચે કાનડીલિપિમાં લખાણ તથા બંને બાજુ ચિત્રો છે.

૭. આ તાડપત્ર ત્રિલોકસાર ગ્રંથનું છે; ત્રિલોકસારમાં જેનું વર્ણન આવે છે તેનાં ચિત્રો આ પત્રમાં દોરેલા છે. વચ્ચે ત્રણલોકનું ચિત્ર છે; તથા આજુ બાજુ નંદીશ્વર, જંબુદ્વીપ, કાળચક્ર, સમવસરણ મંડળ, અઢીદ્વીપ વગેરેનાં દ્રશ્યો દેખાય છે.





१. मूडबिद्रीमें सिद्धान्त ग्रंथोंके कुछ खुले हुए सचित्र व लिखित ताडतत्र.



३. मूडबिद्रीका सिद्धान्त मंदिर ( गुरुबसदि )

'ષટ્ખંડાગમ વગેરે જિનવાણીની તાડપત્રીય પ્રતો આ જિનમંદિરમાં બિરાજમાન છે. સુપ્રસિદ્ધ રત્નમણિના ૩૫ જિનબિંબો પણ આ મંદિરમાં બિરાજે છે. પૂ. ગુરુદેવ સાથે આપણે બે વાર આ પાવન તીર્થની યાત્રા કરી છે ને અત્યંત ભક્તિથી જિનબિંબો તથા જિનવાણીનાં દર્શન કર્યાં છે.



२. मूडबिद्रीमें सिद्धान्त ग्रंथोंकी प्रतियां बंधी हुई

**ષટ્ખંડાગમ વગેરે સિધ્ધાન્તગ્રંથોની તાડપત્રીય પ્રતો.**

નીચેથી ઉપર તરફ પ્રથમ પ્રત ધવલની છે, બીજી મહાધવલ ( મહાબંધ ) તથા ત્રીજી જયધવલની છે. આ પવિત્ર શ્રુતના પ્રતાપે મૂડબિદ્રિ એ દક્ષિણદેશનું એક પાવન તીર્થ બન્યું છે.

**આ પ્રતિઓ જોતાં તેના લેખકે શ્રુતની કેટલી ભક્તિપૂર્વક તેનું આલેખન કર્યું હશે! તે દેખાઈ આવે છે. શ્રુતભક્તો સેંકડો વર્ષોથી આ તાડપત્રોની રક્ષા કરતા આવ્યા છે. આજે આપણા મહાભાગ્યે આ વીર-વાણીની આપણે સ્વાધ્યાય કરી શકીએ એ રીતે દેશભાષામાં તેનું પ્રકાશન થયું છે. ધવલના ૧૬ પુસ્તક અને મહાધવલના (-જેનું સાચું નામ મહાબંધ છે તેના) ૭ પુસ્તક -એમ ૨૩ પુસ્તકમાં** षट्खंडागम **(ધવલ-મહાધવલ ટીકા સહિત) પૂર્ણ થાય છે. અને** जयधवल **એ 'કષાયપ્રાભૃત' ની ટીકા છે; તેનું પ્રકાશન હજુ અધૂરું છે; ૯ પુસ્તકો પ્રકાશિત થાય છે, બાકીનાં પુસ્તકો પ્રકાશિત થવાની જિજ્ઞાસુઓ રાહ જુએ છે.**

**આ ધવલસિદ્ધાંતના તાડપત્રોની લંબાઈ ૨ ફુટ અને પહોળાઈ ૨ાા ઈંચ છે; પત્રોની સંખ્યા ૫૯૨ છે. દરેક પાનાં પર લગભગ ૧૪ પંક્તિ છે અને દરેક પંક્તિમાં સરેરાશ ૧૩૮ અક્ષર છે. એટલે દરેક તાડપત્ર ઉપરના શ્લોકની સંખ્યા અંદાજ ૧૨૦ાા થાય છે, ને કૂલ ગ્રંથનું લખાણ ૭૧૪૮૪ શ્લોક જેટલું થાય છે. (ધવલા ટીકા ૭૨હજાર શ્લોક પ્રમાણ ગણાય છે.)**

**મૂડબિદ્રિમાં ધવલસિદ્ધાંતની તાડપત્રીય પ્રતિ એક જ નહિ પરંતુ ત્રણ છે. મહાધવલના તાડપત્રોની લંબાઈ ૨ ફૂટ ૪ ઈંચ ને પહોળાઈ ૨ાા ઈંચ છે. પત્ર સંખ્યા ૨૦૦ છે.**

**તાડપાત્રમાં વચ્ચે બે કાણાં દેખાય છે તેમાં દોરી પરોવીને બાંધવા માટે છે. વજનદાર સૂયાવડે તાડપત્રમાં લખતાં તેમા અક્ષર કોતરાઈ જાય છે, ને પછી તેમાં શાહી ભરતાં તે અક્ષરો સ્પષ્ટ વંચાય છે.**

**જયધવલ-સિદ્ધાંતના તાડપત્રની લંબાઈ ૨ા ફુટ અને પહોળાઈ ૨ાા ઈંચ છે. પાનાં ૧૧૮ છે.**

**પવિત્ર સિદ્ધાંતની આ પ્રતો મૂડબિદ્રિના જિનમંદિરમાં બિરાજમાન છે તેનું ચિત્ર સામે આપ્યું છે; તે મંદિરને 'સિદ્ધાંત મંદિર'** सिद्धांत वसदि **અથવા** गुरुबसदि **કહેવામાં આવે છે. તેમાં મૂળનાયક પાર્શ્વનાથ ભગવાન છે.**

**સુપ્રસિદ્ધ રત્નમય જિનબિંબો પણ આ મંદિરમાં બિરાજમાન છે. આ રીતે જિનદેવ અને જિનવાણી બંને જ્યાં બિરાજી રહ્યા છે એવા આ મૂડબિદ્રિ તીર્થધામને નમસ્કાર હો. એ પાવન શ્રુતના જન્મધામ રાજગૃહી-વિપુલાચલ તીર્થને નમસ્કાર હો. શ્રુતધર સન્તોએ એ પાવન શ્રુતનો પ્રવાહ મુનિઓને જ્યાં આપ્યો તે પવિત્ર ગીરનાર-ચંદ્રગૂફાને નમસ્કાર હો....અને સંતોએ એ પાવનશ્રુતને પુસ્તકારુઢ કરીને જ્યાં શ્રુતની મહાપૂજા કરી તે શ્રુતધામ અંકલેશ્વરને નમસ્કાર હો.**

**ભાવશ્રુતધારી સર્વે વીતરાગી સન્તોને નમસ્કાર હો.**

## ચન્દ્રગૂફા

સં. ૨૦૧૪ ના માહ સુદ દશમના રોજ પૂ. શ્રી કહાનગુરુ સાથે ગીરનાર તીર્થની યાત્રા કરવા ગયેલા ત્યારે, ગીરનારગિરિનો ખોળો ખૂંદતા ખૂંદતા, ધરસેનસ્વામીને પરમભક્તિથી યાદ કરતા કરતા, **ચન્દ્રગુફા** શોધીને તેમાં જઈ પહોંચ્યા! અહા, એ ચંદ્રગૂફાના ધીર–ગંભીર–વૈરાગ્ય ભરેલા ઉપશાંત દ્રશ્યની શી વાત! જાણે ચારેકોર ઉપશાંતરસ છવાયેલ હોય ને તેની વચ્ચે બેઠા હોઈએ! ગૂફાના બાકોરામાંથી જોતાં જાણે કે વિશ્વથી આત્માની અત્યંત ભિન્નતા સ્પષ્ટ દેખાય છે.

આવી ગૂફામાં પ્રવેશતાં ઘણો હર્ષ થયો. અને તેમાંય તે ગૂફામાં ધરસેનસ્વામીના અતિ પ્રાચીન ચરણપાદૂકાનાં દર્શન થયા ત્યારે તો જાણે સાક્ષાત્ ધરસેનપ્રભુના દર્શન જેવા જ આનંદભક્તિ ઉલ્લસ્યા. અહીં આ ગૂફામાં જ ધરસેનસ્વામી રહેતા હતા ને પુષ્પદંત–ભૂતબલિસ્વામીને વીતરાગી શ્રુતનું અગાધજ્ઞાન આપતા હતા. આપણે પણ એ પાવન શ્રુત લઈએ એવી સાતિશય ઉર્મિ એ ગૂફામાં જાગતી હતી. ષટ્ખંડાગમ સિદ્ધાંતનું આ જન્મધામ......મહાભાગ્યે જોવા મળ્યું. (આ ચંદ્રગૂફામાં વીતરાગી ગુરુઓ વસ્યા તેથી તેને ગુરુજીની ગૂફા, ને હાલમાં તેના વિકૃતરૂપ તરીકે ગોરજીની ગૂફા, કહેવાય છે.)

ચંદ્રગૂફાસ્થિત સંતોને અને તેમના દિવ્યશ્રુતને નમસ્કાર હો.

卐

# વિવિધવચનામૃત

[ આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંક ૧૮ ]

卐

## ( ૨૪૧ ) ભૂખ્યાને અમૃત મળે તો......

જેમ, ઘણા દિવસના ભૂખ્યા–તરસ્યા મનુષ્યને મનપસંદ ભોજન ને ઠંડા પાણી પીવા મળે તો કેટલી હોંસથી તે તેને ખાવા માંડે તથા કેટલી હોંસથી પાણી પીએ ?

તેમ અનંત–અનંત કાળથી ભવભ્રમણમાં રખડી રખડીને મોહથી આકૂળ–વ્યાકુળ સંતપ્ત જીવને સત્સમાગમ અને જિનવચનરૂપી પરમ અમૃત મળ્યું; અમૃત તેને કહેવાય કે જેની પ્રાપ્તિ પછી ફરીને મૃત્યુ ન થાય, સિદ્ધદશા થાય. આવા જિનવચનરૂપી અમૃત અને શ્રુતજ્ઞાનરૂપી અમૃત મળે તો જિજ્ઞાસુ જીવ કેટલી ધગશથી તેનું પાન કરે ?

જિજ્ઞાસુ કહે છે કે અનાજ અને પાણી એ મારો સાચો ખોરાક નથી, મારો સાચો ખોરાક તો અંતરના ભાવશ્રુતના ઘોલનપૂર્વક જિનવાણીનું શ્રવણ–મનન–અનુભવન કરવું તે છે.

卐

## ( ૨૪૨ ) મુમુક્ષુની જવાબદારી

હે જીવ ! તારા સ્વભાવને સાધવાની સાચી જવાબદારી તું લે. સંસારના બાહ્ય કાર્યોની જવાબદારી તારા માથેથી ઉતારી નાંખ. સંસારમાં રાષ્ટ્રના, કુટુંબના, શરીરના કે રાગના કાર્યોની જવાબદારી તું તારા ઉપર માની રહ્યો છો, પણ તે કોઈ કાર્યની જવાબદારી તારા ઉપર નથી, એ કોઈ તારું કર્તવ્ય નથી. જગતના પદાર્થોમાં થવા યોગ્ય કાર્યો એની મેળે થયા કરે છે. તું મફતનો તેની જવાબદારી ( –કર્તાપણાનું અભિમાન ) માથે લઈને તારા આત્માની સાચી જવાબદારી ( જ્ઞાતાભાવ ) ને ભૂલી જાય છે. માટે જગતના કાર્યોની ચિંતા છોડી–તેનાથી ઉદાસીન થઈ, તારા નિજસ્વભાવના કાર્યને સંભાળ. સંસારકાર્યોને છોડી–છોડીને અનંતા જીવો સિદ્ધિમાં સિધાવ્યા, છતાં જગતનું કોઈ કાર્ય અટકી નથી રહ્યું; અને અજ્ઞાનીએ અનંતકાળ સંસારના કાર્યોમાં ગાળ્યો છતાં સંસારના કાર્ય પૂરાં નથી થયા. માટે હે

ભાઈ! તું બીજા કાર્યોની જવાબદારીનો બોજો છોડીને, તારા આત્મહિતના કાર્યને સંભાળ–એ જ મુમુક્ષુની મોટામાં મોટી જવાબદારી છે.

**( ૨૪૩ ) આત્મિક સાધનાનું મૂળ ભેદજ્ઞાન**

આત્માને પરથી જાુદો જાણ્યા વગર પર ચીજ ઉપરથી અહંપણું કે મમત્વ ટળે નહિ. જેને પોતાનું માને તેનું મમત્વ કેમ છોડે? પરનું મમત્વ છુટયા વગર નિજસ્વરૂપની સાધના થઈ શકે નહિ. આ રીતે સ્વ–પરનું ભેદજ્ઞાન તે આત્મિક–સાધનાનું મૂળ કારણ છે.

卐

**( ૨૪૪ ) આત્માર્થીનું પરિણમન**

જે જીવ આત્માર્થી થયો તેનું પરિણમન આત્મા તરફ વળ્યું, એટલે સંસાર અને સંસાર તરફના ભાવોથી તેનું વલણ સંકોચાવા લાગ્યું. પોતાના જ્ઞાન–આનંદભરપૂર આત્માનો પ્રેમ કરીને અન્ય સમસ્ત ભાવોનો પ્રેમ તેણે છોડયો છે; બહારના ભાવ અનંતકાળ કર્યા હવે એનું પરિણમન અંદર ઢળે છે ચૈતન્યના અવિહડ પ્રેમે ઉપડયો, તેના પરિણમનને અંતરસ્વરૂપમાં ઢળતાં હવે કોઈ રોકી શકે નહિ.

卐

**( ૨૪૫ ) એક સેંકડમાં અનંતી કમાણી**

એક સેંકડમાં લાખો–કરોડો રૂપિયા પ્રાપ્ત થવાનો અવસર આવે તો પૈસાનો પ્રેમી મનુષ્ય કેવી હોંશથી ઉદ્યમ કરે છે?

તો આત્માના પ્રેમી હે જિજ્ઞાસા ભાઈ! આ એક જીવનમાં અનંત જન્મમરણને ટાળી નાંખવાનો ને આત્માના અનંત નિધાન પ્રાસ કરવાનો સુઅવસર તને મળ્યો છે, માટે ક્ષણનાય વિલંબ વિના સર્વ પ્રકારે તું આત્માની સમજણનો ઉદ્યમ કર ને તેની આરાધના કર. એક ભવ આત્માની આરાધનામાં ગાળવાથી તારા અનંત ભવનાં દુઃખ ટળી જશે ને તને અનંત મોક્ષસુખ પ્રાપ્ત થશે.

卐

**( ૨૪૬ ) તે ભલે સૂએ**

જેને મૃત્યુ સાથે મિત્રતા હોય, અથવા જે મૃત્યુથી દૂર ભાગી શકે તેમ હોય, અથવા તો ‘મારે કદી મૃત્યુ આવવાનું જ નથી’ એવો જેને નિશ્ચય હોય તે ભલે સુખેથી સુવે! –પણ, આ દેહનો સંયોગ ક્ષણિક છે, અવશ્ય એકવાર મૃત્યુ થવાનું જ છે–એમ જેણે નિર્ણય છે એવા પ્રાણીઓ સુખે સુવામાં પોતાનો કાળ વ્યર્થ કેમ ગુમાવે? તેઓ તો જીવનની પળેપળે આત્મહિત માટે જાગૃત રહે છે; ઊંઘ વખતેય સ્વપ્નમાં આત્મહિત માટેની જાગૃતી ખસતી નથી.

卐

**( ૨૪૭ ) જિનશાસનના સંતો**

જિનશાસનના આરાધક જીવો ભવભ્રમણથી થાકીને જગતથી ઉદાસ થયેલા છે, ને આત્મિકસુખના પિપાસુ થઈને તેને સાધવા

કટિબદ્ધ થયા છે. જિનશાસનના સંતોની દશા જગતથી નીરાળી છે. જિનશાસનને જેણે સ્વીકાર્યું તેણે સર્વજ્ઞને સ્વીકાર્યા, તેણે પોતાની મુક્તિ સ્વીકારી, તે મોક્ષમાર્ગમાં આવ્યો.

卐

## ( ૨૪૮ ) જ્ઞાન

'જ્ઞાન' બધા પરિણામથી જાુદું રહીને જાણે છે....આનંદ વગેરે નિજપરિણામમાં તે તન્મય થાય છે. આ રીતે, સ્વને તન્મય થઈને જાણે છે, પરને પૃથક્ રહીને જાણે છે.

卐

## ( ૨૪૯ ) અનેકાન્તની મૂર્તિ

* અનેકાન્તમય આત્મવસ્તુને જેઓ શ્રધ્ધે છે તેઓ સમ્યગ્દ્રષ્ટિ છે.
* અનેકાન્તમય આત્મવસ્તુને જેઓ જાણે છે તેઓ સમ્યગ્જ્ઞાની છે.
* અનેકાન્તમય આત્મવસ્તુમાં લીન થઈને તેને જેઓ અનુભવે છે તેઓ સમ્યક્ ચારિત્રી છે.
* આ રીતે અનેકાન્તમય આત્મવસ્તુની શ્રદ્ધા જ્ઞાન અને અનુભવ કરનાર જીવો સાક્ષાત્ જ્ઞાનસ્વરૂપ થાય છે એટલે કે મોક્ષદશારૂપ પરિણમે છે, અને તેઓ સ્વયં 'અનેકાન્ત ની મૂર્તિ છે.

卐

## ( ૨૫૦ ) સિંહના પંજામાં હરણ

એકાકી જંગલમાં ક્રૂર સિંહના પંજામાં ફસાયેલું હરણ મૃત્યુથી બચવા માટે કેવું આતુર અને પ્રયત્નશીલ હોય છે? માત્ર એક જ વખતના મરણથી બચવા માટે પણ તે આવી તાલાવેલી અને પ્રયત્ન કરે છે. તો આ જીવરૂપી હરણ અજ્ઞાનરૂપી સિંહના પંજામાં ફસાઈને અનંત જન્મ-મરણમાં પડેલો છે, તે અનંત જન્મ-મરણરૂપી સિંહના મુખમાંથી આ આત્મારૂપી હરણને છોડાવવા માટે કેટલી તાલાવેલી અને ધગશપૂર્વક પ્રયત્ન હોય!!

સિંહના મુખમાં પડેલા હરણને શું ઊંઘ આવે! શું લીલા ઘાસ ખાવાનું એને યાદ આવે? શું હરણી કે બચ્ચાં તે વખતે યાદ આવે? જીવનની આશા આડે બધું ભૂલી જાય. તેમ આત્મજિજ્ઞાસુનું પણ સમજવું. આત્મજીવન સાધવાની એક જ ધૂન આડે બીજે બધેથી તેનો રસ ઊડી જાય છે.

## ચિદાનંદ ભગવાનની સ્તુતિ

शोभित निज अनुभूतिजुत चिदानंद भगवान।
सार पदारथ आतमा सकल पदारथ जान।।

આ ચિદાનંદભગવાન પોતાના સ્વાનુભવથી સુશોભિત છે, તે સર્વ પદાર્થમાં સારભૂત છે અને સમસ્ત પદાર્થોનો જ્ઞાતા છે.

પં. બનારસીદાસજી




ધર્મવત્સલ બાલબંધુઓ,

બાલ વિભાગમાં તમારો સૌનો ઉત્સાહ જોઈને, તેના વિકાસ માટે અનેક જિજ્ઞાસુઓ તરફથી પ્રોત્સાહન મળી રહ્યું છે. બાળકોનાં ઈનામ માટે કેટલીક રકમો પણ આવેલી છે, અને હવે 'દર્શનકથા' પછી બીજું ઈનામ શું આપવું? તે વિચારી રહ્યા છીએ. અત્યારે તમારે રજાના દિવસો છે; રજાના દિવસોને એકલી બહારની મજામાં વાપરી ન નાંખશો, પણ નવા નવા ધાર્મિક સાહિત્યનું વાંચન કરીને નવું નવું જ્ઞાન મેળવજો, ધર્માત્માઓનો સત્સંગ કરજો, તીર્થોની યાત્રા કરજો, તમારા સાધર્મી મિત્રો સાથે તત્ત્વની ચર્ચા કરજો....ને 'આત્મધર્મ' વાંચવાની ભલામણ કરવાની જરૂર ખરી? ધાર્મિકદ્રષ્ટિએ આ વેકેશનનો તમે શું સદુપયોગ કર્યો તે અમને જણાવજો....લી. તમારો ભાઈ હરિ.

## અમે જિનવરનાં સંતાનઃ અમે બાલવિભાગના સભ્ય

બાલ વિભાગના નવા સભ્યોમાં નામો અહીં આપ્યાં છે. અગાઉ છપાયેલા નામોમાં ક્યાંક ક્યાંક ભૂલ થઈ છે; જેમના નામમાં ભૂલ હોય તે અમને સૂચવશો તો અમે રજીસ્ટરમાં સુધારી લઈશું. દિવસે દિવસે આપણો બાલવિભાગ વધતો જાય છે. બાળકો! તમે પણ સભ્ય બનો અને પર્યુષણ પહેલાં સભ્ય સંખ્યા એક હજાર ને એક સુધી પહોંચાડી દો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૬૪ | A. દીલીપકુમાર વી. જૈન | રાજકોટ | ૬૭૭ | રેખાબેન રજનીકાન્ત જૈન | મુંબઈ |
| ૬૭૧ | રમેશચંદ્ર જેવંતલાલ જૈન | મોરબી | ૬૭૮ | રક્ષાબેન નવીનચંદ્ર જૈન | મુંબઈ–૩ |
| ૬૭૨ | રાજેશચંદ્ર જે. જૈન | " | ૬૭૯ | વિપુલ કાન્તિલાલ જૈન | મુંબઈ–૬૪ |
| ૬૭૩ | શૈલેષચંદ્ર જે. જૈન | " | ૬૮૦ | રાજેન્દ્ર મોહનલાલ જૈન | વાલવોડ |
| ૬૭૪ | ભરત રતિલાલ જૈન | અમદાવાદ | ૬૮૧ | વિદેહાબેન પુનમચંદ જૈન | થાણા |
| ૬૭૫ | રમેશચંદ્ર દલીચંદ જૈન | વાંકાનેર | ૬૮૨ | અશોકકુમાર પ્રભુદાસ જૈન | વડોદરા |
| ૬૭૬ | કમલેશકુમાર રજનીકાન્ત જૈન | મુંબઈ–૨૮ | ૬૮૩ | જિતેન્દ્રકુમાર પ્રભુદાસ જૈન | " |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૮૪ | જયેશ નંદલાલ જૈન | ઉમરાળા | ૭૧૩ | જયેન્દ્રકુમાર મોહનલાલ જૈન | અમદાવાદ |
| ૬૮૫ | જયમન હરિલાલ જૈન | વીછીંયા | ૭૧૪ | શાન્તાબેન માવજી જૈન | બગસરા |
| ૬૮૬ | મહેશકુમાર હિંમતલાલ જૈન | ચિત્તલ | ૭૧૫ | ભારતીબેન કાન્તિલાલ જૈન | મુંબઈ–૩ |
| ૬૮૭ | ભરતકુમાર હિંમતલાલ જૈન | ” | ૭૧૬ | જયશ્રીબેન શાન્તિલાલ જૈન | ” |
| ૬૮૮ | રેખાબેન હિંમતલાલ જૈન | ચિત્તલ | ૭૧૭ | અશોકકુમાર મણીલાલ જૈન | સોનગઢ |
| ૬૮૯ | પંકજમાલિની આર. જૈન | મદ્રાસ | ૭૧૮ | શારદાબેન જગજીવન જૈન | વિંછીયા |
| ૬૯૦ | ઉલ્લાસ આર. જૈન | ” | ૭૧૯ | લાભુબેન જે. જૈન | વિંછીયા |
| ૬૯૧ | ફાલ્ગુની આર. જૈન | ” | ૭૨૦ | હસમુખરાય જે. જૈન | વિંછીયા |
| ૬૯૨ | પંકજકુમાર રતિલાલ જૈન | નડીયાદ | ૭૨૧ | જયંતકુમાર આર. જૈન | મુંબઈ–૧૯ |
| ૬૯૩ | રશ્મિકુમાર રતિલાલ જૈન | નડીયાદ | ૭૨૨ | મહેશકુમાર આર. જૈન | ” |
| ૬૯૪ | જિતેન્દ્રકુમાર પ્રાણલાલ જૈન | રાજકોટ | ૭૨૩ | લત્તાકુમારી આર. જૈન | ” |
| ૬૯૫ | સુનીલકુમાર પ્રાણલાલ જૈન | રાજકોટ | ૭૨૪ | રેણુકાબેન જયંતિલાલ જૈન | વઢવાણ–સીટી |
| ૬૯૬ | ગિરીશકુમાર પ્રાણલાલ જૈન | રાજકોટ | ૭૨૫ | નયનાબેન. જે. જૈન | અમદાવાદ–૨ |
| ૬૯૭ | તનસુખરાય બાબુલાલ જૈન | ઉમરાળા | ૭૨૬ | શેલાબેન જે. જૈન | અમદાવાદ–૨ |
| ૬૯૮ | પ્રકાશચંદ્ર ચંદુલાલ જૈન | સોનગઢ | ૭૨૭ | દિપકકુમાર મનુભાઈ જૈન | વડોદરા |
| ૬૯૯ | કિશોરચંદ્ર ભોગીલાલ જૈન | મોરબી | ૭૨૮ | હિમાંશુ મનુભાઈ જૈન | ” |
| ૭૦૦ | નિર્મળાબેન કાલીદાસ જૈન | ધંધુકા | ૭૨૯ | ફાલ્ગુનીબેન મનુભાઈ જૈન | ” |
| ૭૦૧ | ગીતાબેન ચંદુલાલ જૈન | ધંધુકા | ૭૩૦ | જયેશ દલીચંદ જૈન | રાજકોટ |
| ૭૦૨ | ચીમનભાઈ ચંદુલાલ જૈન | ” | ૭૩૧ | રીટાબેન વીરચંદ જૈન | માટુંગા |
| ૭૦૩ | ઉષાબેન ગુલાબચંદ જૈન | મુંબઈ–૭૭ | ૭૩૨ | પરીમલ રસીકલાલ જૈન | ” |
| ૭૦૪ | ભરતકુમાર ગુલાબચંદ જૈન | ” | ૭૩૩ | ઉપેન્દ્ર મગનલાલ જૈન | માળીયા |
| ૭૦૫ | કુસુમબેન ગુલાબચંદ જૈન | ” | ૭૩૪ | રાજેશ મનસુખલાલ જૈન | ” |
| ૭૦૬ | ભારતીબેન ગુલાબચંદ જૈન | ” | ૭૩૫ | સતીશકુમાર મગનલાલ જૈન | ” |
| ૭૦૭ | અરવિંદકુમાર ગુલાબચંદ જૈન | ” | ૭૩૬ | મહેશકુમાર મનસુખલાલ જૈન | મુંબઈ–૨ |
| ૭૦૮ | રાજેશકુમાર ગુલાબચંદ જૈન | ” | ૭૩૭ | દિલિપકુમાર હરકિશોર જૈન | ગોંડળ |
| ૭૦૯ | અરવિંદકુમાર રતીલાલ જૈન | જોરાવરનગર | ૭૩૮ | વિપુલભાઈ રતિલાલ જૈન | મુંબઈ–૨૨ |
| ૭૧૦ | ઉર્વશીબેન મણીલાલ જૈન | વીંછીયા | ૭૩૯ | વીપીનચંદ્ર એચ. જૈન | મોરબી |
| ૭૧૧ | ઈલાબેન મણીલાલ જૈન | વીંછીયા | ૭૪૦ | કોકિલાબેન ચીમનલાલ જૈન | વઢવાણશહેર |
| ૭૧૨ | નિતિનકુમાર મોહનલાલ જૈન | અમદાવાદ | ૭૪૧ | મીરાંબેન મહાસુખલાલ જૈન | ઈન્દોર |

| | | |
|---|---|---|
| ૭૪૨ | નિરંજન મહાસુખલાલ જૈન | ઈન્દોર |
| ૭૪૩ | હર્ષાબેન મહાસુખલાલ જૈન | ” |
| ૭૪૪ | નિરૂપમા મહાસુખલાલ જૈન | ” |
| ૭૪૫ | ભરતકુમાર લ. જૈન | સાવરકુંડલા |
| ૭૪૬ | ચારૂલત્તાબેન ચીમનલાલ જૈન | મુંબઈ–૨૨ |
| ૭૪૭ | લોપામુદ્રા ચીમનલાલ જૈન | મુંબઈ–૨૨ |
| ૭૪૮ | અવનિશકુમાર રતિલાલ જૈન | સોનગઢ |
| ૭૪૯ | ચેતનાબેન રતિલાલ જૈન | ” |
| ૭૫૦ | કુંદનબેન એમ. જૈન | પોલારપુર |
| ૭૫૧ | પ્રજ્ઞાબેન રતિલાલ જૈન | સોનગઢ |
| ૭૫૨ | સુધાબેન એમ. જૈન | પોલારપુર |
| ૭૫૩ | દિવ્યચંદ એમ. જૈન | પોલારપુર |
| ૭૫૪ | चंपालाल बी. जैन | बेंगलोर–२ |
| ૭૫૫ | સરલાકુમારી એન. જૈન | ભાવનગર |
| ૭૫૬ | જ્યોતિબાળા એન. જૈન | ભાવનગર |
| ૭૫૭ | જયશ્રીબાળા વી. જૈન | લાઠી |
| ૭૫૮ | કુમારપાળ જે. જૈન | રાજકોટ–૧ |
| ૭૫૯ | ભરતકુમાર જે. જૈન | ” |
| ૭૬૦ | અશોકકુમાર જે. જૈન | ” |
| ૭૬૧ | વિજયકુમાર જે. જૈન | ” |
| ૭૬૨ | શરદકુમાર પી. જૈન | લાઠી |
| ૭૬૩ | પ્રવિણચંદ્ર ટી. જૈન | મુડેટી |
| ૭૬૪ | નિકેતન ટી. જૈન | મુડેટી |
| ૭૬૫ | ભારતીબેન ટી. જૈન | ” |
| ૭૬૬ | હર્ષાબેન જયંતિલાલ જૈન | લાઠી |
| ૭૬૭ | કિરણલત્તા શાંતિલાલ જૈન | ઉમરાળા |
| ૭૬૮ | આશાબેન શાંતિલાલ જૈન | ” |
| ૭૬૯ | ભરતકુમાર શાંતિલાલ જૈન | ” |
| ૭૭૦ | શાંતિલાલ સી. જૈન | કલકત્તા |
| ૭૭૧ | મીનાક્ષીબેન જે. જૈન | લાઠી |
| ૭૭૨ | સંજયકુમાર જૈન | ભિલાઈ |
| ૭૭૩ | ગીરીશચંદ્ર જે. જૈન | મુંબઈ–૭૭ |
| ૭૭૪ | કિશોરકુમાર એચ. જૈન | બેંગલોર |
| ૭૭૫ | પ્રફુલ્લાબેન કનકરાય જૈન | સોનગઢ |
| ૭૭૬ | નીકેતન નગીનદાસ જૈન | હિંમતનગર |
| ૭૭૭ | સમીર પુનમચંદ જૈન | મુંબઈ–૨૬ |

**આત્મધર્મ ના વિકાસ માટે તથા બાલવિભાગ માટે આવેલ રકમોની સાભાર નોંધ**

| | | |
|---|---|---|
| ૨૫ ) | કાળીદાસ હકમચંદ | સોનગઢ |
| ૨૫ ) | સ્વ. જયાબેન; હ્ના. છોટાલાલ મોહનલાલ કામદાર | અમદાવાદ |
| ૨૫ ) | મંજુલાબેન ભાઈલાલભાઈ વોરા | કલકત્તા |
| ૩૫ ) | વૃજલાલ મગનલાલ શાહ | જલગાંવ |
| ૨૧ ) | લાભકુંવરબેન મેઘાણી | મુંબઈ |
| ૨૫ ) | ખીમચંદ છોટાલાલ ઝોબાળીયા | સોનગઢ |
| ૨૫ ) | પોપટલાલ મોહનલાલ વોરા | મુંબઈ |
| ૨૫ ) | સૂર્યકાન્ત મફતલાલ જૈન | મુંબઈ |
| ૫૧ ) | ચંપાબેન તલસાણીયા | મુંબઈ |
| ૨૫ ) | કીરીટકુમાર માણેકલાલ તુરખીયા | એડનવાલા |
| ૨૧ ) | વિજ્યાબેન હરગોવિંદદાસ મોદી | સોનગઢ |
| ૧૧ ) | ઈન્દુલાલ જગજીવનદાસ | વઢવાણ |
| ૧૧ ) | કાંતાબેન કામદાર | રાજકોટ |
| ૫ ) | નવીનચંદ્ર હિંમતલાલ | સુરેન્દ્રનગર |
| ૫ ) | પુરીબેન | સોનગઢ |

વિશેષ આવતા અંકે

# પૃ...થ્વી...ની પ્ર...દ...ક્ષિ...ણા

[ આધુનિકવિજ્ઞાન સાથે જૈન ભૂમિતિની સંધિ કયા પ્રકારે છે તે સંબંધી પ્રકાશ પાડતું આ પ્રકરણ વિજ્ઞાનયુગના અભ્યાસીઓને ઉપયોગી થશે. –સં. ]


જયશ્રીબેન જૈન.....( રાંચી ) ના નીચે મુજબ બે પ્રશ્નો આત્મધર્મના બાલવિભાગમાં આવ્યા હતા–

( ૧ ) જ્યારે સૂર્ય અને ચંદ્ર એ દેવોના વિમાન છે તો એ કેમ ગોળાકારમાં ચમકે છે ? વિમાનના આકારમાં કેમ નહીં ?

( ૨ ) એમ કહેવામાં આવે છે કે પૃથ્વી સમતલ છે અને બિલકુલ દડા જેવી નથી, તો 'ગેગેરીન' આદિ વૈજ્ઞાનિકો એની પરિક્રમા કેવી રીતે કરી શક્યા ?–જેમાં એમણે પૃથ્વીના અનેક ફોટા પણ લીધા છે !


આ બંને પ્રશ્નના વિગતવાર ઉત્તર મુંબઈથી ભાઈશ્રી વિમલચંદજી જૈન B. Sc. મારફત આવેલ છે, તે તેમના આભાર સાથે અહીં આપીએ છીએ; સાથે ચિત્રો પણ હોવાથી આ વિષય સુગમતાથી સમજી શકાશે.

( ૧ ) ( વિમાનનો અર્થ દેવોનાં રહેઠાણ; તેનો આકાર અત્યારના એરોપ્લેન–વિમાન જેવો જ હોવો જોઈએ એવું કાંઈ નથી. વિવિધ અનેક આકારના વિમાન સંભવે છે. ) સૂર્ય–ચંદ્રના વિમાન અર્ધગોળ છે અર્થાત્ તે અર્ધાગોળાના આકારે છે. આ ભૂમંડળ ( પૃથ્વી ) ઉપરથી આપણને સૂર્ય–ચંદ્રનો જે નીચેનો ભાગ દેખાય છે, તે અર્ધગોળાકાર છે; ને ઉપરનો ભાગ થાળી જેવો ગોળ છે. ( જુઓ ચિત્ર ) જ્યોતિષી દેવો ઉપરના ભાગમાં નિવાસ કરે છે.




( ૨ ) ( જંબુદ્વીપનું ચિત્ર પાછળ છે તે જુઓ ) જંબુદ્વીપના દક્ષિણ ભાગમાં ભરતક્ષેત્ર નામનો રમણીય દેશ છે. તેમાં એક આર્યખંડ ને પાંચ મ્લેચ્છખંડ એમ કૂલ છ ભાગ છે.


વિજયાર્દ્ધપર્વત તથા ગંગા–સિંધુ મહા નદીવડે ભરતક્ષેત્રના આ છ વિભાગ પડયા છે. ( જુઓ ચિત્ર )





આર્યખંડની વચ્ચે એક જોજન અર્થાત્ પાંચહજાર માઈલ ભૂમિ ઉપર ઉપસેલી છે; તે ઉપસેલી ભૂમિ ઉપર આપણે રહીએ છીએ. આ ઉપસેલી ભૂમિમાં એક તરફ આપણું ભારતવર્ષ છે તથા તેની સામેના બીજા ભાગમાં અમેરિકા દેશ છે. જુઓ, સામેનું ચિત્ર.



ચોથા કાળની આદિમાં ભરતક્ષેત્રનો આ ભાગ ઉપસેલો ન હતો. પણ સમતલ ચિત્રા પૃથ્વી હતી; પછી કાળક્રમે ભરતક્ષેત્રના આર્યખંડની ચિત્રાભૂમિના સપાટ ભાગ ઉપર માટીનાં થરનાં થર જામતા ગયા, એટલે તે પૃથ્વી વધતી ગઈ અને તે વૃદ્ધિગત ભૂભાગ લગભગ ઉપરોક્ત આકારનો ( નકશામાં છે તેવો ) બની ગયો, અર્થાત્ તે ભાગ ખાડા–ટેકરાવાળી સોગઠી જેવો બની ગયો. આજકાલના વૈજ્ઞાનિકો આ ઉપસેલા ભાગની ચારેકોર પૂર્વથી પશ્ચિમ ચક્કર લગાવે છે. –ઉત્તરથી દક્ષિણ ( અર્થાત્ ઉપરથી નીચે ) ચક્કર લગાવતા નથી. ( કેમકે દક્ષિણ ધ્રુવનો ભાગ ખુલ્લો નથી, તે ભાગ મૂળ ચિત્રાપૃથ્વી સાથે જોડાયેલો છે. ) ( જુઓ ઉપરનુ ચિત્ર ) આ ઉપસેલા ભાગ ઉપર સમુદ્ર પણ છે જેનું પાણી લવણસમુદ્રની સમાન છે. ‘ઉત્તરધ્રુવ’ આ ઉપસેલી પૃથ્વીના ઉપરના ભાગને કહેવાય છે, ‘દક્ષિણધ્રુવ’ એ કોઈ ક્ષેત્ર નથી કેમકે ઉપસેલી પૃથ્વીનો નીચેનો ભાગ ચિત્રાપૃથ્વી સાથે લાગેલો છે. વિમાન પૃથ્વીના ઉપસેલા ભાગને ઉત્તરથી દક્ષિણ ( એટલે કે ઉપરથી નીચે ) ચારે તરફ પ્રદક્ષિણા કરી શકતું નથી. જો વિમાનને ઉત્તરથી દક્ષિણ ઘૂમાવવાનો પ્રયત્ન કરવામાં આવે તો તે વિમાન દક્ષિણ તરફ જઈને ચિત્રાપૃથ્વી સાથે ટક્કર ખાશે, અને નષ્ટભ્રષ્ટ થઈ જશે. આજસુધી કોઈ રોકેટ–વિમાને વર્તમાન પૃથ્વીને બરાબર



ઉત્તરથી દક્ષિણ ચક્કર લગાવ્યું નથી, લગાવી શકે પણ નહિ.




આ ઉપસેલા ભાગ પર બંને સૂર્યમંડળ ( જંબુદ્વીપમાં બે સૂર્ય છે–તે ) દ્વારા દિવસરાતની વ્યવસ્થા થાય છે. ચિત્રાપૃથ્વીના તળીયાના મૂળભાગની જે અનાદિઅનંત વ્યવસ્થા છે તે જ વ્યવસ્થા આજે પણ છે; ફક્ત ઉપર ઉપસેલા ભાગમાં દિવસ–રાતની વ્યવસ્થામાં ફરક પડી ગયો છે. –અને તે ફરક પણ ૫૦૦૦ ( પાંચહજાર ) માઈલની તેની ઊંચાઈને કારણે છે–આ જ કારણે જ્યારે હિંદુસ્તાનમાં દિવસ હોય ત્યારે અમેરિકામાં રાત હોય છે. દિવસ–રાતની વ્યવસ્થા બાબત અહીં વિશેષ પ્રકાશ નથી પાડતા કેમકે અહીં તેનું પ્રકરણ નથી. ગેગેરીન વગેરે વ્યક્તિઓએ પૃથ્વીની જે પ્રદક્ષિણા કરી તે આ ઉપસેલા ભૂભાગની પૂર્વથી પશ્ચિમ પ્રદક્ષિણા કરી છે, ઉત્તરથી દક્ષિણ નહીં. વચ્ચેનો ભાગ ઉપસેલો છે તે સંબંધી આગમપ્રમાણ જાણવા માટે ત્રિલોકપ્રજ્ઞપ્તિના ચોથા અધિકારની ગાથા ૧૫૫૦ થી ૧૫૬૦ વચ્ચે જુઓ.

જ્યોતિષ–વિમાનોનો આકાર અર્ધગોળ છે; તેમાં સૂર્યમંડળનો વ્યાસ ૪૮ ૬૧ યોજન છે અને વિષ્કંભ તેનાથી અડધો એટલે ૨૪ ૬૧ યોજન છે. આ એક યોજન ૫૦૦૦ પાંચહજાર માઈલનો સમજવો. ચંદ્રમંડળનો વ્યાસ ૫૬ ૬૧ અને વિષ્કંભ ૨૪ ૬૧ યોજન છે. ( એટલે સૂર્ય કરતાં ચંદ્ર મોટો છે. ) ( સૂર્ય અને ચંદ્રલોકમાં વસ્તી છે ખરી–મનુષ્યોની નહિ પરંતુ દેવોની.–ત્યાં સુંદર મહેલો બાગબગીચા જિનમંદિર વગેરે પણ છે, ને ત્યાંના દેવો જિનેન્દ્રદેવની ભક્તિ–પૂજા પણ કરે છે.

**લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું ? તે તો કહો;**
**શું કુટુંબ કે પરિવારથી વધવાપણું એ નય ગ્રહો !**
**વધવાપણું સંસારનું નરદેહને હારી જવો;**
**એનો વિચાર નહીં અહોહો, એક પળ તમને હૂવો.**

# શ્રુત–પરિચય

( આ વખતે ‘તત્ત્વચર્ચા’ ને બદલે શ્રુતપંચમી-નિમિત્તે થોડોક શ્રુતપરિચય આપ્યો છે. )

*

**પ્રશ્ન** :- શ્રુતપંચમી પર્વ કયારથી પ્રસિદ્ધ થયું?

**ઉત્તર** :- આજથી લગભગ ૧૯૦૦ વર્ષ પહેલાં ગીરનારની ચંદ્રગૂફામાં ધરસેનસ્વામી નામના ધૂરંધર વીતરાગીસંત વસતા હતા; વર્દ્ધમાનપ્રભુની દિવ્યધ્વનિના વારસામાં તેમને અંગપૂર્વનું જે પવિત્ર શ્રુતજ્ઞાન મળેલું તે તેમણે પુષ્પદંત અને ભૂતબલિ મુનિવરોને શીખવ્યું. તે બંને મુનિઓએ દિવ્યધ્વનિના એ અંશને षट्खंडागम સિદ્ધાંતરૂપે સૂત્રારૂઢ કર્યો. અને એ રીતે શ્રુતને ચિરંજીવ બનાવ્યું છે. તે શ્રુતપ્રત્યેની મહાન ભક્તિ અને ઉત્સાહથી અંકલેશ્વરમાં ચતુર્વિધ સંઘે શ્રુતનો ઘણો મોટો ઉત્સવ જેઠ સુદ પાંચમે કર્યો; ત્યારથી જેઠ સુદ પાંચમનો દિવસ જૈનસમાજમાં શ્રુતપંચમી તરીકે પ્રસિદ્ધ થયો. જે षट्खंडागम સિદ્ધાન્તની પૂજા નિમિત્તે શ્રુતપંચમી પર્વ પ્રસિદ્ધ થયું તે षट्खंडागम (ધવલા ટીકા સહિત) છપાઈને આજે પ્રસિદ્ધ થયા છે ને મુમુક્ષુઓના મહાભાગ્યે જિનવાણીનો એ અંશ આજે સ્વાધ્યાય માટે સુલભ બન્યો છે.

પ્રશ્ન :– ધવલ મહાધવલ જયધવલ તે શું છે?

ઉત્તર :– ‘ધવલા’ એ षट्खंडागम નામના મહાન સિદ્ધાંત સૂત્ર ઉપરની ટીકા છે; અને ‘જયધવલા’ એ કષાયપ્રાભૃત નામના મહાન સિદ્ધાંત સૂત્રની ટીકા છે. આ બંને ટીકાના રચનાર શ્રી વીરસેનસ્વામી છે. જયધવલા ટીકાનો બાકીનો ભાગ શ્રી જિનસેનસ્વામીએ પૂર્ણ કર્યો છે.

षट्‌खंडागमના રચનાર શ્રી પુષ્પદંત તથા ભૂતબલી સ્વામી છે. વર્દ્ધમાન તીર્થંકરની દિવ્ય વાણીમાંથી ઇન્દ્રભૂતિ ગણધરે જે બાર અંગની રચના કરી તેમાંથી દ્રષ્ટિવાદ અંગનો એક અંશ ષટ્‌ખંડાગમરૂપે ગુંથાયેલો છે. તેના ઉપર વીરસેન સ્વામીએ ૭૨૦૦૦ (બોંતેર હજાર) શ્લોક પ્રમાણ ટીકા રચી. જે સેંકડો વર્ષોથી તાડપાત્ર ઉપર લખેલી મૂડબિદ્રિમાં સુરક્ષિત છે ને હવે થોડા વર્ષોથી હિંદી અનુવાદ સહિત છપાઈને ૧૬ પુસ્તકોરૂપે પ્રસિદ્ધ થયેલ છે.

कषायप्राभृत ના રચનાર શ્રી ગુણધરસ્વામી છે; યતિવૃષભસ્વામીએ ચૂર્ણિસૂત્રો વડે તેની સ્પષ્ટતા કરી છે, અને વીરસેન તથા જિનસેન સ્વામીએ તેના ઉપર જયધવલા ટીકા (૬૦૦૦૦) સાઈઠ હજાર શ્લોકપ્રમાણ રચી છે. જે સેંકડો વર્ષોથી તાડપાત્ર ઉપર લખેલી મૂડબિદ્રિમાં સુરક્ષિત છે ને હવે થોડા વર્ષોથી તે હિંદી અનુવાદ સહિત છપાઈને પ્રસિદ્ધ થાય છે. (નવ પુસ્તકો છપાયા છે, બીજા કેટલાક બાકી છે.)

षट्‌खंडागम છખંડ (છઅધિકાર) છે, તેમાં છઠ્ઠા ખંડનું નામ महाबंध છે, તે ખૂબ વિસ્તૃત છે અને તે જ મહાધવલ તરીકે પ્રસિદ્ધ છે. આ મહાબંધની પણ તાડપાત્ર ઉપર લખેલ પ્રતિ મૂડબિદ્રિના શાસ્ત્રભંડારોમાં સુરક્ષિત છે, ને હાલમાં હિંદી અનુવાદ સહિત પ્રકાશિત થઈ ગયેલ છે. તેના સાત પુસ્તકો છે. આ ધવલ મહાધવલ જયધવલરૂપ જિનવાણીની મૂળ પ્રતિ તાડપત્ર ઉપર છે, તેનાં દર્શન તો દક્ષિણદેશના મુડબિદ્રિ નગરમાં મહાભાગ્યે થાય છે; અને તેની છાપેલી પ્રતિનાં દર્શન તો હવે સોનગઢમાં સૌરાષ્ટ્ર ને દેશભરમાં ઠેરઠેર સુલભ બન્યા છે તે પણ આપણા મહાભાગ્ય છે. આત્મધર્મના આ અંકમાં આપ તેનાં દર્શન કરી શકશો.

卐

જેઠ સુદ પાંચમે શ્રુતપંચમી છે. શ્રુતપંચમી એટલે શ્રુતજ્ઞાનની આરાધનાનું મહાન પર્વ વીતરાગી; સંતો જિનવાણીનો જે અમૂલ્ય વારસો આપણને આપી ગયા છે તેની આરાધનાનો અને પ્રભાવનાનો સન્દેશ આપણને શ્રુતપંચમી આપે છે; આવા શ્રુતપંચમી પર્વને શ્રુતભક્તિપૂર્વક ઉજવીએ.

# વિપુલ સમ્પત્તિના વારસદાર

**ભ**ગવાન મહાવીર પરમાત્માની દ્વાદશાંગરૂપે ગુંથાયેલી દિવ્ય વાણીનો જે અંશ ભગવાન ધરસેન–પુષ્પદંત–ભૂતબલિ–વીરસેન આચાર્યોએ સંઘરી રાખ્યો તે મહાન પવિત્ર શ્રુત આજે મહાભાગ્યે પ્રકાશમાં આવ્યું છે. જો કે દ્વાદશાંગનો એક નાનો અંશ જ બચ્યો છે તો પણ વિષય અને રચનાની દ્રષ્ટિથી તે હિમાલય જેટલો વિશાળ અને દરિયા જેવો ગંભીર છે. એના વિવેચનની સૂક્ષ્મતા અને પ્રતિપાદનનો વિસ્તાર જોતાં આપણા જેવા અલ્પજ્ઞાનીઓની બુદ્ધિ ચકચૂર થઈ જાય છે અને ભલભલા વિદ્વાનોનું પણ પાણી ઉતરી જાય છે. આપણે માટે આ મહાન ગૌરવની વાત છે કે આવી ઊચ્ચ અને વિપુલ સાહિત્ય–સમ્પત્તિના આપણે વારસદાર છીએ.

મૂડબિદ્રિના શાસ્ત્રભંડારમાં તાડપત્ર–અંકિત આ પવિત્ર શ્રુતની પ્રતિ, સેંકડો વર્ષોથી અધ્યયનની વસ્તુ ન રહેતાં માત્ર પૂજન અને દર્શનની વસ્તુ બની ગઈ હતી. છતાં એટલું શાસનનું મહાભાગ્ય કે તેની સંપૂર્ણ રક્ષા થઈ. હવે આજે શ્રુતપ્રેમી મુમુક્ષુઓને માટે તે ફરીને અધ્યયન યોગ્ય બન્યું છે. જેમ જેમ આ શ્રુતનું ઊંડુ અધ્યયન વધતું જાય છે તેમ તેમ તેની પૂજ્યતા પણ વધતી જાય છે અહો, શ્રુતરસિકોને આનંદકારી આ સમ્યક્શ્રુત જયવંત વર્તો.

(દેખો, षट्खंडागम પ્રસ્તાવના પાનું–૫–૬–૭ પુસ્તક પહેલું)


## 卐 જેઠ માસના મંગલ દિવસો 卐

(પૂજાસંગ્રહના આધારે)

| | | | |
|---|---|---|---|
| સુદ ૪ | ધર્મનાથ મોક્ષકલ્યાણક | વદ ૨ | ઋષભદેવ–ગર્ભકલ્યાણક |
| સુદ ૫ | શ્રુતપંચમી–પર્વ–અંકલેશ્વરમાં ષટ્ખંડાગમ-જિનવાણીનો મહાન ઉત્સવ | વદ ૬ | વાસુપૂજ્ય ગર્ભકલ્યાણક |
| | | વદ ૮ | વિમલનાથ મોક્ષકલ્યાણક |
| | | વદ ૧૦ | નમિનાથ–જન્મ અને દીક્ષા |
| સુદ ૧૨ | સુપાર્શ્વનાથ જન્મ અને દીક્ષા | | |



વૈશાખ સુદ બીજના સુપ્રભાતે સોનગઢમાં આમ્રફળથી ઝૂલતા ૭૭ પ્રવેશદ્વારો વચ્ચે થઈને પૂ. ગુરુદેવ મંગલમંડપમાં પધારી રહ્યા છે તે પ્રસંગનું દૃશ્ય. ચારેકોરનું વાતાવરણ કેવું રમણીય છે! ને હજારો ભક્તો કેવા હોંશથી જન્મવધાઈનો આનંદ માણી રહ્યા છે!! ગુરુદેવના ચરણસાન્નિધ્યમાં શ્રી ફાવાભાઈ પણ (હાથમાં લાકડી સહિત) બેઠેલા નજરે પડે છે. આ મંગલમંડપનાં વિશેષ વર્ણન માટે આ અંકમાં છપાયેલ જન્મજયંતિ સમાચાર વાંચશોજી.



## જિનવાણીરૂપ ગંગાના પ્રવાહને અછિન્ન રાખનાર

# સૌરાષ્ટ્રની શ્રુતવત્સલ સંત-ત્રિપુટી

( षट्खंडागमकी रचनाका पावन इतिहास )



જિનવાણીના પ્રવાહમાંથી અંગ–પૂર્વના એક દેશના જ્ઞાતા શ્રી ધરસેનાચાર્ય षट्खंडागमના વિષયના જ્ઞાતા હતા. તેઓ સોરઠદેશના ગિરિનગરની ચન્દ્રગૂફામાં ધ્યાન કરતા હતા. નંદીસંઘની પટ્ટાવલી–અનુસાર તેઓ મહાવીરપ્રભુની ૩૧ મી પેઢીએ (વીરનિર્વાણ પછી લગભગ ૬૪૩ વર્ષે) થયા. તેઓ અંગ–પૂર્વોના એકદેશજ્ઞાતા તેમજ ભારે વિદ્વાન અને શ્રુતવત્સલ હતા. વીરપ્રભુની પરંપરાથી આવેલા આ શ્રુતજ્ઞાનનો પ્રવાહ અચ્છિન્ન રહે એવી શ્રુતભક્તિથી પ્રેરાઈને, મહિમાનગરીના મુનિસંમેલનમાં તેમણે પત્ર લખાવ્યો.

મહિમાનગરીના યતિસંમેલનમાં જ્યારે પત્ર મળ્યો ત્યારે તેમના શ્રુતરક્ષાસંબંધી અભિપ્રાયને જાણીને સંઘે બે સાધુઓને પસંદ કરીને ગિરિનગર મોકલ્યા; તેઓ વિદ્યાગ્રહણ કરવામાં અને તેનું સ્મરણ રાખવામાં સમર્થ હતા, અત્યન્ત વિનયશીલ અને શીલવાન હતા. તેમના દેશ–કૂળ ને જાતિ શુદ્ધ હતા, અને તેઓ સમસ્ત કલાઓમાં પારંગત હતા. જ્યારે તે બે મુનિવરો આ તરફ આવી રહ્યા હતા ત્યારે અહીં ધરસેનસ્વામીએ એવું શુભ સ્વપ્ન જોયું કે બે સફેદ ધોરી બળદ આવીને વિનયપૂર્વક વંદના કરી રહ્યા છે....એ સ્વપ્ન ઉપરથી તેમણે જાણ્યું કે આવનારા બંને મુનિઓ વિનયવાન અને ધર્મ–

ધૂરાનું વાહન કરવામાં સમર્થ છે.....આથી 'जयउ सुयदेवदा' (શ્રુતદેવતા જયવંત હો) એવા આશીર્વચન તેમના મુખમાંથી નીકળ્યા. બીજે દિવસે બંને મુનિવરો આવી પહોંચ્યાં ને વિનયપૂર્વક તેમના ચરણોમાં વંદન કર્યા. બે દિવસ બાદ ધરસેનાચાર્યે તેમની પરીક્ષા કરી. એકને વધુ અક્ષરોવાળા ને બીજાને હીનઅક્ષરોવાળા વિદ્યા–મંત્ર આપીને બે ઉપવાસપૂર્વક તે સાધવાનું કહ્યું. વિદ્યાઓ સિદ્ધ થઈ ત્યારે એક દેવી મોટા દાંતોવાળી અને બીજી દેવી કાણી એમ કદરૂપમાં દેખાણી; તેને જોઈએ ચતુર સાધુઓએ જાણી લીધું કે પોતાના મંત્રોમાં કંઈક ખામી છે–કેમકે દેવો વિકૃતાંગ હોતા નથી. તેમણે વિચારપૂર્વક મંત્રમાં અધિક અને હીન અક્ષરોની ઘટ–વધ કરીને ફરી વિદ્યાની સાધના કરી, જેથી બંને દેવીઓ પોતાના કુદરતી સૌમ્યરૂપમાં પ્રગટ થઈ. તેમની આ કુશળતાથી ગુરુએ જાણી લીધું કે સિદ્ધાંત ભણાવવા માટે તેઓ યોગ્ય પાત્ર છે. પછી તેમણે તેઓને સિદ્ધાંતનો અભ્યાસ કરાવ્યો. આ શ્રુતાભ્યાસ અસાડ સુદ અગિયારસે સમાપ્ત થયો; અને તે ભૂત જાતિના દેવોએ પુષ્પોપહાર દ્વારા શંખ વગેરે વાજિંત્રોના મંગલ નાદ સહિત એક સાધુના મહા પૂજા કરી, તેથી આચાર્યે તેમનું भूतबलि નામ રાખ્યું; બીજા સાધુની દંતપંક્તિ અસ્તવ્યસ્ત હતી તે દેવોએ સરખી કરી દીધી તેથી તેનું નામ पुष्पदन्त રાખ્યું. આ જ બંને આચાર્યો षट्खंडागमના રચયિતા થયા.

આ રીતે ધરસેનસ્વામી, પુષ્પદંતસ્વામી ને ભૂતબલીસ્વામી એ શ્રુતવત્સલ સંતોની ત્રિપુટીએ એક સાથે સૌરાષ્ટ્રની ધરાને પાવન કરીને શ્રુતના ધોરિયા વહેડાવ્યા છે.

'षट्खंडागम' માં सत्परूपण અધિકારના કર્તા પુષ્પદન્તસ્વામી છે અને શેષ સમસ્ત ગ્રંથના કર્તા શ્રી ભૂતબલિસ્વામી છે. ભૂતબલિઆચાર્યે षट्खंडागमની રચનાપુસ્તકારુઢ કરીને અને તેને જ્ઞાનનું ઉપકરણ માનીને, જેઠ સુદ પાંચમના રોજ ચતુર્વિધસંઘની સાથે અંકલેશ્વરમાં તે શ્રુતની મહાપૂજા કરી તેથી તે દિવસની પ્રખ્યાતિ 'શ્રુતપંચમી' તરીકે જૈનોમાં ચાલી આવે છે, ને તે દિવસે શ્રુતપૂજા કરવામાં આવે છે.

આ ષટ્ખંડાગમ–સિદ્ધાંત ઉપર મહાનવિસ્તૃત ધવલાટીકાના રચનાર શ્રી વીરસેનાચાર્યના મહિમા સંબંધમાં જિનસેનસ્વામીએ કહ્યું છે કે 'षट्खंडागम'માં તેમની વાણી અસ્ખલિતરૂપે પ્રવર્તતી હતી. તેમની સર્વાર્થગામિની નૈસર્ગિક પ્રજ્ઞાને દેખીને કોઈ બુદ્ધિમાનને સર્વજ્ઞની સત્તામાં શંકા રહી ન હતી.' [ पारदश्वाधिविश्वानां साक्षादिव स केवली' ] વીરસેનસ્વામીની धवला ટીકાએ षट्खंडागम સૂત્રોને ચમકાવી દીધા.

# બાલવિભાગના નવા પ્રશ્નો

* જવાબ જેમ બને તેમ વેલાસર મોકલો. ( તા. ૧૦ જુન સુધીમાં )

માત્ર જવાબ લખવા; પ્રશ્ન લખવાની જરૂર નથી.

બને ત્યાંસુધી તમારા જવાબ પોસ્કાર્ડમાં જ લખો.

દરેક વખતે સભ્ય નંબર જરૂર લખો.

જવાબ સિવાય બીજું કાંઈ લખવાનું હોય તો જુદા પત્રમાં લખો.

બંધુઓ, તમે આટલું કરશો તો અમને વ્યવસ્થામાં ઘણી રાહત રહેશે. તમે તો એક સભ્ય છો, પરંતુ અમારે ૭૦૦ ઉપરાંત સભ્યોની વ્યવસ્થા સંભાળવાની છે, માટે ઉપરની સૂચના લક્ષમાં લઈ જરૂર સહકાર આપજો.

પ્રશ્નઃ– ( ૧ ) જીવ અને અજીવમાં શું ફેર ?

પ્રશ્નઃ– ( ૨ ) નીચેની પાંચ વસ્તુઓમાંથી એક વસ્તુ લેવાની હોય તો તમે કઈ વસ્તુ લેશો–

ભારતના વડાપ્રધાનનું પદ; સોનાનું સમયસાર; સમ્યગ્દર્શન; સ્વર્ગ; રત્નની મૂર્તિ.

પ્રશ્નઃ– ( ૩ ) મહાવીર ભગવાન પછી મોક્ષ પામ્યા હોય એવા ત્રણ મહાપુરુષનાં નામ લખો.

પ્રશ્નઃ– ( ૪ ) નીચેના વાક્યોની ખાલી જગામાં માત્ર એક અક્ષર લખો.

૧– પર–ભાવમાં પરભાવ નથી.

૨– વિભાવના નાશથી–ભાવ પ્રગટે છે.

૩– ધર્મીને ધ–કરતાં ધર્મ વહાલો છે.

## આ અંકનો કોયડો

સાડાચાર અક્ષરની એક વસ્તુ....
એનો ઉપલો ભાગ આકાશમાં રહે છે....
અને આકાશ એના બીજા તથા ચોથા અક્ષરમાં રહે છે....
એમાં ભગવાન રહે છે,

પણ એના પહેલા બે અક્ષર ભગવાન પાસે નથી;
એના છેલ્લા બે અક્ષરમાં થાંભલો સમાઈ જાય છે.
એનો પહેલો અક્ષર તો આપણને બહુ જ ગમે;
એને દેખીને આનંદ થાય.....
એ વસ્તુ સોનગઢમાં મળે પણ મુંબઈમાં ન મળે.....
સોનગઢ આવો તો ગાડીમાં બેઠા બેઠા પણ દેખાય!
–એ વસ્તુ કઈ!

(બાળકો, તમારે જવાબ સાથે પ્રશ્નો લખવાની જરૂર નથી, માત્ર જવાબ જ લખજો. સભ્ય નંબર જરૂર લખજો. ચોવીસ તીર્થંકરોના નામ તથા નમસ્કારમંત્ર મોઢે કરી લેજો.)

## ગયા અંકના પ્રશ્નોના જવાબ

(૧) પ્રશ્ન :– મોક્ષ પામવા માટે આપણી પાસે કયા ક્યાં ત્રણ રત્નો હોવા જોઈએ?
ઉત્તર :– સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર એ ત્રણ રત્નોવડે મોક્ષ પમાય છે.

(૨) પ્રશ્ન :– નીચેની વસ્તુઓમાંથી કઈ વસ્તુઓ જીવમાં ને કઈ અજીવમાં, –તે જુદી પાડો.
ઉત્તર :– જ્ઞાન, સુખ, રાગ, દુઃખ તે જીવમાં;
શબ્દ, રોગ, શરીર તે અજીવમાં,
અસ્તિત્વગુણ જીવ ને અજીવ બનેમાં

(૩) પ્રશ્ન :– નમસ્કાર મંત્રમાં દેવ કેટલા ને ગુરુ કેટલા?
ઉત્તર :– અરિહંત ને સિદ્ધ એ બે દેવ; આચાર્ય, ઉપાધ્યાય, સાધુ એ ત્રણ ગુરુ.

(૪) પ્રશ્ન :– નીચેના ત્રણ વાક્યોમાં ખાલી જગ્યા છે ત્યાં ફક્ત એક અક્ષર લખવાનો છે–
૧ ધર્મવડે–ર્મનો નાશ થાય છે. (ક)
૨ પરમાત્મામાં પરમા–નથી (ણુ)
૩ મો–ના નાશ વડે મોક્ષ પમાય છે. (હ)
ઉત્તર :– ધર્મવડે કર્મનો નાશ થાય છે.
પરમાત્મામાં પરમાણુ નથી.
મોહના નાશ વડે મોક્ષ પમાય છે.

કેટલાક સભ્યોએ “પરમાત્મા પરમાદ નથી” એમ જવાબ લખેલ છે. તે ભાવઅપેક્ષાએ સાચું છે, પરંતુ ભાષા અપેક્ષાએ અહીં પરમાણુ શબ્દ બંધ બેસે છે.)

* કોયડાનો જવાબઃ **“અકલંક”** તે આ પ્રમાણે–જૈનશાસનમાં વીરપ્રભુ પછી ‘અકલંક’ નામના મહાન સંત થયા, તેમનું ચાર અક્ષરનું નામ છે. તેમણે તત્ત્વાર્થ રાજવાર્તિક, અષ્ટશતી, પ્રમાણસંગ્રહ લઘીયસ્ત્રય, ન્યાયવિનિશ્ચય, સિદ્ધિવિનિશ્ચય વગેરે મોટા મોટા શાસ્ત્રો રચ્યાં છે; તેમના નામના છેલ્લા ત્રણ અક્ષર એટલે કે ‘કલંક’ તે સિદ્ધપ્રભુમાં નથી, ને તેમના ‘અકલંક’ નામનો અર્થ સિદ્ધપ્રભુ થાય છે. તેમનો બીજો અક્ષર ક ને ચોથો અક્ષર પણ ક, એમ બંને સરખા છે. તેમના છેલ્લા બે અક્ષર ‘લંક’ તે લંકામાં સમાઈ ગયેલા છે.–આવા અકલંકસ્વામીને ઓળખીને તેમના જેવા થાજો. હવે પછી ઘણું કરીને તમને અકલંકસ્વામીનું નાટક જ ભેટરૂપે મળશે. અકલંકસ્વામીએ જૈનશાસનની ઘણી મહાન પ્રભાવના કરી છે.

પ્રશ્નોના જવાબ મોકલનારા ઘણાખરા સભ્યોના જવાબ સાચા છે. બધા સભ્યોને ઓછામાં ઓછા ૮૦% માર્ક આવે તેમ છે. એટલે બધાય સભ્યો ફર્સ્ટકલાસ પાસ! પરંતુ જે સભ્યોએ જવાબ લખવામાં આળસ કરી છે તેમને પાસ ગણશું કે નપાસ?

જવાબ લખનાર સભ્યોના સભ્ય નંબર અહીં આપ્યા છે–તેમાંથી તમારો નંબર હોય તો શોધી લેશો.

૧૧ ૧૨ ૧૩ ૧૮ ૨૪ ૩૧ ૩૮ ૪૦ ૪૫ ૪૯ ૬૬ ૭૯ ૮૦ ૮૭ ૧૧૫ ૧૧૭ ૧૨૦ ૧૪૩ ૧૫૫ ૧૫૬ ૧૫૭ ૧૫૮ ૧૬૪ ૧૭૧ ૧૭૯ ૧૮૦ ૧૮૫ ૧૯૮ ૨૦૨ ૨૦૫ ૨૧૫ ૨૧૮ ૨૧૯ ૨૪૪ ૨૪૬ ૨૯૭ ૩૦૧ ૩૦૬ ૩૧૮ ૩૧૯ ૩૨૫ ૩૩૩ ૩૩૪ ૩૩૫ ૩૩૬ ૩૪૪ ૩૪૬ ૩૪૯ ૩૫૧ ૩૫૨ ૩૫૭ ૩૫૮ ૩૭૨ ૩૮૫ ૩૯૯ ૪૧૪ ૪૧૫ ૪૧૬ ૪૪૫ ૪૭૦ ૫૬૪ ૫૭૬ ૫૮૦ ૬૧૦ ૬૪૩ ૬૪૪ ૬૪૫ ૬૫૬ ૬૯૮ ૭૨૫ ૭૨૬ ૭૩૬ ૭૪૦ ૭૬૬.

[કેટલાક સભ્યોએ જવાબ સાથે પોતાના સભ્ય નંબર લખેલ નથી, અથવા જવાબ મોડો આવેલ છે, તેથી તેમનો નંબર છાપી શકાયો નથી. હવેથી તો નંબર લખશોને!

∗ **નીચેની નંબરોમાં તમારો નંબર છે?** -જો હોય તો, તમારું પૂરું સરનામું, ઉમર, અભ્યાસ અને જન્મ દિવસ અમને લખી મોકલો; અમારા લીસ્ટમાં તે વિગતો અધૂરી છે ને અમારે તેની જરૂર છે–

૨૦ ૨૬ ૨૭ ૨૮ ૨૯ ૩૦ ૩૬ ૪૫ ૫૭ ૮૬ ૮૭ ૯૩ ૯૪ ૯૫ ૯૬ ૯૮ ૯૯ ૧૦૦.

૧૦૧ ૧૦૨ ૧૦૩ ૧૦૪ ૧૧૨ ૧૧૩ ૧૧૪ ૧૧૫ ૧૨૪ ૧૨૫ ૧૨૮ ૧૩૩ ૧૪૫ ૧૪૮ ૧૫૧ ૧૫૪ ૧૮૨ ૧૮૩ ૧૮૪ ૧૯૬ ૧૯૯ ૨૦૦.

૨૧૯ ૨૨૬ ૨૩૨ ૨૩૩ ૨૩૪ ૨૩૫ ૨૩૬ ૨૩૭ ૨૩૮ ૨૩૯ ૨૪૦ ૨૪૧ ૨૪૨ ૨૪૪ ૨૬૨ ૨૬૩ ૨૬૪ ૨૬૫ ૨૬૬ ૨૬૭ ૨૬૮ ૨૬૯ ૨૭૦ ૨૭૧ ૨૭૨ ૨૭૩ ૨૭૪ ૨૭૫ ૨૮૪ ૨૯૨.

૩૧૧ ૩૧૨ ૩૧૭ ૩૧૮ ૩૧૯ ૩૨૪ ૩૨૮ ૩૩૦ ૩૩૧ ૩૩૨ ૩૩૩ ૩૩૪ ૩૩૫ ૩૩૬ ૩૪૧ ૩૪૩ ૩૪૭ ૩૪૮ ૩૫૧ ૩૫૨ ૩૫૩ ૩૫૪ ૩૫૫ ૩૫૬ ૩૫૭ ૩૬૩ ૩૬૪ ૩૬૭ ૩૬૮ ૩૬૯ ૩૭૧ ૩૯૫ ૩૯૬ ૩૯૭ ૩૯૮ ૩૯૯.

૪૦૩ ૪૦૪ ૪૧૯ ૪૨૧એ ૪૨૧બી ૪૨૩ ૪૨૪ ૪૨૫ ૪૨૬ ૪૨૭ ૪૩૩ ૪૩૪ ૪૩૫ ૪૪૫ ૪૫૦ ૪૫૧ ૪૫૬ ૪૫૭ ૪૫૮ ૪૫૯ ૪૬૦ ૪૬૩ ૪૬૪ ૪૬૫ ૪૬૬ ૪૬૭ ૪૬૮ ૪૬૯ ૪૭૧ ૪૭૨ ૪૭૩ ૪૭૪ ૪૭૬ ૪૭૭ ૪૮૦ ૪૯૦ ૪૯૭ ૪૯૮ ૫૦૦.

૫૦૧ ૫૦૨ ૫૦૩ ૫૦૪ ૫૦૫ ૫૦૬ ૫૧૩ ૫૧૪ ૫૧૭ ૫૧૮ ૫૧૯ ૫૨૦ ૫૩૧ ૫૩૨ ૫૩૪ ૫૩૬ ૫૩૯ ૫૪૦ ૫૫૮ ૫૫૯ ૫૬૫ ૫૬૬ ૫૬૯ ૫૭૨ ૫૭૩ ૫૭૪ ૫૭૫ ૫૭૬ ૫૭૭ ૧૫૮ ૫૮૬ ૫૮૭ ૫૮૮ ૫૮૯ ૫૯૦ ૫૯૧ ૫૯૨ ૫૯૩ ૫૯૪ ૫૯૫ ૫૯૬ ૫૯૭.

૬૦૮ ૬૨૧ ૬૨૨ ૬૩૫ ૬૩૬ ૬૩૭ ૬૩૮ ૬૩૯ ૬૪૦ ૬૪૨ ૬૪૩ ૬૪૪ ૬૪૫ ૬૪૬ ૬૪૭ ૬૪૮ ૬૫૦ ૬૫૫ ૬૫૬ ૬૫૭ ૬૫૮ ૬૫૯ ૬૬૦ ૬૬૧ ૬૬૨ ૬૬૩ ૬૬૫ ૬૬૬ ૬૭૧ ૬૭૨ ૬૭૩ ૬૭૬ ૬૭૭ ૬૭૮ ૬૭૯ ૬૮૧ ૬૮૨ ૬૮૩ ૬૮૪ ૬૮૫ ૬૮૬ ૬૮૭ ૬૮૮ ૬૮૯ ૬૯૦ ૬૯૧ ૬૯૯.

૭૦૨ ૭૦૯ ૭૧૪ ૭૧૭ ૭૧૮ ૭૧૯ ૭૨૦ ૭૨૧ ૭૨૨ ૭૨૩ ૭૨૫ ૭૩૭ ૭૩૯ ૭૪૦ ૭૪૧ ૭૪૨ ૭૪૩ ૭૪૪ ૭૪૫ ૭૪૮ ૭૪૯ ૭૫૦ ૭૫૧ ૭૫૨ ૭૫૩ ૭૫૪ ૭૬૨ ૭૬૩ ૭૬૪ ૭૬૫ ૭૬૬.

## આજીવન-બ્રહ્મચર્યપ્રતિજ્ઞા

પૂ. ગુરુદેવ રાજકોટ પધાર્યા ત્યારે વૈશાખ વદ એકમ ને ગુરુવારના રોજ બે કુમારિકા બહેનોએ આજીવન બ્રહ્મચર્યપ્રતિજ્ઞા અંગીકાર કરી છે. (૧) જયશ્રી બહેન (વેલજી ત્રિકમજી દોશીના સુપુત્રી; ઉ વર્ષ: ૩૧) તથા (૨) ભદ્રાબહેન (શાંતિલાલ રેવાશંકર શાહના સુપુત્રી ઉ. વર્ષ: ૨૯) આ શુભકાર્ય માટે બંને બહેનોને ધન્યવાદ; અને તેઓ સત્સંગની છાયામાં આત્મહિતના પંથે આગળ વધો–એવી શુભેચ્છા.

# અમારા ત્રીજા કોલેજીયન સભ્ય ( નં. ૫૯૮ ) લખે છે-

આ પણ અમારા બાલવિભાગના એક કોલેજીયન સભ્યનું લખાણ છે; તેણે સોનગઢમાં રહીને સારો અભ્યાસ કર્યો છે. હાલ મોરબી કોલેજમાં અભ્યાસ કરતા હોવા છતાં સાથે ધાર્મિક અભ્યાસનો પણ સારો રસ ધરાવે છે. તેમની ડાયરીનું આ લખાણ અલંકારિકભાષામાં હોવા છતાં, બાળકોને ગમે તેવું હોવાથી સુધારા વધારા સાથે અહીં આપ્યું છે:

## અમારું નગર

**બાલવિભાગના આ સભ્ય પોતાની નોંધપોથીમાં બહુ અલ્પ ભવો પછીનું પોતાનું સરનામું લખે છે કે-**

**ચેતનજી અભેદજી અનામી,**

૮મો માળ; સિદ્ધિશિલા શેરી, આનંદમહેલ,

અસંખ્યપ્રદેશાલય.

સિદ્ધનગર.

હા, પણ તમે પત્ર લખો તો તે ટપાલપેટીમાં નાંખશો નહિ, તમે ટપાલમાં નાંખ્યા વગર પણ તમારો સન્દેશ અમને ઘરે બેઠા મળી જશે. અમે કોઈના પત્રનો જવાબ આપતા નથી. જો કે અમે કોઈનું કાંઈ કામ કરી આપતા નથી છતાં કામકાજમાં અમને યાદ કરશો તો તમારું કામ સુગમ થશે ને તમને આનંદ થશે. અમારું તમને ત્યાં આવવા માટે ભાવભીનું આમંત્રણ છે. જો કે અમારા દેશમાં તમારો સત્કાર કોઈ નહિ કરે, તો પણ તમને અમારા દેશમાં બહુ જઆનંદ આવશે. અમારો દેશ માત્ર ૪૫ લાખ યોજન વિસ્તારવાળો છે, પરંતુ અમારી વસ્તી અનંતી છે. અમારા દેશમાં કોઈ દુઃખી નથી. અમે અમારા દેશમાં જઈએ છીએ, તમે વેલા વેલા આવજો.

તમે ઓળખ્યો અમારા દેશને ?

**એનું નામ છે સિદ્ધનગર !**

( એ સિદ્ધનગરીમાં જવાનો માર્ગ શું છે ? અને તે સિદ્ધનગરીનો વૈભવ કેવો અચિંત્ય છે ! તેનું વર્ણન કોઈવાર કરીશું. )

આ ઉપરાંત બીજા પણ અનેક કોલેજીયન બંધુઓ આપણા બાલવિભાગના સભ્ય છે, ને કોલેજના અભ્યાસ કરતાંય વધુ ઉત્સાહથી ધર્મમાં રસ લઈને આપણા બાલવિભાગને શોભાવી રહ્યા છે.....તેમના તરફથી પણ લેખો આવતાં તે પ્રગટ કરીશું. ( સં. )

# કારણ-અનુસાર કાર્ય

ભગવાન શ્રી સીમંધરપ્રભુના સમવસરણમાં કુંદકુંદાચાર્ય દેવ અહીંથી ગયા હતા–તે વાત અનેક પ્રમાણથી સાક્ષાત્ સિદ્ધ થયેલી છે. તેમણે વિદેહમાં આઠ દિવસ તીર્થંકર પરમાત્માની દિવ્યવાણી સાક્ષાત્ સાંભળી તેમજ પોતે શુદ્ધાત્માનો સાક્ષાત્કાર કરીને સ્વાનુભવ કર્યો, તે વાત તેમણે આ નિયમસાર વગેરે પરમાગમોમાં દર્શાવી છે.

આ આત્મા સર્વ પરભાવોથી રહિત છે, ને જેવા સિદ્ધભગવાન છે તેવો જ આ આત્મા છે. સિદ્ધભગવાનને જેવા ગુણ વ્યક્ત થયા છે. તેવા ગુણોનું સામર્થ્ય દરેક આત્મામાં છે. સિદ્ધપદ પ્રગટવાના કારણરૂપ સ્વભાવ દરેક આત્મામાં સદા ત્રિકાળ પરિપૂર્ણ છે. આવા કારણ–સ્વભાવને લક્ષગત કરતાં સમ્યગ્દર્શનાદિ કાર્ય પ્રગટી જાય છે–શુદ્ધકારણને અનુસરતાં શુદ્ધ કાર્ય ખીલી જાય છે.

જેને પોતાના આવા કારણસ્વભાવની ખબર નથી તેને પણ શક્તિરૂપે તો જોકે એ સ્વભાવ સિદ્ધ જેવો વિદ્યમાન જ છે, પણ તેને નિર્મળ કાર્ય પર્યાયમાં પ્રગટતું નથી, એટલે તેને પર્યાયમાં મલિનતા–અશુદ્ધતા વિકાર છે. તેના આશ્રયની બુદ્ધિ છોડાવવા આચાર્યદેવ સમજાવે છે કે હે ભાઈ, જેવા સિદ્ધિગત જીવો છે તેવો જ તું છો. સિદ્ધના આત્મામાં જેટલો વૈભવ છે, તારામાં પણ તેટલો જ વૈભવ છે, સિદ્ધ જેવો જ તું છો–એમ લક્ષગત કરીને તારા સ્વભાવનો તું આશ્રય કર તો પર્યાયમાંથી તારી અશુદ્ધતા ટળી જશે ને સમ્યગ્દર્શનાદિ શુદ્ધતા પ્રગટ થશે. કારણ–અનુસાર કાર્ય થાય છે; જેવા કારણને જીવ અનુસરે તેવું કાર્ય થાય છે. પોતાના શુદ્ધસ્વભાવને કારણપણે અનુસરતાં પર્યાયમાં તેવું શુદ્ધ કાર્ય પ્રગટી જાય છે. (પ્રવચન વૈ. સુદ બીજ)

અહા, વીરનાથની દિવ્યધ્વનિના પ્રવાહનો અંશ षट्खंडागम્રૂપે સંઘરાયેલો તે જ્યારે છપાઈને પહેલવહેલો પ્રસિદ્ધ થયો ને હજારો ભક્તોના હાથમાં આવ્યો ત્યારે એ શ્રુતભક્તોને પોતાના હાથમાં જિનવાણી નીહાળીને કેવો અપાર હર્ષ થયો હશે! જેના દર્શન પણ દુર્લભ–એ વસ્તુ કરકમળમાં આવી ગઈ....ધનભાગ્ય!

# વીરપ્રભુના વંશજ

નંદીસંઘની પ્રાકૃત–પટ્ટાવલી અનુસાર વીરપ્રભુની ૨૯મી પેઢીએ અર્હત્‌બલી મુનિરાજ થયા; ૩૦મી પેઢીએ માઘનન્દી મુનિરાજ થયા. માઘનન્દીસ્વામીના બે શિષ્ય– ( ૧ ) જિનસેનસ્વામી ( ૨ ) ધરસેનસ્વામી.

જિનસેનસ્વામીના શિષ્ય શ્રી કુન્દકુન્દાચાર્ય.

ધરસેનસ્વામીના શિષ્ય પુષ્પદંત–ભૂતબલિ ( વિદ્યા અપેક્ષાએ )

આ હિસાબે ધરસેનસ્વામી વર્ધમાનતીર્થંકરની ૩૧મી પેઢીએ થયા, અને કુંદકુંદસ્વામી તેમજ પુષ્પદન્ત–ભૂતબલિ આચાર્યો ૩૨ મી પેઢીએ થયા. એટલે ધરસેનસ્વામી તે કુન્દકુન્દાચાર્યના કાકા–ગુરુ થાય. કુંદકુંદસ્વામી તથા પુષ્પદંત–ભૂતબલીસ્વામી તેઓ બીજી પેઢીએ ) ગુરુ–ભાઈ થાય.

षट्‌खंडागम સિદ્ધાંત ઉપર જે અનેક ટીકાઓ રચાયેલી છે તેમાં સૌથી પહેલી ટીકા परिकर्म છે, અને તે ‘પરિકર્મ’ ની રચના કૌણ્ડકૌણ્ડપુરમાં પદ્મનંદીમુનિએ કરી હતી. षट्‌खंडागम ના છ ખંડમાંથી પ્રથમ ત્રણ ખંડો ઉપર પરિકર્મ નામક બારહજાર શ્લોકપ્રમાણ ટીકાગ્રંથ તેમણે રચ્યો હતો. ધવલ–જયધવલ ટીકામાં વીરસેનસ્વામીએ પોતાના કથનની પુષ્ટિ માટે કેટલાય ઠેકાણે ‘પરિકર્મ’ ના કથનનો ઉલ્લેખ કર્યો છે.

ધવલ–મહાધવલ ને જયધવલની મુડબિદ્રિની તાડપત્રીય પ્રતો ઉપરથી તેની પ્રતિલિપિ ( નકલ ) કરવાનું ભગીરથ કાર્ય ૨૬ વર્ષ ( ઈ. સ. ૧૮૯૬ થી ૧૯૨૨ ) સુધી ચાલ્યું. એટલા સમયમાં સાત પંડિતોદ્વારા કાનડી તથા નાગરી પ્રતિલિપિ લખાણી ને આ કાર્યમાં લગભગ વીસહજાર રૂા. ખર્ચ થયું. ( પચાસવર્ષ પહેલાંના જમાનામાં વીસહજાર એટલે અત્યારના બે લાખથી વધુ ) षट्‌खंडागम ( ધવલટીકાસહિત ) ના સંપાદન–પ્રકાશન કાર્યને ૨૦ વર્ષ લાગ્યા હતા. ( ઈ. સ. ૧૯૩૮ થી ૧૯૫૮ )




# દેશભરમાં મહાવીરજયન્તીની ધામધૂમ

આપણા શાસનનાયક ભગવાન્ મહાવીરપ્રભુના મોક્ષગમનને આઠ વર્ષ બાદ અઢી હજાર વર્ષ પૂર્ણ થશે...એ ઉત્સવ કોઈ અનેરો હશે.....અને જૈન શાસનની ઉન્નતિ તથા પ્રભાવનાનો કોઈ મહત્‌કાળ આવી રહ્યો હોવાનાં ચિહ્નો જણાય છે. મહાવીરપ્રભુની જન્મજયંતિ દેશભરના મુખ્ય કેન્દ્રોમાં ઘણા ઉલ્લાસથી ઉજવાય છે જેમાં જનસમૂહ ઘણી મોટી સંખ્યામાં ભાગ લ્યે છે. આ પ્રસંગે દિલ્હીમાં રામલીલા મેદાનમાં પચાસ હજારની મેદનીએ મહાવીરજીવનનું શ્રવણ કર્યું; તથા માનનીય રાષ્ટ્રપતિ ઉપરાષ્ટ્રપતિ, વડાપ્રધાન વગેરે રાષ્ટ્રનેતાઓનાં સન્દેશ આવ્યા હતા. વૈશાલી ( બિહાર ) કે જે વીરપ્રભુની સાચી જન્મભૂમિ છે ત્યાં ખાસ વિશેષતાપૂર્વક દરવર્ષે મહાવીર જયન્તી ઉજવાય છે. ઉત્સવ પ્રસંગે લગભગ બે લાખ ( ૨, ૦૦, ૦૦૦ ) ની સંખ્યામાં જૈન–જૈનેતર જનતા ઉપસ્થિત હતી. જન્મસ્થાનની આસપાસની ભૂમિનો પણ ત્યાંના લોકોમાં એટલો મહિમા છે, કે અહિંસાધર્મના પ્રણેતા જ્યાં જન્મ્યા તે ભૂમિને અહિંસક રાખવા માટે ત્યાંના ખેતરમાં લોકો સેંકડો વર્ષોથી હળ પણ જોડતા નથી. આ ભૂમિમાં જૈનવિદ્યાપીઠ ચાલે છે–જેનું શિલાન્યાસ ભારતના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રાજેન્દ્રપ્રસાદજીએ કર્યું હતું. બિહારના મુખ્ય મંત્રી પણ મહાવીરજયંતિ ઉત્સવમાં સંમિલિત હતા. હજારીબાગમાં વીરજયંતીની સભામાં વીસ હજાર જેટલી ઉપસ્થિતિ હતી. આગ્રામાં મહાવીરજયંતીનો સંદેશ સાંભળવા લગભગ પચાસ હજારની સંખ્યામાં જનતા એકઠી થઈ હતી. મુંબઈમાં વીર જન્મજયંતી ઉજવવા સમસ્ત જૈનોની સંયુક્ત સભા આઝાદ મેદાનમાં થઈ હતી; તથા સાંજે ચોપાટી ઉપર ઘણી મોટી જાહેરસભા થઈ હતી. આ ઉપરાંત કલકત્તા–ઈન્દોર–ભોપાલ વગેરે સ્થળોએ પણ ખુબ ઉત્સાહથી વીરજન્મોત્સવ ઉજવાયો હતો. આ રીતે વીરજયંતીનું મંગલપર્વ આખા દેશને જાગૃત કરે છે. સૌરાષ્ટમાં પણ ઠેરઠેર વીરજયંતી જોકે ઉત્સાહથી ઊજવાય છે પરંતુ હજી ખાસ વિશેષ પ્રકારના આયોજનની તથા જાગૃતીની જરૂર છે.

**સોનગઢમાં** ગતમાસમાં દિ. મુનિ શ્રી સીમંધર મહારાજ તથા સુબાહુમહારાજ આવ્યા હતા, અને સોનગઢના અધ્યાત્મવાતાવરણથી પ્રસન્તા વ્યક્ત કરી હતી. બે દિવસ દરમિયાન શ્રી કાનજીસ્વામી સાથે અનેકવિધ તાત્ત્વિકચર્ચા પ્રસન્નતાના વાતાવરણમાં થઈ હતી.

**જયપુરઃ-** ( ખાનિયાજી ) માં જિનમંદિરની પ્રતિષ્ઠાનો મોટો પંચકલ્યાણક મહોત્સવ ગત માસમાં થયો–જેમાં આસપાસના હજારો લોકોની ઉપસ્થિતિ હતી. પંચ કલ્યાણકના દ્રશ્યોમાં ૮૦, ૦૦૦ જેટલા માણસોની વિરાટ સભા થતી. જયપુરથી ચાર કિલોમીટર દૂર ખાનિયામાં આવેલા ૭૦૦ ફુટ ઊંચી એક પહાડી પાર્શ્વનાથ ચૂલગિરિ’ તરીકે ઓળખાય છે. તેના પર ૨૪ તીર્થંકરોના ચરણકમલની ૨૪ દોરી તથા ચાર ગણધરોના ચરણપાદૂકાની ૪ દેરી છે. પ્રતિષ્ઠા મહોત્સવનો મંડપ ૧ લાખ ૨૦ હજાર ચોરસફૂટ ( એટલે સોનગઢના પ્રવચનમંડપ કરતાં લગભગ ૨૫ ગણો, ને સ્વાધ્યાય મંદિર કરતાં ૧૦૦ ગણો વિશાળ હતો. પ્રતિષ્ઠાની વેદી ૭૦+૭૦ ફુટ ( એટલે પ્રવચન મંડપ જેવડી ) હતી; યાત્રિકો માટે અઢી હજાર જેટલા તંબુઓ હતા. મંદિરમાં મૂળનાયક પાર્શ્વનાથપ્રભુની પ્રતિમા ૭ ફુટ ઊંચી છે. અને પહાડી ઉપર બાહુબલીસ્વામીની ૩૫ ફુટ જેવડી વિશાળ ભવ્ય પ્રતિમા સ્થાપવાની યોજના પણ વિચારાધીન છે. પર્વત ઉપર જવા માટે ૮૦૦ પગથિયા છે. સૌધર્મેન્દ્રની બોલીના ત્રીસ હજાર ને રથના સારથીના બોલીના ૧૧૦૦૦ થયા હતા. જયપુરમાં અને જયપુરની આસપાસમાં જૈનોની ખૂબ વસ્તી છે. ઠેરઠેર જૈનોની વસ્તી જોતાં ભારતમાં જૈનોની કૂલ વસ્તી એક કરોડ ઉપરાન્ત હોવાનો અંદાજ છે.

કેશરીયાજીઃ– રાજસ્થાનમાં આવેલું કેશરિયાજીનું પ્રાચીન ઋષભદેવ–મન્દિર પ્રસિદ્ધ છે. આ મંદિરમાં ભગવાન ઋષભદેવના પ્રતિમાજી ( ૧૬ સ્વપ્ન સહિત ) બિરાજી રહ્યા છે. હાલમાં, આ મંદિર એ જૈનમંદિર છે ને હિન્દુમન્દિર નથીએવો મહત્વનો ચુકાદો જોધપુર હાઈકોર્ટના ન્યાયાધીશે આપ્યો છે અને આ જૈનમંદિરની વ્યવસ્થા જૈનોદ્વારા જ થાય એમ ઠરાવ્યું છે. હવે જૈનસમાજની તરફેણમાં આવેલા આ ચુકાદાને શોભાવવા માટે સમસ્ત જૈનો પ્રેમપૂર્વક હળી–મળીને પ્રભુ ઋષભદેવના દર્શન–ભક્તિનો લાભ લ્યે એમ આપણે ઈચ્છીએ....અને શ્વેતાંબર–દિગંબર બંને સમાજ વચ્ચે ‘તાશ્કંદકરાર’ કરતાંય ખૂબ ઉચ્ચ કોટિના એવા કોઈ ‘કેશરીયાજી કરાર’ થાય ને બંને પક્ષ નિશ્ચિન્તપણે ભગવાન આદિનાથની આરાધના કરે....એમ ભાવના ભાવીએ છીએ.

**ગુનાઃ-** ( મધ્ય–પ્રદેશ ) માં તા. ૭જાુનથી તા ૨૧મીજાુન સુધી અનેક વિદ્વાનોના સાન્નિધ્યમાં “જૈનધર્મ શિક્ષણવર્ગ” નું આયોજન ‘મધ્યપ્રદેશીય’ દિ. જૈન મુમુક્ષુ મંડળ’ દ્વારા કરવામાં આવ્યું છે. શિક્ષણવર્ગમાં ભાગ લેવાના ઈચ્છુક જિજ્ઞાસુ ભાઈઓએ દશ દિવસ અગાઉ નીચેના સરનામે સૂચના મોકલવીઃ–

डालचन्दजैन सराफ, सराफ बाजार, चौक; भौपाल [ म. प्र ]

**દક્ષિણદેશમાંઃ-** કુંદકુંદપ્રભુના સમાધિધામ કુન્દાદ્રિની નજીક આવેલ હુમચ નગરમાં તા. ૧૪–૧૫ માર્ચના રોજ સંસ્કૃતિ સંમેલન હતું, તે પ્રસંગે ત્યાં “કુંદકુંદ–બ્રહ્મચર્યાશ્રમ” નું ઉદ્ઘાટન થયું હતું.

**જયપુરઃ-** જયપુરશહેર જૈનોનું પ્રાચીન ગૌરવભર્યું સ્થાન છે.....ભારતની આ શુસોભિત નગરી અનેક જિનાલયોવડે વધુ સુશોભિત બની છે. અહીંના અનેક વિદ્વાનોએ જૈનશાસનને શોભાવ્યું છે ને ધાર્મિકસાહિત્યમાં ખૂબ મહત્વનો ફાળો આપ્યો છે. મહાવીરજયંતિ વગેરે ઉત્સવો ધામધૂમથી ઉજવાય છે. આ વર્ષે પૂ. ગુરુદેવની જન્મજયંતિ પણ ઉત્સાહથી ઉજવાઈ હતી જયપુર હવે ફરીને વિશેષ જાગૃત થતું જાય છે....પૂરણચંદજી ગોદિકા વગેરેના ઉત્સાહથી અહીંનું મુમુક્ષુ મંડળ પણ સારી પ્રગતિ સાધી રહ્યું છે; જયપુરના નિડર અને મધ્યસ્થ વિદ્વાન પં. શ્રી ચૈનસુખદાસજી પણ મહત્વનો સહકાર આપી રહ્યા છે. પં. ટોડરમલ્લજી સ્મારકભવનના ઉદ્ઘાટન પ્રસંગે પૂ. કાનજીસ્વામી જયપુર પધારે તેનો લાભ લેવા જયપુરસમાજના હજારો જિજ્ઞાસુઓ ઈન્તેજારીપૂર્વક રાહ જોઈ રહ્યા છે. (સ્મારકભવનનું ઉદ્ઘાટન આગામી વર્ષે ફાગણ લગભગમાં થવાનો સંભવ છે.)

- जय जिनेन्द्र

## રાજકોટમાં પંદર દિવસ

સોનગઢમાં જન્મોત્સવ ઉજવીને તરત (વૈશાખ સુદ ચોથે) પૂ. ગુરુદેવ રાજકોટ પધાર્યા હતા ને ત્યાં પંદર દિવસ રહ્યા હતા. પૂ. ગુરુદેવ પધારતાં રાજકોટના સંઘે ઉત્સાહપૂર્વક સ્વાગત કર્યું હતું. તથા સમવસરણ અને માનસ્તંભની પ્રતિષ્ઠાનો પ્રથમ વાર્ષિક મહોત્સવ ઉજવાયો હતો, તે દિવસે જિનેન્દ્રદેવની ભવ્ય રથયાત્રા નીકળી હતી, પંદર દિવસ દરમિયાન શ્રી સમયસારની ગાથા ૬–૭ ૧૧ તથા ૧૫ ઉપર અને કળશટીકા નિર્જરા અધિકાર ઉપર અધ્યાત્મરસભીનાં પ્રવચનો થયા હતા. રાત્રે તત્ત્વચર્ચામાં પણ જિજ્ઞાસુઓ ખૂબ રસ લેતા હતા.

રાજકોટ પંદર દિવસ રહીને પૂ. ગુરુદેવ વૈશાખ વદ પાંચમે સોનગઢ પધાર્યા; સવારના પ્રવચનમાં ઈષ્ટોપદેશ તથા બપોરના પ્રવચનમાં નિયમસાર વંચાય છે. વિદ્યાર્થીઓનો શિક્ષણવર્ગ પણ ચાલી રહ્યો છે.

સોનગઢમાં વૈશાખ વદ છઠ્ઠે સમવસરણની પ્રતિષ્ઠાનો વાર્ષિકદિવસ તથા વદ આઠમે સ્વાધ્યાયમંદિરમાં સમયસાર–પ્રતિષ્ઠાનો વાર્ષિક દિવસ ઉજવાયો હતો.




* જામનગરના શ્રી નવલચંદ છગનલાલના માતુશ્રી લક્ષ્મીબેન જામનગરમાં વૈશાખ સુદ બીજની રાત્રે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ અવારનવાર સોનગઢ રહીને જિજ્ઞાસાપૂર્વક સત્સંગનો લાભ લેતા હતા. સત્સંગની ભાવનામાં આગળ વધીને તેઓ આત્મહિત પામે એ જ ભાવના.

* વાંકાનેરમાં પ્રભુદાસ લાલચંદ શેઠ ગત વૈશાખ સુદ બીજની રાત્રે લગભગ ૬૦ વર્ષની વયે સ્વર્ગવાસ પામી ગયા. વાંકાનેર મુમુક્ષુ મંડળમાં તેઓ એક ઉત્સાહી કાર્યકર હતા; અને ત્યાંના જિનમંદિર વગેરે સંબંધી કામકાજમાં તેઓએ ખૂબ હોંશથી ભાગ લીધો. વૈશાખ સુદ બીજના વાત્સલ્ય જમણમાં પણ તેઓ હાજર રહ્યા હતા, ને તે દિવસે મધરાતે તેઓ સ્વર્ગવાસ પામી ગયા. દર વર્ષે શિક્ષણવર્ગ વગેરે પ્રસંગે સોનગઢ આવીને પણ તેઓ અવારનવાર લાભ લેતા. દેવ–ગુરુ–ધર્મની ભક્તિમાં આગળ વધીને તેઓ આત્મહિત સાધે એમ ઈચ્છીએ છીએ.

* વૈશાખ સુદ ૯ના રોજ હિંમતનગરના મણિલાલ ભાઈચંદના સુપુત્ર રમણિકલાલ માત્ર ૩૦ વર્ષની યુવાનવયમાં સ્વર્ગવાસ પામી ગયા. આથી તેમના કુટુંબમાં વૈરાગ્યનું વાતાવરણ ફેલાઇ ગયું છે. વીતરાગી દેવ–ગુરુ–ધર્મની છાયામાં તે આત્મહિત પામે એમ ઇચ્છીએ છીએ.

* દેહગામમાં ચંદનબેન (કેશવલાલ ગુલાબચંદના ધર્મપત્ની) વૈશાખ સુદ ૧૧ના રોજ સ્વર્ગવાસ પામી ગયા. છેલ્લા અનેક વર્ષોથી સોનગઢમાં રહીને તેઓ સત્સંગનો લાભ લેતા હતા. કેટલાક વખતથી કેન્સરની ગંભીર બિમારી થવા છતાં પણ સત્સમાગમની છાયામાં સોનગઢમાં જ રહેવાની તેમને ઘણી ભાવના હતી. દેહગામમાં પણ તેઓ છેલ્લે સુધી સત્સમાગમનું બહુમાન કરીને તેની ભાવના ભાવતા હતા, ને ટેપ રેકોર્ડિંગદ્વારા ગુરુદેવના પ્રવચનોનું શ્રવણ કરતા હતા. દેહગામ–જિનમંદિરમાં તેમના કુટુમ્બનો મહત્વનો ફાળો હતો, ને પોતાના આખા પરિવારમાં ઘણી તમન્નાથી તેમણે ધર્મના સંસ્કાર રેડયા હતા. પૂ. બેનશ્રીબેનના વાંચન વગેરેમાં પણ તેઓ ઘણો ઉત્સાહ બતાવતા; સત્સંગે મેળવેલા સંસ્કારમાં આગળ વધી તેઓ આત્મહિત સાધે–એમ ઈચ્છીએ છીએ.


* સુરતમાં ભાઈશ્રી ફાવાભાઈ (ધીરજલાલ હરજીવન) વૈશાખ વદ આઠમના રોજ પક્ષઘાતના હૂમલાથી સ્વર્ગવાસ પામ્યા; ઘણાં વર્ષોથી તેઓ પૂ. ગુરુદેવના પરિચયમાં હતા. અને હાલમાં તેઓ લગભગ સોનગઢમાં રહીને સત્સંગનો લાભ લેતા હતા. સોનગઢમાં વૈશાખ સુદ બીજના ઉત્સવ વખતે તેમણે ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો. (આ અંકમાં પ્રસિદ્ધ થયેલ એક દ્રશ્યમાં મંગલમંડપમાં ગુરુદેવની ચરણછાયામાં ફાવાભાઈ બેસેલા જોઈ શકાય છે.) પોતાના હાથે કોઈ શુભકાર્ય કરવું એવી ભાવનાથી "શ્રાવકધર્મપ્રકાશ" પુસ્તક છપાવીને આત્મધર્મના ગ્રાહકોને ભેટ આપવામાટે તેમણે રૂા. પાંચહજારની રકમ કાઢી હતી; ને તે પુસ્તક છપાવાનો પ્રારંભ પણ થઈ ગયો હતો. પરંતુ સુરતમાં પક્ષઘાતના હુમલાથી અચાનક તેમનો સ્વર્ગવાસ થઈ ગયો. આવા ક્ષણભંગુર સંસારમાં સત્સંગ વડે તેઓ આત્મહિત સાધે–એ જ ભાવના.

# “પૂર્વજન્મ સંસ્કાર તે......જીવ નિત્યતા ત્યાંય”



વૈશાખ સુદ બીજના પ્રવચન પછી પૂ. ગુરુદેવ “રાજુલ” નો પરિચય આપી રહ્યા છેઃ ચિત્રમાં પાંચ વર્ષની રાજુલ, પૂ. ગુરુદેવ અને પૂ. બેનશ્રીબેનની વચ્ચે ઊભેલી નજરે પડે છે. ગુરુદેવ કહે છે કે આ રાજુલને અઢી વર્ષની ઉમરે પોતાના પૂર્વજન્મનું જ્ઞાન થયું છે કે પૂર્વ ભવે હું જુનાગઢમાં ગીતા હતી. પોતાના પૂર્વભવના ( ગીતાના ) માતા–પિતા અત્યારે જુનાગઢમાં છે તેમને આ રાજુલે ઓળખી કાઢયા. વગેરે હકીકતો પછી કહ્યું કે આ રાજુલને તો આ જ ક્ષેત્ર સાથેનો સંબંધ એટલે તેના પૂરાવા બતાવી શકાય, પરંતુ બેનને તો આત્માના જ્ઞાન સહિત વિદેહક્ષેત્ર વગેરેના અનેક ભવનું જ્ઞાન છે, પણ તે અહીંના જીવોને કઈ રીતે બતાવી શકાય ? એ તો અંતરના પૂરાવાથી સિદ્ધ થઈ ગયેલી વાત છે. ( વિગેરે ઘણી ઘણી વાત ગુરુદેવે પ્રમોદથી કરી હતી. )

# હૈયામાં જ્યારે મુનિજીવનની મધુરી ઉર્મીઓ જાગે છે-



[ વૈશાખ સુદ બીજ–પ્રવચન પછીનું દ્રશ્ય ]

વન–જંગલના નિર્જરા વાતાવરણમાં એકલા વિચરતી વખતે ગુરુદેવને અવારનવાર મુનિવરોનાં દર્શનના કોડ જાગે છે....અહા, કોઈ દિગંબર સંતમુનિ અચાનક આકાશમાંથી ઊતરીને દર્શન આપે તો કેવું સારૂં? એમના મુખથી છૂટતી અધ્યાત્મની ધારા સાંભળીએ, ને એમના ચરણને ભક્તિથી સેવીએ, અહા, વિદેહમાં તો ઘણા મુનિઓ છે....વિદેહના કોઈ મુનિરાજ આકાશમાર્ગે પધારીને દર્શન આપો.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ– અનંતરાય હરિલાલ શેઠઃ આનંદ પ્રિન્ટીંગ પ્રેસઃ ભાવનગર.